
હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

# હબસીઓનો પનોતો પુત્ર

## જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર




જેણે જીવી જાણ્યું
વનસ્પતિશાસ્ત્રનો ચાહક
પ્રથમ હબસી વિજ્ઞાની
વનસ્પતિનો ડોક્ટર
જેના સ્પર્શે જીવન મહોર્યું
મા ધરતીનો લાડકવાયો
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ
એનું જીવન જ એનો સંદેશ

મુકુલ કલાર્થી

## નિ:સ્પૃહી કાર્વર

અમેરિકાના ત્રણ ત્રણ પ્રમુખોની નિકટતમ મિત્રતા સંપાદન કરનાર, સ્વીડનના પાટવી રાજકુમારને ખેતીવિષયક પદ્ધતિઓનું જ્ઞાન વિતરણ કરનાર, ગાંધીજી સાથે તેમના ભૂખે મરતા ભારતીય બાંધવો માટે ખોરાકની સાચવણી અંગેના વિચારો પ્રદાન કરતો પત્રવ્યવહાર કરનાર અને સમકાલીન ધનાઢ્ય હેન્રિ ફોર્ડ સાથેનું અન્યોન્યનું મિલન માણનાર હબસી મહામાનવ જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર પોતે માત્ર નિષ્કંચન જ ન હતો, પરંતુ એ ધન પ્રત્યે તદ્દન નિઃસ્પૃહી પણ હતો. હેન્રિ ફોર્ડે બાંધેલા આલીશાન મહેલનો અસ્વીકાર કરી ગુલામ માતાની સ્મૃતિ તાજી રાખવા લાકડાંની કૅબિનમાં જ રહેવાનું એણે પસંદ કર્યું હતું. વૈજ્ઞાનિક જાણકારીની એની કુદરતી બક્ષિસને ધંધાદારીઓએ પૈસામાં મૂલવવાનો પ્રયાસ કરતાં એણે એ રકમ પાછી વાળી. જેણે જેણે જિજ્ઞાસા વ્યક્ત કરી તેને તેને તેણે વિના મૂલ્યે પોતાના જ્ઞાનનું વિતરણ કર્યું.



જન્મ ઈ. સ. ૧૮૬૪ જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર દેહાંત: ઈ. સ. ૧૯૪૩
(ટસ્કેજી, આલ્બામા)

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

# હબસીઓનો પનોતો પુત્ર

## જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર

- જેણે જીવી જાણ્યું
- વનસ્પતિશાસ્ત્રનો ચાહક
- પ્રથમ હબસી વિજ્ઞાની
- વનસ્પતિનો ડૉક્ટર
- જેના સ્પર્શે જીવન સોહ્યું
- આ ધરતીનો લાડકવાયો
- સૃષ્ટિ-બાગનું અમૂલ ફૂલ
- એનું જીવન જ એનો સંદેશ

મુકુલ કલાર્થી

• **પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ ૩૮૭ ૦૦૧**

• © લેખકને આધીન

• **પ્રથમ આવૃત્તિ : ૧૯૮૧**

• પ્રત : ૫૦૦૦

• કિંમત : રૂ. ૫–૦૦

• પ્રાપ્તિસ્થાન

(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭ ૦૦૧

(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત–૩૯૫ ૦૦૫

• **મુદ્રક :**

શ્રી પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી

પ્રણવ પ્રિન્ટર્સ

૧૧/અ વિજય કૉલોની

ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

# સમર્પણાંજલિ

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરના
ભારતીય ભાંડુઓની
સેવા કાજે
જેમણે પોતાનું સમગ્ર જીવન
ધરી દીધું છે
એવા
મજૂર મહાજન સંઘના પ્રમુખ
**શ્રી અરવિંદભાઈ બૂચને**
સસ્નેહ સમર્પણ

હરિઃ ૐ આશ્રમ
સુરત–નડિયાદ
પ્રજાસત્તાક દિન
૨૬–૧–’૮૧

—નંદુભાઈ
મૅનેજિંગ ટ્રસ્ટી

# પ્રકાશકનું નિવેદન

દર વર્ષની માફક ૧૯૭૮ના જુલાઈમાં દક્ષિણ ભારતમાં ગુરુ-પૂર્ણિમા નિમિત્તે જવાનું થયું. ટ્રેનના પ્રવાસ દરમિયાનની વાચન-સામગ્રી તરીકે શ્રીમતી મૃદુલાબહેન મહેતા લિખિત 'દેવદૂત' નામનું પુસ્તક વાંચવા લીધું હતું. પ્રસ્તુત પુસ્તકમાં અબ્રાહમ લિંકન(અમેરિકાના પ્રમુખ)ના જમાનામાં અમેરિકામાં વસતા લાખો હબસીઓ માટે ગુલામીમુક્તિ ધારો ઘડાયો ત્યારે બાળપણના પ્રાંગણમાં પગલી પાડનાર એક હબસી ગુલામ બાળક પાસેથી માતાની ગોદ ઝૂંટવાઈ ગયા પછી માતૃવિહોણો બનેલો એ બાળક કેવો સંઘર્ષ વેઠી અમેરિકાના મહાન વૈજ્ઞાનિકોમાં પોતાનું સ્થાન પામ્યો એની જીવન-કથા હતી. એ મહાન વૈજ્ઞાનિકનું નામ જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર. 'દેવદૂત' જેવા શીર્ષકથી ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે કે એ કોઈ મહાન વૈજ્ઞાનિકનું જીવનચરિત્ર છે. અલબત્ત એનું જીવન દેવપુરુષ જેવું, ઋષિ જેવું હતું તે નિ:શંક છે. આ પુસ્તક મારે માટે ખૂબ હૃદયસ્પર્શી નીવડ્યું એટલે એની સારી એવી સંખ્યામાં વણવેચાયેલી પ્રતો ખરીદી લીધી અને હરિઃ ૐ આશ્રમ સાથે સંકળાયેલાં સ્વજનોને ભેટ આપવાના મારા વ્યાસંગ માટે એનો ઉપયોગ કર્યો. એટલું જ નહિ પણ 'જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર' નામે જ એની નવી આવૃત્તિ છપાવવાની લેખિકા પાસે મંજૂરી માગી. તેમણે સહર્ષ આપી. હરિઃ ૐ આશ્રમ પ્રકાશન તરીકે એને છપાવવાની તૈયારી કરી, ત્યારથી જ કિશોર-કિશોરીઓની ભાષામાં, શૈલીમાં એની રજૂઆત થાય તો નવી પેઢીને એનું વાચન ખૂબ પ્રેરણાદાયક બની રહે એવો વિચાર મનમાં ઘોળાવા માંડ્યો. એ બીજી આવૃત્તિ તો છપાઈ પણ ગઈ અને એની જૂજ પ્રતો જ હવે બાકી છે.

કિશોર-કિશોરીઓ માટેની શૈલીના સિદ્ધહસ્ત લેખક શ્રી મુકુલભાઈને વાત કરતાં એમણે એ સૂચન ખૂબ આનંદપૂર્વક સ્વીકાર્યું. તેમના અમે ખૂબ ખૂબ આભારી છીએ. અને હરિઃ ૐ આશ્રમ પ્રકાશન તરીકે તેની પાંચ હજાર પ્રતો છપાવી હવે સમાજ સમક્ષ મુકાય છે ત્યારે એક બાબત તરફ લક્ષ ખેંચું છું. અમેરિકાની ગુલામીમુક્તિ સમયના કાળમાં હબસીઓની જે સ્થિતિ હતી તેવી જ આપણી આઝાદી બાદ દીન, દલિત અને પીડિત પ્રજા, આદિવાસી પ્રજા તથા હરિજન જ્ઞાતિની હતી. બે વચ્ચે ઘણું સામ્ય છે. એટલે આ જીવનચરિત્ર એવી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓમાં એમની શક્તિ માટે આત્મવિશ્વાસ પ્રેરવાની પ્રેરણા પૂરી પાડશે તો અમારો આ પ્રયાસ સફળ થશે એમ માનીએ છીએ.

પ્રણવ પ્રિન્ટર્સવાળા શ્રી પ્રવીણભાઈ ગામીએ આ પુસ્તક ખૂબ ત્વરાથી છાપી આપ્યું તેથી અને લાઇટ પબ્લિકેશન્સ પ્રા. લિ.એ આવરણ છાપી આપ્યું તે બદલ તેમનો તથા તેમના કર્મચારી ગણનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ પુસ્તક પછાત વિસ્તારનાં ગામોનાં બાળકોના હાથમાં જાય એવા તમામ પ્રયાસ આવકારપાત્ર નીવડશે અને તો જ એના પ્રકાશનનો પણ હેતુ સધાશે એવી નમ્ર શ્રદ્ધા સાથે વિરમું છું.

પ્રજાસત્તાક દિન
તા. ૨૬-૧-૮૧
હરિઃ ૐ આશ્રમ,
નડિયાદ

નંદુભાઈ શાહ
મૅનેજિંગ ટ્રસ્ટી

# લેખકનું નિવેદન

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરનું જીવન એટલે પ્રેરણાનું ઝરણું. એ વાંચતાં જીવનમાં પ્રાણ પુરાય છે. કાર્વર સંજીવની સમા હતા. કરમાતી વનસ્પતિને એમનો હેતાળ સ્પર્શ થતાં જ તે પાંગરી ઊઠતી. એ જ પ્રમાણે કાર્વરના જીવનપ્રસંગો આપણા જીવનમાં તાજગી લાવ્યા વિના રહેતા નથી.

ગુલામી દશામાં અનાથ જેવા બાળકને પ્રભુએ અને પ્રકૃતિએ કેવી હૂંફભરી સહાય કરી અને ભયંકર મુશ્કેલીઓમાંથી એમને પાર કરીને વિશ્વવિખ્યાત વનસ્પતિશાસ્ત્રી તરીકે ઝળકાવ્યા, એ બધું જોઈને આપણને જીવનનો નવો જ રાહ મળ્યા વિના રહેતો નથી.

કાર્વરનું જીવન એટલે ગુણ અને ભાવનો સુભગ સંગમ. કાર્વરને સાધુ કહેવા? સંન્યાસી કહેવા? મહાત્મા કહેવા? વિજ્ઞાનશાસ્ત્રી કહેવા? માનવપ્રેમી કહેવા? પ્રકૃતિ-ઘેલા કહેવા? શું કહેવું અને શું નહિ!

આ પુસ્તકનું મુખપૃષ્ઠ મારા પરમ સ્નેહી પ્રા. મોહનભાઈ મેઘાણીએ પોતે ખૂબ કામમાં હોવા છતાં સમય કાઢીને કરી આપ્યું છે, એ બદલ તેમનો ખૂબ આભારી છું.

આપણી ઊગતી પેઢીને એમની જીવનકથા અવશ્ય પ્રેરણારૂપ બનશે, એવી શુભ આશા.

સૌ વાંચે અને અન્યને વંચાવે.

૫-૪-૧૯૭૯
રામનવમી ૨૦૩૫

મુકુલ કલાર્થી

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| ૧. ઝંઝાવાતમાં જન્મ | ૧ |
| ૨. આફતના ઓળા | ૨ |
| ૩. માવિહોણું બાળક ! | ૬ |
| ૪. છેલ્લો સહારો પણ ગયો ! | ૯ |
| ૫. મા ધરતીને ખોળે | ૧૨ |
| ૬. નાનકડો વનસ્પતિ ડૉક્ટર ! | ૧૫ |
| ૭. ખેડુના હાથ ! | ૧૯ |
| ૮. જીવનની નવી દિશા ઊઘડી | ૨૪ |
| ૯. આપણે એક જ પિતાનાં સંતાન | ૨૬ |
| ૧૦. આવો ભેદભાવ શાને ? | ૨૮ |
| ૧૧. શ્રદ્ધા ફળી | ૩૧ |
| ૧૨. જ્યોર્જે શાળામાં નામ લખાવ્યું ! | ૩૪ |
| ૧૩. વિદ્યા માટે તપ આદર્યું | ૩૬ |
| ૧૪. નસીબ બે ડગલાં આગળ ! | ૩૯ |
| ૧૫. અણધાર્યો સહારો મળી ગયો | ૪૧ |
| ૧૬. પ્રભુનો વાસ ક્યાં છે ? | ૪૪ |
| ૧૭. વત્સલ માતાની હૂંફ મળી | ૪૭ |
| ૧૮. કર્મનું મહત્ત્વ શામાં રહેલું છે ? | ૫૦ |
| ૧૯. પ્રગતિ માટે આગળ પ્રયાણ | ૫૨ |
| ૨૦. એક પંથ અને બે કાજ | ૫૩ |
| ૨૧. કોઈ પણ કામ માટે તૈયાર ! | ૫૬ |
| ૨૨. મહામૂલી યાદગીરી | ૬૧ |
| ૨૩. કાળા માટે બારણાં બંધ ! | ૬૩ |

૨૪. મથનારને પ્રભુ મારગ બતાવે ૬૬
૨૫. જીવન-કર્તવ્ય કેમ ભુલાય ? ૬૯
૨૬. પ્રેમાળ હૈયાંની હૂંફ ૭૧
૨૭. કૃષિ કૉલેજના અધ્યાપકપદે ૭૨
૨૮. 'હું આવીશ' ૭૫
૨૯. બધું છોડીને ચાલી નીકળ્યા ૭૮
૩૦. ટસ્કેજીમાં કાર્વરે પ્રયોગશાળા ઊભી કરી ૮૦
૩૧. 'આપણી પાસે હોય તે આપવું' ૮૩
૩૨. ગામડે ગામડે ટસ્કેજી ૮૬
૩૩. 'કાર્વરભાઈ મરઘીને જીવતી કરશે' ૮૮
૩૪. નાખી દેવાનું ખાધું, ખાવાનું નાખી દીધું ! ૮૯
૩૫. માગ્યા કરતાં બમણું આપ્યું ૯૧
૩૬. માખણ કેમ નીકળતું નહોતું ? ૯૩
૩૭. કાર્વરની કર્તવ્યનિષ્ઠા ૯૫
૩૮. કાર્વરની વિવેકદૃષ્ટિ ૯૭
૩૯. કાર્વરની કદર ૯૯
૪૦. પરીક્ષા કરનારાની જ પરીક્ષા થઈ ગઈ ! ૧૦૧
૪૧. હબસીને આમંત્રણ ! ૧૦૪
૪૨. બહુ મોટા માણસને શોધતો હમાલ ! ૧૦૭
૪૩. ડ્રાઇવરને નવી નવાઈનો ઉતારુ મળ્યો ! ૧૦૮
૪૪. 'પ્રભુએ જ મને બગીચા ભણી દોર્યો !' ૧૧૧
૪૫. 'કાર્વર, તમે ખુશીથી આગળ ચલાવો' ૧૧૩
૪૬. પ્રયોગશાળામાં પ્રભુ ૧૧૭
૪૭. 'ઝેર તો પીધાં છે જાણી જાણી !' ૧૧૯
૪૮. કામ શીખવાનો માર્ગ ૧૨૨
૪૯. એમાં ફેર શું પડે ? ૧૨૩
૫૦. લગ્ન કરવાનો સમય ન મળ્યો ! ૧૨૪

૫૧. 'અતૂટ એક કાચા સૂતરનો તાંતણો' ૧૨૬
૫૨. છ આંકડાની રકમને રામરામ કર્યા ! ૧૨૭
૫૩. પોતાની કચડાયેલી જાતિ માટે તાલાવેલી ૧૨૯
૫૪. દયાળુ દાક્તરસાહેબ ૧૩૧
૫૫. પ્રભુ મહેનતાણું લે છે ? ૧૩૩
૫૬. તેનું તેને અર્પણ ! ૧૩૫
૫૭. ચિરશાંતિમાં પોઢી ગયા ! ૧૩૮

# હબસીઓનો પનોતો પુત્ર

## [જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર]

•

મુકુલભાઈ કલાર્થી

# ૧
# ઝંઝાવાતમાં જન્મ

એબ્રાહમ લિંકન ૧૮૬૦માં અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા.

તેઓ ગુલામોના મુક્તિદાતા તરીકે લોકહૃદયમાં અમર થઈ ગયા છે.

તેમણે ગુલામોની દુર્દશા જોઈ હતી. તેમનું કરુણાળુ હૃદય દ્રવી ઊઠતું હતું. આ ગોઝારી પ્રથાનો સદંતર નાશ કરવાનો તેમણે મનોમન સંકલ્પ કર્યો હતો.

પ્રમુખ તરીકે એબ્રાહમ લિંકને જાહેર પ્રવચનમાં લોકોને કહ્યું હતું :

'કોઈના પણ ગુલામ બનવાનું હું ઇચ્છું નહિ, તે જ પ્રમાણે કોઈના પણ માલિક બનવાની ઇચ્છા હું ન રાખું. લોકશાહી વિશેની મારી સમજ એટલામાં સમાઈ જાય છે. એનાથી જે કાંઈ ભિન્ન છે તે, જેટલે અંશે એ ભિન્ન છે તેટલે અંશે, લોકશાહી નથી.'

એબ્રાહમ લિંકને તો એટલે સુધી કહી દીધું કે, જો ગુલામી નાબૂદ ન થાય તો, આ સિદ્ધાંતનો ત્યાગ કરવા કરતાં બહેતર છે કે, હું આ સ્થળે ઠાર થઈ જાઉં!

અમેરિકાનાં ઉત્તરનાં રાજ્યો ગુલામી નાબૂદ કરવા તૈયાર હતાં. પરંતુ દક્ષિણનાં કેટલાંક રાજ્યો એની વિરુદ્ધમાં હતાં.

લિંકને ત્યાંના લોકોને સમજાવવા ખૂબ પ્રયત્નો કર્યા. પણ તેઓએ જરાયે મચક આપી નહિ. છેવટે અમેરિકામાં આંતર યુદ્ધ ફાટી નીકળ્યું. આખા દેશમાં ઝંઝાવાત ફરી વળ્યો.

એ કારમા કાળમાં એક ગુલામની ઝૂંપડીમાં એક બાળકનો જન્મ થયો.

એ બાળક હતા આપણા કુદરતના કીમિયાગર મહાન વિજ્ઞાનશાસ્ત્રી જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર. એમનું જીવન એ ખરેખર પ્રેરણાનું અમૃત ઝરણું જ છે. એ પ્રેમળ ઝરણામાંથી અંજલિ ભરી આચમન કરી આપણા જીવનને કુદરતપ્રેમી —પ્રભુપ્રેમી બનાવીએ.

## ૨

## આફતના ઓળા

અમેરિકાના મિસુરી રાજ્યના એક ગામમાં એક જર્મન કુટુંબ રહેતું હતું. મોઝિઝ કાર્વર ખેડૂત હતો. તેની પત્નીનું નામ હતું સુસાન.

મોઝિઝ ગુલામીમાં માનતો ન હતો. પરંતુ પોતાના ખેતરમાં કામ કરવા મજૂરો તો જોઈએ. એટલે આવાં દયાળુ કુટુંબો પરાણે ગુલામોને ખરીદીને પોતાને ત્યાં રાખતાં. પણ તેમની સાથે ગુલામ તરીકે વ્યવહાર કરતાં નહિ.

મોઝિઝને કંઈ સંતાન ન હતું. એટલે તેણે પોતાની

પત્નીને ઘરકામમાં મદદ કરવા સારુ એક ગુલામ બાઈને ખરીદી હતી. તેનું નામ હતું મેરી.

સુસાન બાનુ મેરીને દીકરીની માફક જ રાખતી હતી. સુસાન ખૂબ માયાળુ અને પ્રેમાળ હતી.

મેરીનો પતિ બીજા માલિકને ત્યાં ગુલામ હતો. એટલે બેત્રણ મહિને એકાદ દિવસ મેરીને અને બાળકોને મળવા આવી જતો.

એક વાર મેરીનો પતિ જંગલમાં લાકડાં કાપવા ગયો હતો. ત્યાં તેના પર ઝાડનું મોટું થડિયું તૂટીને પડ્યું. અકસ્માત જીવલેણ નીવડ્યો. તે બાપડો મરી ગયો!

મેરીને આ વાતની ઘણે દિવસે ખબર પડી. બિચારાં ગુલામને કોણ જલદી ખબર આપે?

આ કારમા દુઃખદ સમાચાર સાંભળીને મેરીને ભારે આઘાત લાગ્યો. તેનો બધો આનંદ જતો રહ્યો. મૂગી મૂગી તે કામ કર્યે જતી.

મેરીને ત્રણ નાનાં બાળકો હતાં. સાતેક વર્ષની બાળકી, ત્રણ-ચાર વર્ષનો છોકરો અને પાંચ-છ માસનો નાનકડો બાળક!

સુસાન મેરીને આશ્વાસન આપતી. તે કહેતી: 'દીકરા, પ્રભુ કૃપાળુ છે. તે આપણો પિતા છે. તેની ઇચ્છા પ્રમાણે થાય. પ્રભુમાં શ્રદ્ધા રાખ. બાળકોને સાચવ. સૌ સારાં વાનાં થશે. અમે તને જોનારાં બેઠાં છીએ. થોડાં વર્ષમાં બાળકો મોટાં થઈ જશે. પછી તને જરાયે મુશ્કેલી નહિ પડે. આ નાનકડો જ્યોર્જ કેટલો નબળો છે! એને માતાની

હૂંફની બહુ જરૂર છે. માટે એ બચ્ચાના મોં સામું જોઈને પણ તું હિંમત રાખ.'

મેરી નીચું મોં રાખી બાઈનું બધું મૂગી મૂગી સાંભળ્યા કરતી.

એ દિવસો પણ વસમા હતા. અમેરિકામાં દક્ષિણ અને ઉત્તરનાં રાજ્યો વચ્ચે ખૂનખાર યુદ્ધ ચાલતું હતું.

દક્ષિણના કેટલાક ગોરાઓ ગુલામી પ્રથાને છોડવા માગતા જ નહોતા. તેઓ માનતા કે, ગુલામો તો જોઈએ જ. એ વિના આપણું કામ કોણ કરે? ગુલામોને વળી સ્વતંત્રતા કેવી? તેઓ તો ગુલામી કરવા જ સરજાયેલા છે.

જેમ જેમ આંતર યુદ્ધ વધારે જોર પકડતું ગયું અને દક્ષિણના વિરોધી પક્ષની પીછેહઠ થવા લાગી, તેમ તેમ ગુલામીમાં માનનારા કેટલાક લોકો વધારે ઉશ્કેરાવા લાગ્યા. તેમને થયું, આપણા ગુલામો આપણા હાથમાંથી છટકી જાય અને સ્વતંત્ર બને એ બને જ કેમ? આપણે ગુલામોને પણ સીધા કરી દેવા પડશે.

એટલે બિચારા ગુલામો પર નવી આફત આવી પડી! આવા કેટલાક કિન્નાખોર લોકો ટોળામાં આવીને રાતે ગુલામોને બળજબરીથી ઉઠાવી જવા લાગ્યા. એનો સામનો કરનાર ગોરાઓને પણ તેઓ માર્યા વિના રહેતા નહિ.

આથી કેટલાક પ્રદેશોમાં ભારે ગભરાટની લાગણી ફેલાઈ ગઈ.

પેલા ઉઠાઉગીરો ગુલામોને પકડીને દૂર દૂરના પ્રદેશોમાં વેચી આવતા.

એક દિવસ મોઝિઝ સાંજે ઘેર આવ્યો. તે ચિંતાતુર હતો. તેણે ધીમેથી સુસાનને કહ્યું :

'પેલા ઉઠાઉગીરોની એક ટોળકી આપણા ગામ ભણી આવી રહી છે, એવા સમાચાર આવ્યા છે. ગામલોકો ચિંતામાં ડૂબેલા છે. પેલા હરામખોરો રાતે કેટલાય ગુલામોને પકડ્યા વિના નહિ રહે.'

એ સાંભળીને સુસાન ફફડી ઊઠી. તેણે કહ્યું :

'આપણે મેરીને એનાં બાળકો સાથે આજની રાત આપણા ઘરમાં રાખીએ તો ? એની ઝૂંપડીમાંથી એ બધાંને પેલા લોકો ઉપાડી જશે ! બોલો, શું કરીએ ?'

મોઝિઝ સુસાનને ધીરજ આપતો બોલી ઊઠ્યો :

'અરે, એમાં આટલી બધી ગભરાઈ શું ગઈ? એ લોકો તો પુરુષ ગુલામોને જ ઉપાડી જાય છે. તું મેરીની ચિંતા ન કર. એને કશું ન થાય.'

મોઝિઝનો સ્વભાવ કડક હતો. સુસાન તે જાણતી હતી. મેરીનું તે તાણવા જશે તો એનો પિત્તો ઊછળ્યા વિના નહિ રહે. એટલે તે કશું વધારે બોલી નહિ, પણ એનો જીવ તો મેરીની ઝૂંપડીમાં જ હતો. તે મનોમન પ્રભુને પ્રાર્થના કરતી સૂતી :

'હે દયાળુ ભગવાન ! મેરીની સંભાળ રાખજે !'

## ૩

# મા વિહોણું બાળક !

મધરાતે સુસાન સફાળી જાગી ઊઠી ! તેણે મેરીની ઝૂંપડી બાજુથી કારમી ચીસ સાંભળી.

પતિને જગાડતાં તેણે કહ્યું :

'ઊઠો ! ઊઠો ! મેરીને કંઈક થઈ ગયું ! પેલા લોકો આવ્યા તો નથી ને ? તમે ઝટ દોડો.'

મોઝિઝ પોતાની બંદૂક લઈને ઘર બહાર નીકળ્યો. ત્યાં તો ઘોડાઓ દૂર દૂર દોડી જતા સંભળાયા. મેરી ચીસાચીસ કરતી હતી.

અંધારામાં કશું દેખાતું ન હતું. મોઝિઝ ઝૂંપડી તરફ દોડ્યો. તેના પગે કંઈક અથડાયું.

વાંકો વળીને જુએ તો મેરીની દીકરી અર્ધબેભાન દશામાં પડી હતી. માથામાંથી લોહી વહી રહ્યું હતું. તેનો ભાઈ બાજુએ ઊભો ઊભો ધ્રૂજતો હતો.

મોઝિઝે ઝૂંપડીમાં જોયું. ત્યાં ન મળે મેરી કે ન મળે નાનું બાળક !

પેલા ઉઠાઉગીરો મેરીને બાળક સાથે ઉપાડી ગયા હતા !

ગામમાં સન્નાટો ફેલાઈ ગયો. શું કરવું અને શું નહિ એ કોઈને સૂઝતું ન હતું.

મોઝિઝે ત્યાં ઊભેલા જુવાનિયાઓને કહ્યું :

'ભાઈઓ, એ લોકો અમારે ત્યાંથી મેરીને ઉપાડી ગયા છે. તેઓ બહુ દૂર ગયા નહિ હોય. તમે કોઈ મારા ઘોડા પર બેસીને એ લોકોનો પીછો પકડો. મારો ઘોડો ખૂબ ઝડપથી દોડે છે. એ લોકો પાસેથી મેરીને લઈ આવો. હું તમને રાજી કરીશ.'

કેટલાક જુવાનોએ કહ્યું :

'અમે જવા તૈયાર છીએ. પણ મેરીના બદલામાં તેઓ મોટી રકમ માગશે. એટલા પૈસા તમે લઈ આવ્યા છો ?'

મોઝિઝ જરા છોભીલો પડીને બોલ્યો :

'મારી પાસે એટલા પૈસા ક્યાંથી હોય ? પણ એમ કરો, મેરીના બદલામાં મારો આ કીમતી ઘોડો આપી દેજો.'

પેલા જુવાનો તરત જ ઊપડ્યા.

મેરીની રાહ જોતી સુસાન પેલા જુવાનો ક્યારે આવે એ જોયા કરતી હતી.

મેરીની પેલી દીકરી પણ આ ફાની દુનિયા છોડીને પ્રભુને ત્યાં ચાલી ગઈ.

ચાર-પાંચ દિવસ પછી પેલા જુવાનો આવ્યા. તેમણે કપડામાં વીંટાળેલું લોચા જેવું બાળક મોઝિઝ આગળ મૂકીને કહ્યું :

'એ બદમાશોએ અમને આબાદ ફસાવ્યા !'

વાત એમ બની હતી કે, પેલા જુવાનો મારતે ઘોડે પેલા ઉઠાઉગીરોની પાછળ દોડ્યા. ખૂબ દૂર જંગલમાં તેઓ એ લોકોની નજીક પહોંચી ગયા.

જુવાનોને આવતા જોઈને એ લોકો દૂર ઊભા રહ્યા. જુવાનોએ જોરથી સાદ પાડીને કહ્યું :

'તમારી પાસે બાળક સાથે મેરી છે. એ અમને પાછી આપો. એના બદલામાં એના માલિકે તેજવાન ઘોડો મોકલ્યો છે.'

પેલા લોકોએ સામો સાદ આપ્યો :

'તમે એ ઘોડાને ઝાડ સાથે બાંધીને દૂર ઊભા રહો. અમે આવીને ઘોડાને જોઈ લઈએ. પછી એના બદલામાં અમે મેરી આપીશું. બોલો, છો તૈયાર ?'

જુવાનોને એ લોકોની વાતમાં વિશ્વાસ ન બેઠો. પણ બીજો કોઈ ઉપાય ન હોવાથી તેઓ એમ કરવા તૈયાર થયા.

પેલા લોકોએ સાદ પાડીને પાછું કહ્યું :

'બીજી એક સૂચના સાંભળી લો. અમે ઘોડો લઈને અમારા પડાવ પર પહોંચીશું, ત્યારે અમે રણશિંગું વગાડીશું. પછી તમે મેરી અને એના બાળકને લઈ જજો.'

જુવાનો ઘોડાને એક ઝાડ સાથે બાંધીને ખૂબ દૂર જઈને ઊભા રહ્યા. ત્યાંથી ઝાડ દેખાતું ન હતું.

થોડી વાર પછી ખૂબ દૂરથી રણશિંગાનો અવાજ આવ્યો. જુવાનો ઝાડ પાસે જઈને જુએ તો નીચે પોટકું પડ્યું હતું ! એમાં મેરીનું માયકાંગલું માંદલું બાળક વીંટાળેલું હતું !

સુસાન આ સાંભળીને રડી પડી : 'અરેરે, બિચારી મેરીની એ લોકો શી વલે કરશે ! અને બચ્ચું મા વગર

શી રીતે જીવશે ?'

પણ બીજી જ ક્ષણે સુસાન મક્કમ અવાજે બોલી ઊઠી :

'ના, ના, હું મેરીના આ બાળકને જિવાડીશ. એને મરવા નહિ દઉં.'

સુસાન એ અનાથ બાળકને ગોદમાં લઈ વહાલ કરવા લાગી ગઈ.

મોઝિઝ સુસાન ભણી જોઈ જ રહ્યો.

## ૪

## છેલ્લો સહારો પણ ગયો !

સુસાનની પ્રેમભરી સારસંભાળથી માવિહોણો જ્યૉર્જ મૃત્યુના મુખમાંથી હેમખેમ બહાર નીકળી ગયો. પણ તે ખૂબ જ નબળો હતો. પાંચેક વર્ષનો થયો, તોયે તે બોલી શકતો ન હતો. સૌએ તો માન્યું કે, એ મૂગો જ છે.

જ્યૉર્જ પોતાના ભાઈ જેમ્સ સાથે પોતાની ઝૂંપડીએ રહેતો. તેણે પોતાની મા વિશે થોડું થોડું સાંભળ્યું હતું. માને ઉઠાઉગીરો ઉપાડી ગયા છે, એ તે જાણતો હતો.

કોઈ કોઈ વાર સૂનમૂન બેસી રહેતા જ્યૉર્જને વહાલથી હાથ ફેરવતી ફેરવતી સુસાન કહેતી :

'જ્યૉર્જ, તારી બા જરૂર એક દિવસ પાછી આવશે. તેને તારા વિના ગમતું નહિ હોય.'

આ વાત યાદ કરીને જ્યોર્જ એકલો એકલો પોતાની તૂટીફૂટી ઝૂંપડી રોજ સાફ રાખતો. બા આવી જશે તો ?

ઘણી વાર તે દૂર દૂર જંગલ ભણી જોયા જ કરતો : બા આવતી દેખાય છે ?

સાતેક વર્ષનો થતાં તે સુસાન અને મોઝિઝનાં નાનાં નાનાં કામ પણ કરવા લાગ્યો. મરઘાં-બતકાં સાચવવાનું, ગાય દોહવાનું, ઘરમાં અને બહાર સફાઈ કરવાનું, બગીચામાં નીંદામણ કરવાનું — એવાં એવાં કામ તે સારી રીતે કરતો.

ધીમે ધીમે તે કેટલાક શબ્દો બોલતો થયો. પણ તેની જીભ થોથવાતી હતી. તેને બોલતાં તકલીફ પડતી. વળી તેનો સ્વભાવ શરમાળ હતો, એટલે તેનું બોલવાનું પણ ઓછું હતું.

સુસાનને ઘરકામમાં અને રસોઈમાં પણ તે મદદ કરતો.

આ અરસામાં ગુલામી મુક્તિનો કાયદો પસાર થઈ ગયો હતો. હબસીઓ હવે મુક્ત થયા હતા. તેઓ કોઈના ગુલામ હવે ન રહ્યા. પણ માબાપ વિનાના આ બે છોકરાઓ જાય ક્યાં ?

મોઝિઝે તો એ બંનેને સમજાવીને કહી દીધું :

‘તમે બંને હવે સ્વતંત્ર છો. તમારી ઇચ્છા હોય તો તમે જઈ શકો છો. પણ તમારે અમારે ત્યાં રહીને ખેતર-માં, ઘરમાં કામ કરવું હોય તો કરી શકો છો. એનું મહેનતાણું અમે આપીશું. તમારી ઇચ્છા હોય એમ કરો.’

જેમ્સ ખડતલ પણ હતો. જ્યોર્જ હજી નબળો હતો. બંને ભાઈઓ હળીમળીને ઝૂંપડીમાં રહેતા, જેમ્સ ખેતરમાં

કામ કરતો.

આમ દિવસો પસાર થતા હતા. પણ જેમ્સ અવાર-નવાર સાંભળતો કે, હવે હબસીઓ પોતપોતાના માલિકને છોડીને બીજે કામ મળતું ત્યાં રહેવા જતા હતા. જેમ્સને પણ એ રીતે સ્વતંત્ર થવાનું મન થયું. તે એક દિવસ કામ અંગે બીજે ગામ ગયો હતો. પણ ત્યાંથી તે પાછો આવ્યો જ નહિ.

મોઝિઝ સમજી ગયો કે, તે ક્યાંક ચાલ્યો ગયો છે. હવે પાછો નહિ આવે.

પરંતુ જ્યૉર્જ તો ભાઈ જતાં હવે સાવ એકલો પડી ગયો. પોતાની બહેન મરી ગઈ હતી, એની કબર નજીકમાં જ હતી. ત્યાં એ કોઈ કોઈ વાર ફૂલ ચડાવી આવતો. બાનું શું થયું એ કોણ જાણે? તે મરી તો નહિ ગઈ હોય? એની કબર ક્યાં હશે? મને જો ખબર પડે તો ત્યાં જઈને ફૂલ ચડાવું અને ખૂબ ખૂબ રડી લઉં. અને જો તે જીવતી હશે, તો ક્યાં હશે? શું કરતી હશે? મને યાદ કરીને તે ઝૂરતી હશે! બા, બા, તું ક્યાં છે?— આવા આવા વિચારોથી ઘણી વાર બાળ જ્યૉર્જનું હૈયું ભરાઈ આવતું. તે છાનું છાનું રડી લેતો!

પણ હવે ભાઈ પણ ગયો!

તે સાવ એકલોઅટૂલો થઈ ગયો!

નાનકડો બાળક જાય પણ ક્યાં?

પણ જેનું કોઈ નથી એનો ભગવાન જોનાર બેઠો જ છે.

મા ધરતી પણ પોતાના છોરુને ઓછી છોડી દે?
નાનકડા જ્યોર્જે પણ મા ધરતીનો આશરો લીધો.

## ૫
## મા ધરતીને ખોળે

નાનપણથી જ્યોર્જને વનવગડામાં એકલા એકલા ફરવાનું-રમવાનું બહુ ગમતું.

આજુબાજુ વિસ્તરેલી વનરાજિને તે આંખો ભરીને નિહાળતો.

રંગબેરંગી ફૂલડાં જોઈને તેનું હૈયું આનંદથી ઊભરાઈ જતું. જાત જાતનાં રંગબેરંગી પંખીડાંનો મધુર કલરવ સાંભળીને તે આનંદથી નાચી ઊઠતો.

સસલાં, ખિસકોલી, દેડકાં, પતંગિયાં, કાચીંડા, અરે નાનાં નાનાં જીવજંતુઓ પણ જાણે તેના દોસ્તદારો જ હતાં. એ તેનાં જીવતાંજાગતાં રમકડાં! એ બધાંની સાથે તે કેટલીયે વાતો કર્યા કરે. કોઈ દૂરથી જુએ તો એને પાગલ જ માને. અને ખરેખર, જ્યોર્જ કુદરતઘેલો જ હતો.

કુદરતની અનુપમ લીલા નિહાળીને તેના બાળ-માનસમાં જાત જાતના પ્રશ્નો ઊઠતા:

ઘાસ આટલું હરિયાળું કેમ?

એક જ માટીમાં ઊગનારા છોડોને જાત જાતનાં પાંદડાં, જાત જાતના રંગ, જાત જાતનાં ફૂલો અને જુદી જુદી સુગંધ

કોણ આપતું હશે?

સવારે આકાશ કેવું વિવિધ રંગોથી છવાઈ જાય છે! પણ બપોરે કેમ એવા રંગો થતા નથી?

મેઘધનુષ બનાવતાં ભગવાનને કેટલો સમય લાગતો હશે?

મધમાખીને મધ કેમ ભાવતું હશે? એને શી રીતે ખબર પડતી હશે કે અમુક ફૂલમાં મધ છે?

અમુક ફૂલો વસંતમાં ખીલે છે, અમુક ફૂલો ગ્રીષ્મમાં ખીલે છે, અમુક ફૂલો શરદ ઋતુમાં ખીલે છે—આમ શી રીતે બનતું હશે?

બી તો સાવ નાનકડું હોય, એમાંથી આટલું મોટું ઝાડ શી રીતે ઊગી નીકળતું હશે?

પંખીઓનો અવાજ આમ જુદો જુદો કેમ નીકળતો હશે?

આવા આવા કેટલાય પ્રશ્નો નાનકડા જ્યોર્જને મૂંઝવતા. તે કોઈ વાર મોઝિઝ કાકાને તો કોઈ વાર સુસાન કાકીને આવું આવું પૂછતો પણ ખરો. પણ તેઓ તેના આવા બાલિશ પ્રશ્નો હસી કાઢતાં અને કહેતાં: 'જ્યોર્જ, તને એ ન સમજાય! મોટો થશે એટલે આપમેળે તને સમજાશે.'

જ્યોર્જે મોઝિઝ કાકાના ઘરના વાડામાં નાનકડો બાગ બનાવ્યો હતો. જાત જાતનાં ગુલાબ તેમ જ બીજાં ફૂલોના છોડ તેણે વાવ્યા હતા. તે એની ખૂબ કાળજી લેતો. દરરોજ છોડનો કેટલો વિકાસ થાય છે એ જોતો.

જમીનમાં ખોદકામ કરતો, માટી લાવીને બધે પૂરતો. હૂંફાળી માટીની સુગંધ તેને ગમતી.

એની ઉંમરનાં ગોરાં બાળકો તો માટીથી દૂર જ રહેતાં. તેમનાં માબાપ પણ બાળકોને કહેતાં: 'બચ્ચા, માટીમાં રમ નહિ. તારાં કપડાં ગંદાં થશે. તારું શરીર ગંદું થશે. ઘરમાં રમ.'

આ બધું યાદ કરીને જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર મોટપણે કહેતા:

"જ્યારે માબાપ બાળકને કહે છે કે, 'માટીથી દૂર રહે! ગંદો થશે!' ત્યારે તેઓ બાળકની ભાવનાનું ખૂન કરે છે!"

મોઝિઝના ઘરમાં રહેવા કરતાં તેને વનવગડામાં ઝાડ નીચે રહેવાનું વધારે ગમતું. ત્યાં તેને ઘર જેવું લાગતું. અંધારામાં પણ તે ડર્યા વિના બહાર નીકળી જતો. મા ધરતી સંભાળનારી હોય પછી ડર કેવો?

જેમ્સના ગયા પછી તે વધારે ને વધારે બહાર વગડામાં રહેવા લાગ્યો.

વહેલી સવારે રોટલા જેવું કંઈ સાથે લઈ જાય અને વનમાંથી ફળ કે અમુક પાંદડાં સાથે લહેરથી રોટલો ખાય, ઝરણાંનું મીઠું પાણી પીએ અને ઝાડપાન સાથે વાતો કરે, એની સારસંભાળ લે. નાનકડા જ્યોર્જનો એ જીવનક્રમ બની ગયો.

એકલા અટૂલા પડી ગયેલા, મા-બાપ-ભાઈ-બહેન વિહોણા બની ગયેલા નાનકડા જ્યોર્જે પોતાની નવી જ દુનિયા ઊભી કરી દીધી.

## ૬

## નાનકડો વનસ્પતિ ડૉક્ટર!

મોઝિઝને જ્યૉર્જ આમ ઘણો બધો વખત વન-વગડામાં રખડવામાં ગાળે એ ગમતું નહિ. તે પોતાની પત્ની આગળ ઊભરો કાઢતો કહેતો:

'જ્યૉર્જ કેમ પણ એક ગુલામનો છોકરો છે. ભલે આજે કાળા લોકોને મુક્તિ મળી છે. પણ એ લોકોને ભરણપોષણ માટે કામ તો કરવું પડે જ ને! જ્યૉર્જે પણ કંઈ કામધંધો શીખવો જોઈએ. ખેતરમાં કામે લાગવું જોઈએ. હવે તે કંઈ નાનો નથી. નવેક વરસનો થઈ ગયો છે. આમ રખડચા કરશે, તો કેમ ચાલશે? આપણે ઓછાં કંઈ આખી જિંદગી તેનું ભરણપોષણ કરવાનાં છીએ? તું એને સમજાવજે.'

સુસાન ઊંડો શ્વાસ લઈને ધીરેથી બોલી:

'તમારી વાત બરોબર છે. મને પણ થાય છે કે એને ક્યાંક ભણવા મોકલવો જોઈએ. આજે ભણતર વિના બધું નકામું. હું તો ઇચ્છું છું કે, તે ખૂબ ખૂબ ભણીને મોટો માણસ થાય. એની મા મેરીનું શું થયું હશે એ ભગવાન જાણે! તે આ દુનિયામાં ન હોય, તો પોતાના છોકરાને સારી સ્થિતિમાં જોઈને એનો આત્મા શાંતિ પામશે.'

આ સાંભળીને મોઝિઝ જરા અકળાઈને બોલી ઊઠચો:

'તું પણ ખરી છે! કાળા માણસને વળી ભણવા-ગણવાનું શું? તે સારો ખેડૂત કે કારીગર બને તો પોતાનો રોટલો તો કમાઈ શકશે! એથી વધારે બીજું શું જોઈએ? તારું આ કામ નહિ. હું જ તેને હાથ પર લઈશ.'

સુસાન કશું બોલી નહિ.

તે જ સાંજે મોઝિઝે જ્યોર્જને પાસે બોલાવીને પૂછ્યું:

'અલ્યા, તું આખો દિવસ વગડામાં જઈને કરે છે શું? આમ ભટકયા કરશે, તો પછી આગળ જતાં તું શું કરશે?'

જ્યોર્જ સહજ ભાવે બોલ્યો:

'મોઝ કાકા, મેં વગડામાં એક મજાની ઇસ્પિતાલ શરૂ કરી છે.'

મોઝિઝ નવાઈ પામી બોલી ઊઠયો:

'શું કહ્યું? ઇસ્પિતાલ? આ તો ભારે નવાઈની વાત!'

જ્યોર્જ કહે:

'કાકા, હું સાચું જ કહું છું. વગડામાં મારા કેટલાક વનસ્પતિ દોસ્તો બીમાર પડી ગયા છે. તેમની સારવાર કરવા માટે મેં એક નાનકડી ઇસ્પિતાલ ચાલુ કરી છે.'

મોઝિઝને એની વાતમાં રસ પડયો. તે કહે:

'વાહ! ત્યારે તો મારે તારી ઇસ્પિતાલ જોવી પડશે.'

જ્યોર્જ ઉત્સાહમાં આવી જઈ બોલ્યો:

'જરૂર, જરૂર! બોલો, કયારે આવશો?'

મોઝિઝ બીજે જ દિવસે જ્યોર્જ સાથે ચાલી નીકળ્યો.

જ્યૉર્જે વગડામાં બીમાર પડી ગયેલા કેટલાક છોડવાઓને બતાવ્યા. તેની તે કેવી રીતે સારવાર કરતો હતો એ વિશે બધું સમજાવ્યું.

મોઝિઝ તો નાનકડા જ્યૉર્જની સૂઝસમજ જોઈને મુગ્ધ બની ગયો.

પછી તો થોડા વખતમાં જ્યૉર્જ વનસ્પતિ ડૉક્ટર તરીકે આસપાસ બધે જાણીતો થઈ ગયો. કોઈના ઝાડને કે છોડને અથવા વેલાને કંઈક થઈ જાય, તો તરત જ જ્યૉર્જની સલાહ લેવામાં આવતી.

જ્યૉર્જનો હાથ અડતાં જ વનસ્પતિમાં પ્રાણનો સંચાર થઈ જતો. નવું ચેતન આવી જતું.

એક દિવસ પડોસણ બાઈ શ્રીમતી મૂલર સુસાનને મળવા આવી. વાત વાતમાં તેણે કહ્યું :

'મારા વાડામાં ગુલાબના છોડ દિવસે દિવસે કરમાતા જાય છે! તમારા જ્યૉર્જને એક વાર મોકલો ને!'

જ્યૉર્જે ગુલાબના છોડને જોયા. છોડને યોગ્ય માવજત આપવામાં આવતી ન હતી. જ્યૉર્જે મૂલર બાનુને બધી સમજ આપી. એ પ્રમાણે કરતાં થોડા વખતમાં છોડ ખીલી ઊઠ્યા.

એક વાર એક બાઈએ જ્યૉર્જને કહ્યું :

'જ્યૉર્જ, મારા વાડામાં રોપેલા છોડ જરાયે મોટા થતા નથી! એનું શું કારણ?'

જ્યૉર્જ જાતે છોડને જોયા વિના શું કહે? તે ત્યાં

પહોંચી ગયો. બધું જોઈને તે બોલ્યો :

'બાઈસાહેબ, તમે છોડને એવી અંધારી જગ્યાએ વાવ્યા છે કે એ મરવા પડે નહિ તો શું કરે? સૂરજના તાપ વિના છોડ મરી જ જાય. સૂરજનો તાપ એ તો વનસ્પતિનું જીવન છે. તમે એ છોડને બીજી ખુલ્લી જગ્યાએ રોપો. પછી જુઓ તે કેવા ખીલે છે!'

પેલી બાઈએ એ પ્રમાણે કર્યું. થોડા વખતમાં જ છોડમાં જીવ આવ્યો. નવી કૂંપળો ફૂટવા લાગી.

બાઈ બોલી ઊઠી :

'વાહ! નાનકડા ડૉક્ટર, વાહ!'

એક દિવસ તે મોઝિઝ સાથે એની વાડીએ ગયો હતો.

જ્યૉર્જની નજર ચારે બાજુ ઊગેલાં વૃક્ષો અને છોડવાઓ તરફ ફરી રહી. સફરજનના એક ઝાડ પાસે તે એકદમ થંભી ગયો. તેણે ઝાડ પર કશુંક જોયું.

તે દોડતો દોડતો મોઝિઝ પાસે ગયો. તે એનો હાથ પકડીને પેલા ઝાડ ભણી ખેંચવા લાગ્યો. પણ મોઝિઝ કામમાં એવો તલ્લીન હતો કે તેણે એના તરફ ધ્યાન ન આપ્યું.

એટલે નાનકડો જ્યૉર્જ કોઠાર તરફ દોડ્યો. ત્યાંથી કરવતી લઈને ઝાડ પર ચડી ગયો અને એક મોટી ડાળી કાપવા લાગ્યો!

એના આવા ચાળા જોઈને મોઝિઝ રાતોપીળો થઈ ગયો. તે ઝાડ પાસે દોડી જઈ બરાડી ઊઠ્યો :

'એય, તું આ શું કરે છે? મારા મજાના ઝાડને શા માટે કાપે છે? કંઈ ભાનબાન છે કે? ઊતર જોઉં!'

ત્યાં તો ડાળી કપાઈને નીચે પડી. જ્યૉર્જે ડાળી પાસે જઈને એને હાથમાં લઈ લીધી. એ ડાળી મોઝિઝને બતાવતાં તે કહે:

'મોઝ કાકા, જરા જુઓ તો ખરા! આ શું છે?'

મોઝિઝ જુએ તો ડાળી પર જીવાત બાઝેલી હતી! એ જીવાત થોડા વખતમાં જ આખા ઝાડને ફોલી ખાત! જ્યૉર્જ ખરે ટાણે વહારે આવ્યો.

મોઝિઝને નવાઈ લાગી કે, 'હું અને મારા નોકરો આખો વખત વાડીમાં બધે ફરીએ છીએ; પણ અમારી નજર આ ડાળી પર પડી જ નહિ! જ્યૉર્જ આજે જ આવ્યો, ત્યાં તો એની નજરે તરત જ ડાળી પડી! ખરી રીતે અમને એવું જોવાની આંખ જ નથી!'

મોઝિઝે હેતથી જ્યૉર્જનો બરડો થાબડ્યો.

## ૭

## ખેડૂના હાથ !

હર્મન જેગર નામનો એક સ્વિસ ખેડૂત નિઓશો નામના સ્થળથી થોડાક માઈલને અંતરે રહેતો હતો. દ્રાક્ષના ઉછેર માટે તે જાણીતો હતો.

તે એક દિવસ મોઝિઝને ત્યાં આવ્યો હતો. તેણે ત્યાંની જમીન જોઈને કહ્યું હતું: 'અહીંની જમીન અને આબોહવા દ્રાક્ષને માટે બહુ માફક આવે એવી છે. તમે

દ્રાક્ષ ઉગાડો.'

મોઝિઝ એ માટે બહુ તૈયાર ન થયો. પણ નાનકડા જ્યોર્જનો ઉત્સાહ જોઈને તેણે પોતાના વાડામાં દ્રાક્ષ ઉગાડવાની તૈયારી બતાવી.

જેગરે તેને થોડીક ડાળખીઓ આપી. તેણે દ્રાક્ષ કેમ ઉછેરવી એની જે સૂચનાઓ આપી તે જ્યોર્જે બરાબર ધ્યાન દઈને સાંભળી. તે તો જાણે એનો આજ્ઞાંકિત વિદ્યાર્થી બની ગયો.

જ્યોર્જે ઉત્સાહથી દ્રાક્ષનો ઉછેર કરવા માંડ્યો. થોડા વખતમાં તો વેલાઓ ઉપર દ્રાક્ષનાં લૂમખાં લટકવા લાગ્યાં. મજાની દ્રાક્ષ જોઈને જ્યોર્જનું હૈયું આનંદથી નાચી ઊઠતું.

એક વખત મોઝિઝને કામ અંગે નિઓશો જવાનું થયું. તેણે સાંજે જ્યોર્જને કહ્યું :

'આવતી કાલે સવારે તું વહેલો તૈયાર થઈ જજે. મારી સાથે નિઓશો આવજે. આપણે ત્યાંથી જેગરની દ્રાક્ષની વાડીએ ફરી આવીશું. ત્યાં તને કંઈ વધારે જાણવા મળશે. જાત જાતની દ્રાક્ષ તેમણે ઉછેરી છે.'

જ્યોર્જ બીજે દિવસે ખૂબ વહેલો જાગી ગયો. પોતાના સવારના કામમાં લાગી ગયો. ગાય દોહી લીધી. ઢોર માટે ખાણ તૈયાર કરી દીધું. સવારે કરવાનાં બધાં કામ તેણે ઝટ ઝટ પતાવી દીધાં.

મોઝિઝે એક્કો જોડ્યો. જ્યોર્જ પાછળના ભાગમાં બેસી ગયો. રસ્તામાં આવતી વનરાજિને તે ઉમંગભેર

નિહાળી રહ્યો.

નિઓશોનું કામ પતાવીને તેઓ જેગરની વાડીએ ગયા. જ્યૉર્જ તો આવી મોટી દ્રાક્ષ-વાડી જોઈને ઘેલો ઘેલો બની ગયો. તે ઊતરીને વાડીમાં અહીં તહીં ઘૂમવા લાગ્યો.

જ્યૉર્જને વાડીના કામમાં રસ છે, એ જાણીને જેગર તેની પાસે ગયો અને બોલ્યો :

'જ્યૉર્જ, તું આજે આવ્યો જ છે, તો હું તને દ્રાક્ષ વિશે કંઈક નવીન સમજાવું.'

એમ કહીને જેગર તેને નજીકમાં એક કૂંડામાં વાવેલા રોપા પાસે લઈ ગયો. એ બતાવીને તેણે કહ્યું :

'જ્યૉર્જ, આ જંગલી દ્રાક્ષનો વેલો છે. એને હું ટેકરી પરથી લઈ આવ્યો છું. એની દ્રાક્ષ નાની અને બહુ ખાટી હોય છે.'

એ સાંભળીને જ્યૉર્જના મોંમાં પાણી છૂટયું. તે હરખભેર બોલી ઊઠ્યો :

'કાકા, મને તો એ દરાખ ખૂબ જ ભાવે છે. સસલાં પણ હોંશે હોંશે ખાય છે.'

જેગર હસ્યો. તે કહે :

'બરોબર. હવે સાંભળ. એની બાજુના કૂંડામાં જે દ્રાક્ષનો વેલો છે, એ વર્જિનિયામાં થતી દ્રાક્ષનો વેલો છે. એની દ્રાક્ષ ખૂબ જ મીઠી હોય છે. પણ એનો વેલો ખૂબ નાજુક હોય છે. એને રોગ પણ વહેલો લાગે છે.

'પણ પેલો જંગલી વેલો અને વર્જિનિયાનો વેલો એમ બેને જોડીને દ્રાક્ષ ઉછેરવામાં આવે, તો એના વેલા

મજબૂત બને છે અને એની દ્રાક્ષ પણ મીઠી હોય છે.'

જ્યૉર્જ તો આ સાંભળીને મુગ્ધ બની ગયો. એને તો જેગર દેવ જેવો જ શક્તિશાળી લાગ્યો. આવા પ્રેમથી આજ સુધી કોઈએ તેને સમજાવ્યું ન હતું. તે બોલી ઊઠયો :

'જેગર કાકા, તમે તો બહુ મોટા જાણકાર છો ! આ તો જાદુ જ કહેવાય ! જંગલી દ્રાક્ષના વેલા પર મીઠી મધુરી દ્રાક્ષનો વેલો ચડાવવો એ તો ભારે કહેવાય ! આવું તો મેં પહેલી વાર સાંભળ્યું.'

જેગર તેના વાંસા પર હેતથી હાથ ફેરવીને બોલ્યો :

'જ્યૉર્જ, આ સામેની ટેકરીઓ અને પેલાં હરિયાળાં ખેતરો તું જુએ છે એ બધાં પ્રભુએ સરજેલાં છે. પ્રભુ આપણા પિતા છે. ધરતી આપણી માતા છે. આપણે તેમનાં સંતાનો છીએ.'

એટલું કહીને જેગરે જ્યૉર્જનો હાથ પોતાના હાથમાં લઈને પ્રેમથી કહ્યું :

'જ્યૉર્જ, તને પ્રભુએ ખેડૂના હાથ આપ્યા છે. તું પણ મારી માફક ખેતી કરજે. પ્રભુ અને ધરતી માતા તારા પર કૃપા વરસાવશે.'

જ્યૉર્જનું બાળકસમું હૈયું થનગની ઊઠયું.

પછી જેગર એને દ્રાક્ષના વેલાઓ આગળ એકલો છોડીને મોઝિઝ પાસે ગયો. તેણે મોઝિઝને કહ્યું :

'આ છોકરો ઉત્સાહી છે. એ જરૂર મોટો ખેડૂત થશે. એને વનસ્પતિસૃષ્ટિ તરફ ખૂબ પ્યાર છે.'

મોઝિઝે ઊંડો શ્વાસ ખેંચીને કહ્યું :

'તમારી વાત સાચી છે. પણ એ જન્મ્યો ત્યારથી ખૂબ જ નબળો છે. તેનાથી સખત કામ થાય એમ લાગતું નથી. તે કુદરત-ઘેલો છે. આખો વખત વગડામાં રખડ્યા કરે છે અને એકલો એકલો કોણ જાણે શીયે ગડમથલ કર્યા કરે છે. કાળા માણસને આવું પોષાય એમ નથી. હવે તે સ્વતંત્ર થયો છે. તેને કંઈ મજૂરી કર્યા વિના છૂટકો નથી. કાળા લોકો મજૂરી વિના બીજું શું કરી શકે એમ છે?'

જેગર સહાનુભૂતિ ભર્યા અવાજે બોલ્યો :

'મને તો જ્યૉર્જ વિશે શ્રદ્ધા છે. તેને તમારે પ્રોત્સાહન આપવું રહ્યું. તે ખૂબ આશાસ્પદ છોકરો છે. એ તો તરણામાંથી મેરુ બનશે.'

આ બાજુ જ્યૉર્જ એકલો પડતાં પોતાના હાથ જોવા લાગ્યો :

'શું મારા હાથ ખેડૂના છે? જેગર કાકા મોટા દેવ જ છે. તે કેવા પારખી ગયા!'

જ્યૉર્જ જમીન પર બેસી ગયો અને પોતાના હાથમાં માટીને રમાડવા લાગ્યો.

## ૮

# જીવનની નવી દિશા ઊઘડી

પછી જેગર મોઝિઝ અને જ્યૉર્જને પોતાના ઘરે લઈ ગયો. ત્યાં ચા-નાસ્તો પતાવ્યા પછી જેગરે જ્યૉર્જને પોતાની પાસે બોલાવીને કહ્યું :

'દીકરા જ્યૉર્જ, અહીં આવ. તને એક નાનકડી ભેટ આપું છું.'

જ્યૉર્જ તો એ સાંભળીને નવાઈ પામ્યો. તેને થયું : 'ભેટ ? મારે માટે ભેટ ? આજ સુધી મને કોઈએ કશી ભેટ આપી નથી. એ ભેટ શું હશે ?'

જેગરે તેના હાથમાં વહાલથી એક પુસ્તક મૂક્યું.

જ્યૉર્જે તે હર્ષભેર લીધું. તેણે જેગરનો આભાર માન્યો. પણ બીજી જ ક્ષણે તેનું મોઢું પડી ગયું.

એ જોઈને જેગરે કહ્યું :

'જ્યૉર્જ, તને આ ભેટ નહિ ગમી ? કેમ ઉદાસ બની ગયો ?'

જ્યૉર્જ થોથવાતા અવાજે બોલ્યો :

'જેગર કાકા, મને વાંચતાં નથી આવડતું !'

જેગર તેને પ્રોત્સાહન આપતાં બોલ્યા :

'ઓહોહો ! એમાં ચિંતા કરવા જેવું શું છે ? આ મોઝ કાકા તને થોડા દિવસમાં કક્કો શીખવી દેશે. પછી તને ઝટ ઝટ વાંચતાં આવડી જશે.'

જ્યૉર્જે પુસ્તકનું પહેલું પાનું ખોલ્યું. પાના પર એક ચિત્ર હતું. એક માણસ પર્વત પર ચડી રહ્યો હતો. પર્વતની ટોચ ઉપર મંદિર જેવું હતું. એની આસપાસ સૂર્યનો પ્રકાશ ફેલાયેલો હતો.

એ ચિત્ર બતાવીને જ્યૉર્જે પૂછ્યું :

'જેગર કાકા, આ શું છે?'

જેગરે વહાલથી એના માથા પર હાથ ફેરવતાં કહ્યું :

'દીકરા, આ જ્ઞાનમંદિર છે. તું પણ એક દિવસ એ જ્ઞાનમંદિરમાં પ્રવેશશે. મને ખાતરી છે કે, તું જરૂર ત્યાં પહોંચશે જ. કારણ કે તારામાં ધગશ છે, તને નવું નવું જાણવાની – શીખવાની જિજ્ઞાસા છે.

'દીકરા, એક દિવસ તું જરૂર આ પુસ્તક વાંચી શકશે. તારે આવાં ઘણાં પુસ્તકો વાંચવાનાં છે. એથી તને દુનિયા વિશે અને કુદરત વિશે ઘણું જાણવાનું મળશે. મા ધરતી અને પ્રભુ પ્રયત્ન કરનાર બાળક પર વહાલ વરસાવે છે. તે તને ખૂબ ખૂબ જ્ઞાન આપશે.'

જેગર કાકાની પ્રેમભરી વાતો સાંભળીને નાનકડા જ્યૉર્જની આંખમાં આનંદનાં આંસુ ઊભરાઈ આવ્યાં. આવા ભલા અને હેતાળ સજ્જનના સમાગમે તેના જીવનને નવો વળાંક આપ્યો.

# ૯

# આપણે એક જ પિતાનાં સંતાન

જ્યૉર્જને હવે ભણવાની લગની લાગી. તેના કાનમાં જેગર કાકાના આ શબ્દો વારંવાર ગુંજવા લાગ્યા:

'જ્યૉર્જ, તારે પણ જ્ઞાનમંદિરમાં પ્રવેશવા પ્રયત્ન કરવાનો છે.'

સુસાન તેની વહારે આવી. તેણે જ્યૉર્જને જોડણીનું પુસ્તક લાવી આપ્યું. તે કોઈ કોઈ વાર જ્યૉર્જને કક્કો શીખવતી. જ્યૉર્જ પણ ઉમંગથી કક્કો શીખવા લાગ્યો. ધીમે ધીમે શબ્દો પણ વાંચવા લાગી ગયો.

જ્યૉર્જને બે શબ્દો ખૂબ ગમી ગયા: GOD અને GOOD. GOD એટલે પ્રભુ અને GOOD એટલે ભલું. આ બે શબ્દોમાં માત્ર એક O અક્ષરનો જ તફાવત છે. GOD શબ્દમાં O ઉમેરીએ તો GOOD થઈ જાય!

સુસાનને જ્યૉર્જે સહજ ભાવે કહ્યું:

'સુસાન કાકી, આ શબ્દો મને ખૂબ ગમે છે. એનું કારણ શું?'

સુસાને કહ્યું:

'જ્યૉર્જ, તારી વાત સાચી છે. આ બંને શબ્દો ગમી જાય એવા જ છે. એનું કારણ સમજાય એવું છે. પ્રભુ ભલો છે. તે આપણું ભલું કરે છે.'

જ્યૉર્જે પૂછ્યું:

'શું પ્રભુ બધા પ્રત્યે ભલો છે?'

સુસાન સ્મિત ફરકાવતી બોલી:

'હા, હા. પ્રભુ બધા પ્રત્યે ભલો છે.'

જ્યોર્જને હજી સુસાનના કહેવામાં ભરોસો બેસતો ન હતો. તેણે ફરી પૂછ્યું:

'હેં સુસાન કાકી, પ્રભુ બધાં જ માણસો, સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે ભલો છે?'

સુસાન હેતભર્યા અવાજે બોલી:

'હા, બેટા, હા. આપણે બધાં એક જ પિતાનાં સંતાન છીએ. પ્રભુ આપણા સૌના પિતા છે. પિતાને મન બધાં બાળકો સરખાં.'

પરંતુ હજી જ્યોર્જના મનનું સમાધાન ન થયું. હજી તેના મનમાં ઊંડે ઊંડે એક શંકા ઘર કરી બેઠી હતી. તેણે બીજો પ્રશ્ન પૂછ્યો:

'પણ સુસાન કાકી, અમારાં જેવાં કાળાં બાળકો પ્રત્યે પણ પ્રભુ એટલો જ ભલો છે?'

સુસાન જ્યોર્જના માથા પર હાથ ફેરવતી ફેરવતી કહે:

'હા, હા. પ્રભુ પિતા કાળાં બાળકો પ્રત્યે પણ એટલો જ ભલો છે. પ્રભુને મન કશો ભેદભાવ નથી; કાળાં શું કે ગોરાં શું, બધાં જ સરખાં. ભગવાન ઈશુ તો એટલે સુધી કહે છે કે, પ્રભુ તો ગરીબ, તજાયેલાં, નિરાધાર, અનાથ બાળકોને સૌથી વધારે ચાહે છે. તેમની દેખભાળ લે છે.'

જ્યોર્જનું મોં ખીલી ઊઠ્યું. તે કહે:

'સુસાન કાકી, પ્રભુ મારા પણ પિતા છે, ખરું ને?'

સુસાન હસતી હસતી બોલી:

'હા, ભાઈ, હા. તારા પણ પ્રભુ પિતા છે. તારા સવાલોથી તોબા! આ જ રીતે તું તારા કાકાનું પણ માથું ખાય છે. એટલે જ એ તારા પર ગુસ્સે થઈ જાય છે.'

જ્યૉર્જ ઉલ્લાસભેર બોલ્યો:

'કાકી, તમારી વાતથી મને પ્રભુ વિશે ખૂબ ખૂબ જાણવા મળ્યું. મને તો એમ જ લાગતું કે, અમારાં જેવાં દીનદુઃખીનું કોઈ બેલી જ નથી! પણ આજે મને બરોબર સમજાયું કે પ્રભુ મારા પણ પિતા છે. તે મારી સંભાળ લે છે. સુસાનકાકી, હું મોટો થઈને એવું સારું કામ કરીશ કે, પ્રભુ પિતા મારા પર રાજી રાજી થઈ જાય.'

## ૧૦
## આવો ભેદભાવ શાને?

કોઈ કોઈ વાર નાનકડો જ્યૉર્જ એકાદ માઈલ દૂર આવેલા સ્થળે મોઝિઝના કોઈ કામ અંગે જતો. ત્યાં તેણે એક મકાનમાં ગામનાં બાળકોને ભણતાં જોયાં.

જ્યૉર્જને પણ ભણવાની ખૂબ ઇચ્છા થતી હતી. ઘેર સુસાન તેને કક્કો વગેરે શીખવતી હતી ખરી. પણ આમ ઘણાં બાળકોને સાથે ભણતાં જોઈને એને પણ થયું, આ શાળામાં પોતાને ભણવાનું મળે તો કેવું સારું!

તે ધીમે પગલે શાળા ભણી ગયો. જરા દૂર ઊભો

રહીને તે જોવા લાગ્યો. એક ગોરો શિક્ષક બાળકોને કંઈ શીખવતો હતો. બાળકો પણ ગોરી કોમનાં જ હતાં.

જ્યૉર્જને થયું, 'આ મજાનાં બાળકો સાથે ભણવા મળે તો કેવી મજા પડે! મારે પણ ખૂબ ખૂબ ભણવું છે અને મોટાં મોટાં પુસ્તકો વાંચવાં છે. જેગર કાકાએ આપેલું પુસ્તક તો પહેલું જ વાંચી કાઢીશ.'

આમ વિચાર કરતો કરતો તે ઘેર ગયો.

બીજે દિવસે વાડીમાં કામ કરતાં કરતાં તેણે ધીમેથી મોઝિઝ કાકાને કહ્યું:

'મોઝ કાકા, હું ક્યારે નિશાળે જઈશ? ત્યાં જવા જેટલો હું મોટો થયો નથી? તમે મને ક્યારે નિશાળે જવા દેશો?'

મોઝિઝ જ્યૉર્જના સવાલો સાંભળીને મનમાં જરા મૂંઝાઈ ગયો! ગુલામોને ભલે મુક્તિ મળી ગઈ હતી, પણ હજી તેમનાં બાળકો માટે ભણવાની કશી વ્યવસ્થા ન હતી. જ્યૉર્જને શો જવાબ આપવો એ તેને સમજાયું નહિ. જ્યૉર્જનું મધુરું સ્વપ્નું પોતાના હાથે નાશ પામે એ તેને ગમ્યું નહિ.

મોઝ કાકાને શાંત જોઈને જ્યૉર્જે કહ્યું:

'મોઝ કાકા, આપણા ગામની નજીકમાં એક શાળા છે. ત્યાં મારા જેવડાં બાળકો ભણે છે. ત્યાં મને ભણવા મોકલો તો? હું ઘરનું બધું જ કામ કરીશ અને ભણીશ પણ. તમને કામમાં જરાયે મુશ્કેલી આવવા નહિ દઉં.'

મોઝિઝ મોટો નિસાસો નાખીને બોલ્યો:

'જ્યૉર્જ, તને તારી કાકી રોજ ભણાવે તો છે જ. હું પણ તને વખત મળે ત્યારે આંક અને ગણિત શીખવું જ છું. પછી તારે શાળામાં ભણવા જવાની શી જરૂર ?'

જ્યૉર્જને તેની વાતથી સંતોષ ન થયો. તે કહે:

'મોઝ કાકા, બધાં બાળકો સાથે ભણવામાં મજા પડે. નવું નવું જાણવાનું મળે. જેગર કાકા કહેતા હતા કે, મારે ખૂબ ખૂબ ભણવાનું છે; જ્ઞાનમંદિરમાં દાખલ થવાનું છે. મોઝ કાકા, મને શાળાએ જવા દો ને!'

મોઝિઝને થયું, આ બિચારાને ક્યાં સુધી અંધારામાં રાખવો? સાચી હકીકત મારે હવે કહ્યા વિના છૂટકો નથી. નહિ તો એ સવાલ પૂછી પૂછીને મારું માથું ખાઈ જશે! મોઝિઝે ધીરેથી જ્યૉર્જના ખભા પર હાથ મૂકીને કહ્યું:

'જ્યૉર્જ, એ શાળા ગોરા છોકરાઓ માટે છે. તેઓ કાળા છોકરાઓને દાખલ કરતા નથી!'

આ સાંભળીને નાનકડા જ્યૉર્જનું મોં પડી ગયું. તે ધીમેથી બોલ્યો:

'કાળા છોકરાઓને....'

જ્યૉર્જ જાણતો હતો કે તેનો રંગ કાળો હતો. પણ તેનો રંગ કાળો હતો એટલું જ તે જાણતો હતો! કાળા અને ગોરા રંગ વચ્ચે આવો ભેદ શા માટે, એ તે જાણતો ન હતો!

જ્યૉર્જ ઊંડા વિચારમાં ડૂબી ગયો. તેને થયું:

'કાળું ગુલાબ અને પીળું ગુલાબ એ બે આખરે ગુલાબ જ છે. રંગથી એમાં ખાસ ફેર પડતો નથી. તો

પછી લોકો કાળા અને ગોરા માણસો વચ્ચે આવો ભેદ શા માટે રાખતા હશે?

'આ સૂરજદાદા જ જુઓ ને! તે બધે સરખા જ પ્રકાશે છે. વરસાદ પણ બધે સરખો જ વરસે છે. તે કાળા-ગોરાનો કશો ભેદ રાખતા નથી. તો પછી મોઝ કાકા જેવા મોટાં માણસો આવો ભેદભાવ કેમ રાખે છે?'

જ્યોર્જને એનો કશો જવાબ મળ્યો નહિ! એ મૂંઝાઈ ગયો.

પરંતુ તેણે ભણવાનું સ્વપ્નું જતું ન જ કર્યું. તેને શ્રદ્ધા હતી કે, 'પ્રભુ શુભ સંકલ્પ પાર પાડશે. ભણીગણીને ભવિષ્યમાં પ્રભુ પિતા રાજી થાય એવું સત્કાર્ય હું જરૂર કરીશ.'

## ૧૧

## શ્રદ્ધા ફળી

એક દિવસ મોઝિઝે સુસાનને કહ્યું:

'જ્યોર્જને ભણવાની રઢ લાગી છે. વાત તો જાણે સારી છે. પણ એને સમજાવવો શી રીતે કે એમના જેવા કાળા છોકરાને ભણવાની બહુ જરૂર નથી? ખેતીમાં કે એવા કોઈ ઉદ્યોગમાં કંઈ ને કંઈ કામ કરીને જિંદગી ગુજારે તો બસ. પણ એ એટલો નબળો છે કે ખેતીમાં કામ કરવા પણ લાયક નથી!'

સુસાન સાંભળી રહી. મોઝિઝ થોડી વાર થોભીને

આગળ બોલ્યો :

'તે દિવસે હર્મન જેગર કહેતા હતા કે, કાળા છોકરાઓ માટે નિઓશો ગામમાં એક શાળા શરૂ થઈ છે. ત્યાં જ્યોર્જને ભણવા મોકલીએ તો? તને કેમ લાગે છે?'

સુસાને કહ્યું :

'તમારો વિચાર સારો છે. ભલેને એ બિચારો થોડું-ઘણું ભણે. એમ કરતાં કરતાં પ્રભુની કૃપાથી એ આગળ આવે તો સારું.'

સુસાને એ વાત જ્યોર્જને કહી. તે તો એ સાંભળીને ઘેલો ઘેલો થઈ ગયો.

સુસાને એ વાત પોતાની પાડોશણ બાઈ શ્રીમતી મૂલરને જણાવી. તેણે પણ એ વાતને વધાવી લીધી.

સુસાન જરા ગંભીર બનીને બોલી :

'જ્યોર્જ ભણવા જાય એ મને ગમે. પણ ત્યાં નિઓશોમાં એ એકલો કેમ રહેશે એની મને ચિંતા થાય છે! ત્યાં એને કોણ ઓળખતું હોય? વળી તેનું શરીર પણ રાંક છે. એ બધી હાડમારી વેઠી શકશે ખરો?'

મૂલરે કહ્યું :

'આપણે આ બાબતમાં બીજું કરી પણ શું શકીએ? બહુ બહુ તો આપણે કપડાંની વ્યવસ્થા કરી આપીએ. ખરચવા માટે થોડી રકમ આપી શકીએ. એ તો આમ કરતાં કરતાં ઘડાઈ જશે. પ્રભુ સૌનો બેલી છે.'

સુસાને અને મૂલરે જૂનાં કપડાં કાપી-સાંધીને જ્યોર્જ માટે બેએક જોડ કપડાં તૈયાર કર્યાં.

મૂલરે જ્યૉર્જ પાસે પોતાના વાડામાં એકાદ દિવસ બાગકામ કરાવ્યું. સાંજે તેણે જ્યૉર્જના હાથમાં થોડીક રકમ મૂકતાં વહાલથી કહ્યું :

'જ્યૉર્જ બેટા, આ વખતે તને કામ પેટે થોડા પૈસા જ આપું છું. શાળામાં હવે તું ભણવા જવાનો છે ને? તને એ ખરચવા કામ આવશે.'

જ્યૉર્જે ખુશીથી પૈસા લીધા. ગણી જોયા તો એક ડૉલર જેટલી રકમ હતી! તેણે બાઈનો ખૂબ આભાર માન્યો.

નિઓશો જવાનો દિવસ આવી ગયો. સુસાને કપડાંને એક જાડી ગોદડી જેવા કામળામાં મૂકી બાંધી આપ્યાં. રસ્તામાં ખાવા માટે ભાથું બાંધી આપ્યું. નવા જોડા આપ્યા.

નાનકડો નિશાળિયો શાળાએ જવા તૈયાર થઈ ગયો.

સુસાન અને મોઝિઝ તેને વિદાય આપવા ગામની સીમ સુધી ગયાં.

સુસાને જ્યૉર્જને માથે વહાલથી હાથ ફેરવતાં ફેરવતાં ગદ્ગદ કંઠે કહ્યું :

'દીકરા જ્યૉર્જ, ધ્યાન દઈને ભણજે. તને ક્યાંય ને ક્યાંય ઘરકામ મળી રહેશે. તારામાં આવડત છે. રાંધવાનું, ઘર સાફસૂફ કરવાનું, બાગકામ કે વાડીનું કામ, કપડાં કપડાં ધોવાનું — એવું કંઈ ને કંઈ કામ તને મળી રહેશે. કામ કરનારની બધે ખેંચ રહે છે જ. એટલે કોઈ ને કોઈ કામ આપશે જ. ઠંડી પણ છે. રાતે સાથેનો કામળો ઓઢીને સૂજે. શરીર સાચવજે.'

એટલું કહેતાં કહેતાં એનું ગળું ભરાઈ આવ્યું.

ભારે હૈયે જ્યૉર્જ એ લોકોની વિદાય લઈને પ્રભુનું સ્મરણ કરતો નીકળી પડચો.

## ૧૨
## જ્યૉર્જે શાળામાં નામ લખાવ્યું !

જ્યૉર્જ પહેલી વાર આટલે દૂર એકલો જતો હતો. મનમાં ડર લાગતો હતો. પણ ભણવા જવાના ઉત્સાહે તેને બળ આપ્યું. તે પગપાળો નીકળી પડચો.

રસ્તામાં તેને પોતાની ઝૂંપડી યાદ આવતી હતી. મા ગઈ. બહેન ગઈ. છેવટે મોટો ભાઈ પણ તેને છોડીને ગયો! આજે તે પણ બધું છોડીને નીકળી પડચો હતો! એનું દિલ ભરાઈ આવ્યું. ત્યાં પાછું ક્યારે જવાશે! માને કોઈ દિવસ મળાશે ખરું કે?

ચાલતાં ચાલતાં પગ થાકી ગયા. નવા જોડા જ્યૉર્જે પહેર્યા નહોતા. ખાડાટેકરાવાળા પથરાળ રસ્તામાં તે બગડી જાય. તેણે તો એ જોડાને દોરીમાં બાંધી ગળામાં લટકાવી દીધા હતા. શાળામાં પહેરી જવા કામ આવશે.

જ્યૉર્જ ધીમે ધીમે એકલો આગળ વધી રહ્યો હતો. સાંજ થતાં તે નિઓશો ગામમાં આવી ગયો. શાળાનું મકાન બંધ હતું.

હવે રાત કાઢવી ક્યાં? કોઈ તેને ઓળખતું ન હતું.

તેણે સૂવાની જગ્યાની તપાસ કરવા માંડી. દૂર તબેલા જેવું કશું જણાયું. પાસે જઈને જોયું તો ઘોડાનો તબેલો હતો. તે ધીમેથી અંદર દાખલ થયો. નીચે ઘાસ પડેલું હતું.

જ્યૉર્જે ઘાસ પર લંબાવ્યું. તે ખૂબ થાકી ગયો હતો. થોડી વારમાં જ તે ઘસઘસાટ ઊંઘી ગયો.

સવારે આંખ ઊઘડી, ત્યારે અજવાળું થઈ ગયું હતું. તે ઝટ ઊઠી ગયો. કપડાં પર લાગેલું ઘાસ તેણે ખંખેરી નાખ્યું.

જ્યૉર્જ શાળા પાસે ગયો. ઘણાબધા કાળા છોકરાઓ ત્યાં હતા. જ્યૉર્જના દેદાર જોઈને તે બધા હસવા લાગ્યા.

માયકાંગલું શરીર, લઘરવઘર કપડાં, પગમાં નવા જોડા અને પીઠ ભણી હજી કપડાં પર ઘાસ વળગેલું જ હતું!

શિક્ષકે તેને પૂછ્યું: 'છોકરા, તું અહીં ભણવા આવ્યો છે કે?'

જ્યૉર્જે હા કહી.

શિક્ષકે કહ્યું: 'તારું આખું નામ કહે.'

જ્યૉર્જને પહેલી વાર આખું નામ પૂછવામાં આવ્યું!

ગુલામને તો સામાન્ય રીતે એના માલિકના નામે જ ઓળખવામાં આવતો. જ્યૉર્જના માલિકની અટક 'કાર્વર' હતી. એટલે શરૂ શરૂમાં તેને બધાં 'કાર્વરનો જ્યૉર્જ' એમ કહીને બોલાવતાં. પણ ગુલામોની મુક્તિ પછી હવે તેઓ સ્વતંત્ર થયા હતા. એટલે હવે તેઓ એ રીતે ઓળખાતા નહિ.

સુસાન તેને જ્યૉર્જ કાર્વર કહેતી. તેને બાળક ન હતું. એટલે જ્યૉર્જ પર તેને પોતાના દીકરા જેવું જ વહાલ હતું. વળી સુસાનને જ્યૉર્જનો સાચાબોલો સ્વભાવ ગમતો.

અમેરિકાને સ્વતંત્રતા અપાવનાર જ્યોર્જ વૉશિંગ્ટન પણ નાનપણમાં એવા જ સાચાબોલા હતા.

એટલે સુસાને જ્યોર્જને નામ આપ્યું હતું: જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર.

એ યાદ કરીને જ્યોર્જે નામ લખાવ્યું:

'જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર.'

## ૧૩
## વિદ્યા માટે તપ આદર્યું

સાંજે શાળા છૂટી.

બધા છોકરાઓ પોતપોતાને ઘેર જવા લાગ્યા.

જ્યોર્જ ક્યાં જાય? તેને ઘર ક્યાં હતું? તે પેલા તબેલા તરફ જવા લાગ્યો. પણ હમણાં ત્યાં જઈને કરે શું? તબેલાનો માલિક તેને જોઈ જાય તો ભગાડી જ મૂકે!

તેણે ગામ ભણી જવા માંડ્યું. અહીં તહીં કામ માટે તપાસ કરી. પણ આવા માયકાંગલા નાનકડા છોકરાને કામ કોણ આપે?

જ્યોર્જ જરા હતાશ થઈ ગયો. ભૂખ પણ કકડીને લાગી હતી. જ્યોર્જને સુસાનનું ઘર યાદ આવ્યું. ત્યાં તેને મજાનું ખાવાનું મળતું. અહીં અજાણ્યા સ્થળે તેની કોણ સંભાળ લે? તેણે દુકાનેથી કંઈક ખરીદીને નાસ્તો કર્યો.

રાત પડી. તે પેલા તબેલામાં જઈને સૂઈ ગયો.

સવારે પાછો ક્રમ ચાલુ થયો. બીજે દિવસે થોડું કામ મળ્યું. તે રાજી થયો. તે ઉત્સાહથી કામ કરવા લાગ્યો.

પછી તો કંઈ ને કંઈ કામ મળતું રહ્યું. વાળવા-ઝૂડવાનું, બગીચામાં કે વાડીમાં ખોદકામ કરવાનું કે નીંદવાનું, લાકડાં ફાડી આપવાનું, કોઈનો સંદેશો પહોંચાડવાનું — એવું થોડું થોડું કામ મળવા લાગ્યું.

કેટલીક વાર કોઈ માણસ કહે : ‘અલ્યા, મારી સાથે ચાલ. તને કામ અપાવું.’

નાનકડો જ્યૉર્જ તેની સાથે નીકળી પડતો. ખાસ્સા પાંચ છ માઈલ ખરાબ રસ્તે એ માણસ તેને લઈ જતો. ખેતરમાં નીંદવાનું કે ઝાડ કાપવાનું, લાકડાં ફાડવાનું કામ સોંપવામાં આવતું. જ્યૉર્જ એ કામ પણ આનાકાની વગર કરવા લાગી જતો. કામ ન કરે તો એનું પેટિયું કેમ નીકળે ? તેને તો ખૂબ ખૂબ ભણવું હતું. આમ નાસીપાસ થાય એ કેમ ચાલે ?

જ્યૉર્જ માનતો હતો કે, હું અનાથ અને હબસી કોમમાં જન્મ્યો છું એ પ્રભુની એક રીતે કૃપા જ છે. તો જ હું સ્વાશ્રયી અને મહેનતુ જીવન જીવવાની તાલીમ પામી શક્યો છું. જીવનનું ઘડતર સુખચેનમાં કે સગવડમાં થતું નથી. મુશ્કેલીમાંથી હિંમતપૂર્વક માર્ગ કાઢવામાં જ જીવનનું સાચું ઘડતર થાય છે. પ્રભુની આ કૃપા નહિ તો બીજું શું છે ?

આ નાનકડા માયકાંગલા જ્યૉર્જમાં સ્વાવલંબી જીવન ચલાવવાની સમજ આમ આપમેળે ઊગી હતી. તેથી તેનામાં એક બીજો સદ્ગુણ પણ આપોઆપ વિકસ્યો હતો. કોઈ

તેને મફત કંઈ આપે તો તે કદી લેતો નહિ. તે કહેતો કે,

'મારે મફતનું ન જોઈએ. મને કંઈ કામ આપો. કામના વળતરમાં મને આપશો તો મને ગમશે.'

ભગવાન ઈશુએ કહ્યું છે: 'તું તારી રોટી તારો પસીનો ઉતારીને મેળવજે.'

હજી બાઈબલ તેણે વાંચ્યું ન હતું. પણ પ્રભુકૃપાથી તે સહજ રીતે આ ઉપદેશનું પાલન કરતો હતો. મહેનતની રોટીમાં મીઠાશ છે.

બીજું જ્યૉર્જને પોતે કરેલી મજૂરીના બદલામાં દયા ખાઈને કોઈ થોડું વધારે આપે એ પણ ગમતું નહિ. કોઈની દયા પર જીવવું શાને? તે વિવેકપૂર્વક ના પાડી દેતો.

આમ આખો શિયાળો રાતે તબેલામાં છાનામાના ટાઢે થથરતા સૂઈ રહીને અને થોડીઘણી જે મજૂરી મળે તે રાજીખુશીથી કરીને જ્યૉર્જે પસાર કર્યો.

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર મોટપણે આ કપરા દિવસો યાદ કરીને કહેતા:

'ભારે ઝંઝાવાત સમા એ દિવસો હતા. તે દિવસોમાં વેઠેલી હાડમારી વીસરી શકાય એમ નથી. ભૂખે અને ટાઢે હું મરી કેમ ન ગયો, એ મારે મન મોટો કોયડો છે.'

આવી વિટંબણા વેઠીને જ્યૉર્જ ભણવા લાગ્યો. આપણા એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે ને

'सुखार्थिनः कुतो विद्या ?'

સુખની ઇચ્છા રાખનારને વિદ્યા ક્યાંથી મળે? સાચી વિદ્યા પામવા તપ આદરવું પડે.

# ૧૪
# નસીબ બે ડગલાં આગળ!

શાળામાં થોડા વખત પછી રજા પડી. છોકરાઓ ઘેર જઈ વાવણીના કામમાં મદદ કરી શકે એ માટે થોડા દિવસની રજા પાડવામાં આવતી.

હવે જવું ક્યાં? તેના મનમાં જેગર કાકાની વાડી હતી જ. એ ગામથી પાંચ-છ માઈલને અંતરે એમની દ્રાક્ષની વાડી હાડી.

જેગર કાકા તેને યાદ આવી ગયા. જ્યૉર્જને થયું, 'ઘરબાર વિના જ્યાં ત્યાં ભટકીને રજાઓ પૂરી કરવા કરતાં જેગર કાકાની દ્રાક્ષની વાડીએ જાઉં તો સારું. ત્યાં કામનું કામ મળશે અને જ્ઞાનના ભંડાર સમા જેગર કાકાનો પણ લાભ મળશે. તેમણે આપેલી ચોપડી હવે હું થોડા દિવસમાં વાંચતો થઈ જઈશ, એ જાણીને તેઓ ખૂબ રાજી થશે.'

આમ વિચાર કરીને જ્યૉર્જ જેગર કાકાની વાડી ભણી જવા આનંદભેર નીકળ્યો. હરિયાળાં ખેતરો અને ડુંગરા વટાવતો તે આગળ ધપતો હતો. હમણાં સુધી તેને પેટ ભરવા માટે જે તે કામ કરવું પડ્યું હતું. શાળામાં વિદ્યાર્થીઓ કે શિક્ષક પ્રેમથી વર્તતા ન હતા. તબેલામાં રાતે બીતાં-ફફડતાં, ટાઢે થથરતાં પડી રહેવું પડતું હતું. હવે સુંદર હરિયાળી વચ્ચે પોતાને મનગમતું કામ મળશે અને થોડા દિવસ હૂંફાળી ઝૂંપડીમાં નિરાંતે સૂવાનું પણ મળશે.

વળી સાથોસાથ જેગર કાકાનો પિતાતુલ્ય સહવાસ પણ મળશે.

એથી તેના પગ વહેલા વહેલા વાડી ભણી ઊપડતા હતા.

વાડી પાસે ગયો અને તેણે બહારથી બૂમ પાડી: 'જેગર કાકા, જેગર કાકા!'

પણ કશો જવાબ મળ્યો નહિ. તેણે ધીમેથી ઝાંપો ઉઘાડીને અંદર જઈ આમતેમ જોયું. પણ કોઈ દેખાયું નહિ. જેગર કાકા બહારગામ તો નથી ગયા ને!

ત્યાં તો એક અજાણ્યો માણસ સામેના ઘરમાંથી બહાર નીકળ્યો. તેણે પૂછ્યું: 'કેમ છોકરા, અહીં કેમ આવ્યો છે? કોનું કામ છે?'

અજાણ્યા માણસને જોઈને જ્યૉર્જ ઢીલો થઈ ગયો. તેણે થોથવાતા અવાજે કહ્યું:

'જેગર કાકાં ક્યાં છે? મારે એમને મળવું હતું. તેઓ અહીં નથી?'

પેલા માણસે ધીમા અવાજે કહ્યું:

'છોકરા, તું બહારથી આવે છે કે શું? તને ખબર નહિ હોય! જેગર તો થોડા દિવસ પર એકાએક ગુજરી ગયા! હવે હું આ બધું સંભાળું છું.'

એ સાંભળીને જ્યૉર્જ ખૂબ દુઃખી થયો. અરેરે, આવા હેતાળ જેગર કાકા પણ તેને મૂકીને ચાલ્યા ગયા! તેનાં મધુરાં સ્વપ્નાં કડડભૂસ થઈ ગયાં!

તે કશું બોલ્યા વિના હતાશ દિલે ધીમે ધીમે પાછો

ફર્યો. તેનું હૈયું રડી રહ્યું હતું. તેણે એક પ્રેમાળ સહારો ગુમાવ્યો !

## ૧૫
## અણધાર્યો સહારો મળી ગયો

નાનકડો નિશાળિયો જ્યોર્જ ભારે હૈયે નિઓશો પાછો ફર્યો. ત્યાં અહીંતહીં કામ કરવા લાગ્યો અને પેલા તબેલામાં સૂવા જતો.

એક દિવસ તે રાતે તબેલામાં સૂતો હતો. ત્યાં તો વહેલી સવારે અચાનક કોઈનો પગ તેને અથડાયો ! જુએ તો એક માણસ ત્યાં આવ્યો હતો.

તેને જોઈને જ્યોર્જ ગભરાઈ ગયો. તેને થયું, તે આ તબેલાનો માલિક હશે. તે એને હવે બહાર હાંકી મૂકશે !

પેલા માણસે તેને પૂછ્યું : 'અલ્યા, તું કોણ છે ? અહીં શા માટે સૂતો છે ?'

જ્યોર્જ ભયથી કાંપવા લાગ્યો. તે કશું બોલી શક્યો નહિ.

માલિક તરત સમજી ગયો કે, આ કોઈ ગુલામ છોકરો હશે. પોતાના માલિકને ત્યાંથી આ તરફ ભાગી આવ્યો હશે.

માલિકનું નામ શ્રી માર્ટિન હતું. માર્ટિન દંપતી

માયાળુ હતાં. આવા નિરાધાર હબસીઓની મુશ્કેલી તેઓ સમજતાં હતાં. તેઓને મુક્તિ મળી હતી ખરી, પણ એ લોકોની વિટંબણા હજી દૂર થઈ નથી, એ આ દંપતી જાણતાં હતાં.

શ્રી માર્ટિને પ્રેમથી કહ્યું: 'દીકરા, ગભરા નહિ. મારી સાથે ચાલ.'

જ્યૉર્જ એનો પ્રેમાળ અવાજ સાંભળીને જરા સ્વસ્થ થયો. તે એની પાછળ પાછળ ઘરમાં દાખલ થયો.

થોડી વારમાં તેને મજાનો નાસ્તો ખાવા મળ્યો. ઘણા દિવસો પછી તેને હૂંફાળા ઘરમાં આ રીતે નાસ્તો કરવા મળ્યો. તેનું હૈયું ભરાઈ આવ્યું..

નાસ્તો પૂરો થયો, એટલે શ્રીમતી માર્ટિને તેને બાજુની સ્વચ્છ ઓરડીમાં લઈ જઈ કહ્યું: 'દીકરા, તું અહીં થોડી વાર સૂઈ જા. તું ખૂબ થાકેલો લાગે છે.'

જ્યૉર્જને ઘણે વખતે સ્વચ્છ ખાટલી પર સૂવા મળ્યું. થોડી વારમાં જ તે નિરાંતે ઘસઘસાટ ઊંઘી ગયો.

જ્યૉર્જ જાગે એ પહેલાં ઘર પાછળ આવેલી ઝૂંપડીમાં માર્ટિન દંપતીએ જ્યૉર્જ માટે રહેવાની વ્યવસ્થા કરી. જ્યૉર્જ નાનકડી ઝૂંપડીમાં પોતાને માટે કરેલી વ્યવસ્થા જોઈને રાજી રાજી થઈ ગયો. તેણે દયાળુ માર્ટિન દંપતીનો આભાર માન્યો.

જ્યૉર્જ તરત જ કામે લાગી ગયો. તેને બેઠાં બેઠાં ખાવાનું–રહેવાનું ક્યાંથી ગમે? એના બદલામાં તેણે કંઈક તો કરવું જોઈએ ને?

તેણે ઘર-આંગણું વાળી કાઢ્યું. ઘરમાં પણ સફાઈ કરવા લાગી ગયો. શ્રીમતી માર્ટિનને રસોઈમાં પણ મદદ કરવા લાગ્યો. તેણે શ્રીમતી માર્ટિનને કહ્યું : 'મને ઘરનાં કપડાં ધોવા આપો. મને કપડાં ધોતાં આવડે છે.'

બાઈએ થોડાં કપડાં ધોવા આપ્યાં. જ્યોર્જે બરોબર ચોળી કરીને કપડાં બગલાની પાંખ જેવાં સ્વચ્છ કરી નાખ્યાં.

માર્ટિન દંપતી એ જોઈને રાજી રાજી થઈ ગયાં.

પછી તો જ્યોર્જે ઘર-આંગણે નાનો બાગ પણ ઊભો કર્યો.

બેત્રણ દિવસ પછી બાઈએ કહ્યું : 'જ્યોર્જ, થોડા દિવસ પછી શાળા શરૂ થઈ જશે. તું બહાર થોડું થોડું કામ કરી થોડી કમાણી કરી લે, જેથી તને વાપરવા કામ આવે.'

જ્યોર્જ ઘરનું કામ પતાવી બીજે પણ કામ કરવા જવા લાગ્યો. હવે ગામમાં તેને ઘણાં કુટુંબો ઓળખવા લાગ્યાં હતાં. એના કામથી સૌને સંતોષ થયો હતો. જ્યાં જાય ત્યાં તેને કંઈ ને કંઈ કામ મળી રહેતું.

## ૧૬

# પ્રભુનો વાસ ક્યાં છે?

એક દિવસ માર્ટિન દંપતીને થયું, નાનકડા જ્યૉર્જમાં નાનપણમાં જ સારા સંસ્કારોનું આપોઆપ સિંચન થયું છે. પણ તે હજી તેમના સમાજથી સાવ અળગો જ રહી ગયો છે. એટલે તે હમણાંથી એ સમાજ સાથે હળતો-મળતો થાય તો પોતાના સમાજનાં સુખદુઃખ, રીતરિવાજ, વિટંબણા વગેરેથી પણ પરિચિત થાય.

શ્રીમતી માર્ટિને પોતાના પતિને કહ્યું : 'આપણા ગામમાં કાળા લોકો માટેનું દેવળ છે. ત્યાં એને રવિવારે તમે લઈ જાઓ તો? ત્યાં એના સમાજના લોકો સાથે તે પરિચયમાં આવશે. વળી સાથોસાથ તેને ધર્મનું શિક્ષણ પણ મળશે.'

જૉન માર્ટિન કહે : 'તારો વિચાર બરોબર છે. જ્યૉર્જ પોતે જ એકલો દેવળમાં જતો થાય તો સારું.'

તે જ દિવસે જૉન માર્ટિને જ્યૉર્જને કહ્યું :

'જ્યૉર્જ, રવિવારે તું દેવળમાં જવાનું રાખે તો સારું.'

જ્યૉર્જને આજ સુધી કદી દેવળમાં કોઈએ મોકલ્યો નહોતો કે કોઈ લઈ ગયું ન હતું. એટલે તેણે સહજ ભાવે પૂછ્યું :

'દેવળમાં? ત્યાં જઈને લોકો શું કરે છે?'

શ્રીમતી માર્ટિને ભાવભર્યા અવાજે કહ્યું :

'જ્યોર્જ બેટા, દેવળ એ તો પ્રભુનું ઘર છે. પ્રભુ ત્યાં વસે છે.'

જ્યોર્જ કહે :

'પ્રભુનું ઘર તો આખી દુનિયા છે. પ્રભુ ઘરમાં જ પુરાઈ રહે એવું ન બને. મને તો બધે જ પ્રભુનો વાસ દેખાય છે. પશુપંખીમાં, બધી વનસ્પતિમાં, નદી-ઝરણાં-ડુંગરામાં, સૂરજ-ચંદ્ર-તારાઓ-આકાશમાં જ્યાં જુઓ ત્યાં પ્રભુ જ પ્રભુ રહેલા દેખાય છે.'

માર્ટિન દંપતી જ્યોર્જના આવા વિચારો જાણીને રાજી થયાં. તેમને થયું, જ્યોર્જને પ્રભુમાં ઊંડી શ્રદ્ધા છે. પ્રભુનો વાસ બધે જ છે, એમ માનવું — શ્રદ્ધાપૂર્વક એ બહુ મોટી વાત છે. છતાં પણ તે દેવળમાં જાય તો તેનામાં રહેલા ધર્મસંસ્કારો વધારે ઘડાશે.

એટલે શ્રીમતી માર્ટિને હેતથી કહ્યું :

'બેટા, તારી વાત બરોબર છે. પરંતુ પ્રભુની પ્રાર્થના કરવા લોકો દેવળમાં જ જાય છે. આવું પવિત્ર સ્થળ આપણામાં ભક્તિનું સિંચન કરે છે.'

પરંતુ આ નાનકડા 'મોટા' માણસના વિચારો ઓર હતા. તેણે સહજ ભાવે કહ્યું :

'કાકી, દેવળમાં ઘણા લોકો ભેગા થાય. એટલે ત્યાં શાંતિ ન મળે. એના કરતાં વનવગડામાં આનંદ પડે. ત્યાંના શાંત વાતાવરણમાં પરમ પિતા પ્રભુનું સ્મરણ વધારે થાય.'

જ્યોર્જને હવે કહેવું શું ? એ તો મોટા વિચારક

જેવી વાત કરે છે! આ બધું જ્ઞાન તેને મળ્યું ક્યાંથી? શ્રીમતી માર્ટિન તેના માથા પર હેતથી હાથ ફેરવતાં ફેરવતાં બોલી :

'દીકરા, તારા વિચારો ઘણા સારા છે. પણ માણસે સમાજમાં ભળતાં શીખવું જોઈએ. એ રીતે પણ તું રવિવારે દેવળમાં જાય એ સારું છે. ત્યાં ભજનો સાંભળવા મળશે. ત્યાંનું સંગીત પણ ભાવભર્યું હોય છે.'

જ્યૉર્જ ધીમેથી બોલ્યો :

'સારું કાકી; તમે ઇચ્છો છો, એટલે દેવળમાં હું જઈશ.'

રવિવારે જ્યૉર્જ દેવળમાં ગયો. ત્યાં ઘણા લોકો ભેગા થયા હતા. જ્યૉર્જ પહેલી વાર પોતાના સમાજના આટલા મોટા સમૂહ વચ્ચે આવ્યો હતો. તેને જરા સંકોચ થયો. પણ તે ધીમેથી દેવળમાં ગયો અને પાછળની બેઠક પર બેઠો.

સંગીત શરૂ થયું. ભક્તિભાવભર્યું સંગીત તે એકચિત્તે સાંભળી રહ્યો.

પ્રાર્થના પૂરી થઈ. પછી બધા એકબીજા સાથે હળવા-મળવા લાગ્યા. જ્યૉર્જ બધું એકલો ઊભો ઊભો જોયા કરતો હતો.

એવામાં એક ઘરડાં માજી જ્યૉર્જ પાસે આવ્યાં. તેમનું નામ હતું મારિયા. સૌ લોકો તેમના તરફ આદરભાવ રાખતા હતા. સૌ તેમને મારિયા કાકી કહીને જ બોલાવતા.

મારિયા કાકી જ્યૉર્જને માથે હાથ ફેરવીને બોલ્યાં :

'દીકરા, તું એકલો જ દેવળમાં આવ્યો છે? તારાં માબાપ, ભાઈબહેન કોઈ નથી આવ્યું ?'

એ સાંભળીને જ્યૉર્જનું હૈયું ભરાઈ આવ્યું. તેની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં.

મારિયા કાકી બધું સમજી ગયાં. તેમણે નાનકડા જ્યૉર્જને વહાલથી કહ્યું:

'બેટા, ગભરા નહિ. હિંમત રાખ. જેનું કોઈ નથી એનો પ્રભુ છે. એ જ આપણાં સાચાં માબાપ છે, સગાં-સંબંધી છે. તું એકલો નથી. પ્રભુ તારી સાથે હંમેશાં છે.'

એમ કહીને મારિયા કાકી ધીમે પગલે જતાં રહ્યાં.

જ્યૉર્જ તેમને જોઈ રહ્યો. તેમને જોઈને જ્યૉર્જને પોતાની ખોવાયેલી મા મળ્યા જેવો આનંદ થયો. તેની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તે રડમસ અવાજે બોલી ઊઠ્યો:

'મા! મા! તું ક્યાં છે?'

## ૧૭

## વત્સલ માતાની હૂંફ મળી

થોડા વખત પછી માર્ટિન દંપતી ધંધા અર્થે બીજે રહેવા ગયાં. એટલે જ્યૉર્જ પાછો એકલો પડી ગયો. જતાં જતાં એ લોકોએ તેને માટે બીજે ઘેર ગોઠવણ કરી હતી. પણ આવાં પ્રેમાળ સ્વજનોને જતાં જોઈને જ્યૉર્જ હતાશ

જેવો બની ગયો.

તે ગામ બહાર ઊભો રહીને એ લોકોને દૂર દૂર જતાં જોઈ રહ્યો.

ત્યાં તો તેના માથા પર કોઈનો પ્રેમાળ હાથ ફર્યો. જુએ તો મારિયા કાકી!

મારિયા કાકી હેતથી બોલ્યાં:

'દીકરા, ચાલ મારે ત્યાં. તને ગમશે.'

જ્યૉર્જ તેમની સાથે ઘેર ગયો.

મારિયા કાકીનું ઘર નાનું પણ સુઘડ હતું. તેમણે એ નાનકડા ઘરમાં એક બાજુએ પડદો નાખીને જ્યૉર્જ માટે રહેવા-ભણવાની સગવડ કરી આપી.

મારિયા કાકી અને એન્ડી કાકા એકલાં જ હતાં. તેમને સંતાન ન હતું. પણ તેથી શું? પ્રભુ કોઈને એકલાં રહેવા દેતો નથી. મારિયા કાકી ગામમાં દાયણનું કામ કેટલાંય વરસોથી કરતાં હતાં. તેમના હાથે કેટલાંય બાળકોનો જન્મ થયો હતો. એટલે ઘણાં કુટુંબો સાથે તેમને ઘરોબો હતો.

મારિયાને સાઠ વરસ પૂરાં થયાં, ત્યારે ગામલોકોએ એમનું જાહેર સન્માન કર્યું હતું. તે વખતે ભેગાં થયેલાં ઘણાંબધાં કિશોર-યુવાન છોકરાંઓએ મારિયા કાકીના હાથથી જ આ લોકમાં આગમન કર્યું હતું. એ બધાંને જોઈને ડોસીમાની છાતી ગજ ગજ ફૂલી હતી. તેમને થયું, પ્રભુએ ભલે મને સંતાન આપ્યું નહિ, પણ આટલાં બધાં મને ધર્મ-માતા તરીકે બોલાવે છે ને! આના કરતાં મોટું ભાગ્ય કયું?

જ્યૉર્જ પણ તેમની શીળી છાયામાં માતાની હૂંફ

અનુભવવા લાગ્યો. તે ઘરનો જ એક માણસ બની ગયો. તે ઘરકામમાં, સાફસૂફીમાં અને કપડાં ધોવામાં માજીને મદદ કરતો.

સાંજે મારિયા કાકી અને એન્ડી કાકા ફળિયામાં ખુરશી ઢાળીને બેસતાં. જ્યૉર્જ તો હોય જ. શરૂમાં મારિયા બાઇબલમાંથી અમુક ફકરા વાંચતાં, પછી તો જ્યૉર્જને એ કામ તેમણે સોંપ્યું. જ્યૉર્જ બાઇબલ એવા ભાવથી સરસ રીતે વાંચતો કે એ સાંભળવા આસપાસનાં માણસો પણ આવતાં. આમ, જ્યૉર્જને ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથ બાઇબલનો પરિચય થયો.

રવિવારે આખું કુટુંબ દેવળમાં જતું. મારિયા કાકી જ્યૉર્જને કહેતાં :

'આપણે અઠવાડિયાના છ દિવસ બરોબર મન દઈને કામ કરવું. પણ દીકરા, યાદ રાખજે કે રવિવાર એ શાંતિ અને આત્મચિંતનનો દિવસ છે. એ દિવસે શાંત ચિત્તે જીવનનું ચિંતન કરવું અને પ્રભુને પ્રાર્થના કરવી કે, આપણને સત્પંથે દોરે, આપણાથી સત્કૃત્યો થાય.'

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરના જીવન ઉપર આ ઉપદેશની અસર ઊંડી પડી હતી. છેવટ સુધી તે રવિવારનો દિવસ એકાંતમાં શાંત ચિત્તે ચિંતન-મનન કરવામાં જ ગાળતા.

જ્યૉર્જ ત્યાં રહીને શાળાએ પણ નિયમિત જતો.

## ૧૮

# કર્મનું મહત્ત્વ શામાં રહેલું છે?

મારિયા કાકી જ્યૉર્જને બહાર કામ કરવા પણ મોકલતાં, જેથી તે શાળાનું ખરચ તેમાંથી થોડુંઘણું કાઢી શકે.

બહાર કામ કરી આવીને જ્યૉર્જ ઉમંગમાં આવી જઈને કહેતો: કાકી, આજે મેં ઘણાં કપડાં ધોયાં. કામ આપનાર બાઈ રાજી રાજી થઈ ગયાં.... આજે મેં બાગકામ કર્યું. ત્યાં એટલાં બધાં નકામાં ઝાડઝાંખરાં ઊગી નીકળ્યાં હતાં કે બધા ફૂલછોડ એમાં ક્યાં ને ક્યાં ગુમ થઈ ગયા હતા! મેં બધું બરોબર સાફસૂથરું કરી નાખ્યું. ફૂલછોડને ખુલ્લા કર્યા... વગેરે... વગેરે.

એ બધું સાંભળીને એક દિવસ મારિયાએ તેને કહ્યું:

'જ્યૉર્જ દીકરા, ધ્યાન દઈને સાંભળ. તેં કેટલાં કામ કર્યાં એ બધું મારે સાંભળવું નથી. કેટલાં કામ કર્યાં એ મહત્ત્વનું નથી. પણ કેટલાં કામ સારી રીતે કર્યાં એ ખરું મહત્ત્વનું છે.'

આ શિખામણ જ્યૉર્જે જીવનભર યાદ રાખી હતી. મારિયાને ત્યાં બનેલો એક પ્રસંગ તેને બરોબર યાદ રહી ગયો હતો.

જ્યૉર્જે એક બતક પાળી હતી. તેણે ઈંડાં મૂક્યાં. તેમાંથી બચ્ચાં થયાં. જ્યૉર્જે વાડામાં એક બાજુએ શાકભાજી વાવી હતી. બચ્ચાં શાકભાજીનાં કુમળાં પાંદડાં ખાઈ ન

જાય એ માટે તેણે આસપાસ વાડ જેવું કર્યું હતું. પણ કેટલેક ઠેકાણે વાડમાં છીંડાં હતાં.

મારિયા જ્યૉર્જને ઘણી વાર કહેતાં: 'જ્યૉર્જ, વાડને બરાબર સમી કરી દેજે. આ બચ્ચાં અંદર ઘૂસી જશે.'

પણ જ્યૉર્જ બીજાં કામમાં એ વાત ભૂલી જતો. બેચાર દિવસ પછી એ વાડા ભણી ગયો, તો આ શું? બચ્ચાંઓ બધી જ શાકભાજી સફાચટ કરી ગયાં હતાં! અધૂરામાં પૂરું બતક એ બધાં બચ્ચાંઓ સાથે નજીકના તળાવમાં ચાલી ગઈ હતી!

હવે શું થાય? તે બતક અને તેનાં બચ્ચાં પાછાં મેળવવા માટે આખું તળાવ ખૂંદી વળ્યો. પણ તે ખાલી હાથે પાછો ફર્યો.

તેનાં કપડાં અને શરીર કાદવથી ખરડાઈ ગયાં હતાં. એ જોઈને મારિયા હસતાં હસતાં કહે:

'સરસ! સરસ! તને બરોબર બોધપાઠ મળી ગયો! જા, હવે કપડાં કાઢી નાખ અને નાહીધોઈને જમવા જલદી આવી જા.'

જમતાં જમતાં જ્યૉર્જ બોલ્યો:

'મારિયા કાકી, આજે મને સાચો બોધપાઠ મળી ગયો. તમે સાચું જ કહેતાં હતાં કે, આપણે કેટલાં કામ કર્યાં એ મહત્ત્વનું નથી, પણ એ કામ કેટલી સારી રીતે કર્યાં એ જ મહત્ત્વનું છે.'

મારિયા કાકીએ હકારમાં સ્મત ફરકાવ્યું.

## ૧૯

# પ્રગતિ માટે આગળ પ્રયાણ

એ ગામમાં જ્યૉર્જનું ભણવાનું પૂરું થયું. એટલે તે આગળ ભણવા બીજે જવા વિચારવા લાગ્યો. કૅન્સસમાં હબસી વિદ્યાર્થીઓ માટે સારી સગવડ છે, એમ તેણે સાંભળ્યું હતું. એટલે ત્યાં ભણવા જવા માટે તે તૈયાર થયો.

જ્યૉર્જે આ વાત મારિયા કાકી અને એન્ડી કાકાને કહી. તેઓ તેની પ્રગતિમાં આડે આવવા માગતાં ન હતાં. તેમણે રાજીખુશીથી રજા આપી.

જતી વખતે મારિયા કાકીએ જ્યૉર્જને શીખ આપતાં કહ્યું :

'દીકરા, નમ્ર બનજે. હું ખૂબ ભણ્યો છું, મને ખૂબ આવડે છે, એવું અભિમાન કદી કરતો નહિ. વિદ્યા વિનયથી જ શોભે. વળી દીકરા જ્યૉર્જ, પ્રભુમાં વિશ્વાસ રાખજે. તે તને દોરશે.'

એમ કહીને તેમણે જ્યૉર્જના હાથમાં બાઇબલ મૂક્યું.

જ્યૉર્જ બંને પ્રેમાળ સ્વજનોને પ્રણામ કરી ભારે હૈયે ચાલી નીકળ્યો.

તે સાંજ થતાં ફૉર્ટ સ્કૉટ નામના સ્થળે આવી પહોંચ્યો. આ સ્થળે કૅન્સસ પ્રદેશની સિગરામ ગાડીઓ થોભતી. મુસાફરો અહીં જમતા અને રાતવાસો કરતા.

એ સ્થળે ઘણી હોટેલો હતી. એક હોટેલમાં જ્યૉર્જને

કામ મળી ગયું. ફોર્ટ સ્કોટમાં જ શાળા હતી. પણ હજી ત્યાં રજા હતી. શાળા ઊઘડવાને થોડા દિવસની વાર હતી. આટલા દિવસ કાઢવા કેમ? એટલે તે એક હોટેલમાં રસોઈ કરનાર બાઈના મદદનીશ તરીકે કામ કરવા લાગ્યો.

અહીં જ્યોર્જના ફળદ્રુપ ભેજામાં એક વિચાર સ્ફુરી આવ્યો. અહીંની હોટેલમાં ઘણા મુસાફરો મુકામ કરતા હતા. તેમનાં મેલાં કપડાં ધોઈ આપવાનું કામ શરૂ કરવામાં આવે તો?

જ્યોર્જે તરત જ એ કામ પણ સાથે સાથે કરવા માંડ્યું. એને કપડાં ધોતાં સરસ આવડતું હતું. એટલે વધારાની આવક થવા લાગી. શાળાના ખરચ માટે પૈસા તો જોઈએ ને!

શાળા શરૂ થતાં જ્યોર્જ એમાં દાખલ થયો. તે ઉત્સાહભેર ભણવા લાગ્યો. જે પુસ્તક હાથમાં આવે એ રસપૂર્વક વાંચતો. વળી શાળા પછીના સમયમાં તે કોઈને ત્યાં ઘરકામ પણ કરતો.

## ૨૦

## એક પંથ અને બે કાજ

શાળામાં મોટી રજા પડતી, ત્યારે જ્યોર્જને હમેશાં એક સવાલ સતાવતો: રજામાં જવું ક્યાં? પોતાનું ઘરબાર નહોતું! નહોતાં કોઈ સ્વજન!

આ વખતે શાળામાં રજા પડી. જ્યૉર્જને આજુ-બાજુનો રમણીય પ્રદેશ જોવાનું મન થયું. કેલિફોર્નિયા તરફ રસ્તાઓ અને રેલવેનું બાંધકામ ચાલતું હતું.

જ્યૉર્જને થયું, 'આ મજાની તક છે. રજામાં કામનું કામ મળશે અને એ તરફનો પ્રદેશ પણ જોવા મળશે.'

ત્યાં એક માણસ આવા બાંધકામના કામમાં મજૂરી કરનારનાં નામ નોંધવા આવ્યો. જ્યૉર્જે પોતાનું નામ નોંધાવ્યું.

આવા સુકલકડી છોકરાને નામ નોંધાવતો જોઈને કેટલાક લોકો તેની દયા ખાઈને સલાહ આપવા લાગ્યા:

'એય છોકરા, તારા જેવાનું ત્યાં કામ નહિ. માથું ફાડી નાખે એવા કપરા તાપમાં આખો દિવસ સખત ખોદકામ કરવું પડશે. તું તો ત્યાં પૂરો જ થઈ જશે!'

પણ આમ મુશ્કેલીથી ડરે એવો જ્યૉર્જ ક્યાં હતો! હિંમતે મર્દા તો મદદે ખુદા. તે તો બધાની સાથે આ પ્રદેશ ભણી ચાલી નીકળ્યો.

રસ્તાઓ બહુ જ ખરાબ હતા. જેમ તેમ કરીને તે પેલા સ્થળે પહોંચ્યો.

બાંધકામ ખાતાની ઑફિસ આગળ ઘણા મજૂરો નામની નોંધણી કરાવવા હારબંધ ઊભા હતા. જ્યૉર્જ પણ લાઇનમાં ઊભો રહ્યો.

નોંધણી કરનાર માણસ વારાફરતી મજૂરોને બોલાવતો હતો. જ્યૉર્જનો વારો આવ્યો.

આવા માયકાંગલા છોકરાને જોઈને તે બોલી ઊઠ્યો:

'અલ્યા, તું અહીં ક્યાં ટપકી પડચો! તારા જેવા છોકરાનું અહીં કામ નથી. બાજુએ ખસી જા.'

જ્યૉર્જ થોથવાતા અવાજે બોલ્યો:

'પણ...સાહેબ!...'

પેલા માણસે પૂછ્યું: 'જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર તું જ કે?'

જ્યૉર્જ ગભરાટ અનુભવતો બોલ્યો:

'હા જી, સાહેબ.'

પેલાએ ફરી સવાલ પૂછ્યો:

'તારી સાથે કોઈ છે કે?'

જ્યૉર્જ મૂંઝાતો બોલ્યો:

'ના જી, સાહેબ.'

પેલો માણસ કહે:

'તો તો પછી તારું અહીં કામ નહિ! તારા જેવા વટાણિયાનું અહીં શું ગજું!'

જ્યૉર્જ હિંમત ભેગી કરીને બોલ્યો:

'પણ સાહેબ, મને રાંધતાં આવડે છે. એ કામ માટે મને રાખી લો તો મહેરબાની. મારે કંઈ પણ કામ જોઈએ છે.'

પેલો માણસ બોલી ઊઠચો:

'તું પણ ખરો છે! પહેલાંથી ભસી મરતાં શું થયું હતું? જા, ત્યાં જઈને ઊભો રહે.'

બેએક કલાક પછી મોટા સિગરામમાં ઘણા મજૂરો સાથે જ્યૉર્જ પણ બેસી ગયો. રાતે વગડામાં સિગરામ

શોભાવવામાં આવતો. બધા ખુલ્લા આકાશ તળે સૂઈ રહેતા.

જ્યૉર્જને આ તરફના ખુલ્લા આકાશને જોવામાં ખૂબ આનંદ પડયો. તારાઓનાં ઝૂમખાંઓ જોઈને તેનું હૈયું નાચી ઊઠયું.

આમ મુસાફરી કરતાં કરતાં તેઓ બધા બાંધકામ ચાલતું હતું એ સ્થળે આવી પહોંચ્યા.

જ્યૉર્જને રસોડામાં કામ સોંપવામાં આવ્યું. મોટાં મોટાં તપેલાં ચૂલા પરથી ઉતારવાં, બધાને પીરસવું, વાસણ માજી નાખવાં, રસોડામાં સફાઈ કરવી એવાં બધાં કામ તેને કરવાં પડતાં.

આમ કરતાં કરતાં શાળાની રજા પૂરી થવા આવી. એટલે મજૂરીના પૈસા લઈને જ્યૉર્જ ત્યાંથી છૂટો થયો. તે કૅન્સસ ભણી જવા લાગ્યો.

તેનું મન પ્રફુલ્લિત હતું. મહેનતની રોજી કમાયો હતો અને વધારામાં નવા પ્રદેશનું દર્શન થયું. ઘણે વખતે પ્રકૃતિના ખોળે વિહરવાનું મળ્યું હતું.

## ૨૧

## કોઈ પણ કામ માટે તૈયાર!

કૅન્સસના એક ગામમાં જ્યૉર્જ રોકાયો. અહીં રહેવું ક્યાં?

ગામમાં ફરતાં એક હજામની દુકાને તેણે પાટિયું જોયું. તેમાં ચાકથી લખ્યું હતું: નોકર જોઈએ છે.

ભાઈસાહેબને પણ કામ જોઈતું હતું. જ્યોર્જ હજામની દુકાને પહોંચી ગયો.

હજામને મન કોઈ ઘરાક વાળ કપાવવા આવ્યો હશે. પણ આવનારના દેદાર જોઈને હજામ પણ ઠંડો થઈ ગયો. તેણે પૂછ્યું: 'બોલ છોકરા, શું કામ છે?'

જ્યોર્જ બોલ્યો: 'મારે કામ જોઈએ છે.'

હજામને દુકાન સાફસૂફ કરવા અને બીજું આલતુ-ફાલતુ કામ કરવા છોકરો જોઈતો જ હતો. તેણે એને રાખી લીધો.

જ્યોર્જને કામ મળી ગયું અને રાતવાસાનું ઠેકાણું પણ મળી ગયું. એક દિવસ પૂરતી તો નિરાંત! કાલની વાત કાલે.

બીજે દિવસે વહેલી સવારે તે ઊઠ્યો. નજીકમાં એક ઝરણું હતું. ત્યાં જઈને તે બરોબર નાહ્યો. કેટલાય દિવસથી તેને ચોળી ચોળીને નાહવા મળ્યું ન હતું. આજે તેણે શરીર બરાબર ઘસીચોળીને સ્નાન કર્યું. મેલાં કપડાં ધોઈ નાખ્યાં. ચોખ્ખાં કપડાં પહેરી લીધાં.

તેને કકડીને ભૂખ લાગી. ખીસામાં પૈસા તો હતા જ. તે ગામમાં નીકળી પડ્યો. હોટેલો હતી. પણ એમાં દાખલ થતાં તેની હિંમત ન ચાલી. અહીં કાળાગોરા વચ્ચેની દીવાલ આડે આવે તો? કોઈ ના પાડી દે તો?

તે આગળ વધ્યો. એક ઠેકાણે તે એકદમ થોભી

ગયો. સામે સુંદર નાનો બગીચો હતો. ફૂલછોડને જોઈને તેનું મન પુલકિત બની ગયું. ભૂખ પણ ક્યાંની ક્યાં ભાગી ગઈ. ઘણે દિવસે મજાનો બાગ જોવા મળ્યો.

રંગબેરંગી ફૂલડાં તેને સાદ પાડવા લાગ્યાં. પણ રજા વગર અંદર દાખલ કેમ થવાય? કોઈ તેને ધમકાવી કાઢે તો? પણ તેનું મન શાનું માને? તે ધીરેથી અંદર દાખલ થયો. લહેરથી બાગમાં ફરવા લાગ્યો.

એવામાં એક બાઈ ત્યાં આવી પહોંચી. તેણે ધીમેથી કહ્યું: 'છોકરા, તું અહીં શું કરી રહ્યો છે?'

જ્યૉર્જે બાઈ ભણી જોયું. બાઈનો ચહેરો પ્રેમાળ લાગ્યો. જ્યૉર્જની વાચા ઊઘડી ગઈ:

'બાઈસાહેબ, તમારો બાગ મજાનો છે. પણ કેટલાક છોડને ખાતરપાણી બરોબર મળતાં નથી. કેટલાક છોડની આસપાસ નીંદામણ વધી ગયું છે. કેટલાક છોડને છાંટવાની જરૂર છે......'

બાઈ તો આ છોકરાનું ફૂલછોડ અંગેનું જ્ઞાન જોઈને મુગ્ધ બની ગઈ. તેણે એને ત્યાં જ રાખી લીધો.

લ્યુસી કાકીને સંતાન ન હતું. સ્વભાવ તેનો માયાળુ હતો. તેમના પતિ સિમોર કાકા પણ અચ્છા માણસ હતા. જ્યૉર્જ એ પ્રેમાળ કુટુંબમાં સમાઈ ગયો.

તે ક્યાં કોઈને ભારે પડે એવો હતો? કોઈ પણ કામ માટે ભાઈસાહેબ સદા તૈયાર! તેની આંખ કામ શોધવામાં ટેવાયેલી હતી. તે ઘરનું નાનું નાનું કામ જાતે જ શોધીને કરવા મંડી પડ્યો.

ગામમાં જ શાળા હતી. તે એમાં દાખલ થઈ ગયો. શનિ-રવિ અને રજાના દિવસે તે હજામની દુકાને પહોંચી જાય. થોડુંઘણું કામ કરી ખીસાખરચનું મેળવી લે.

પછી થોડા મહિનાઓ બાદ સિમોર કુટુંબ ત્યાંથી મિનાપોલિસ નામના સ્થળે રહેવા ગયું. તેઓ જ્યોર્જને પણ સાથે લઈ ગયાં. આવો કામગરો છોકરો કોને વહાલો ન હોય ?

ત્યાંની હાઈસ્કૂલ સારી હતી. જ્યોર્જ એમાં દાખલ થયો.

પણ ભાઈસાહેબને આળસુ બેસી રહેવાનું ન ગમે. એ અહીં પણ કંઈ કામ મળે એ હિસાબે શોધવા નીકળી પડચો.

તેને ખબર પડી કે, શ્રીમતી પેની નામની બાઈને રસોઈયાની જરૂર છે. જ્યોર્જ ત્યાં પહોંચી ગયો.

જ્યોર્જ ભણી જોઈને બાઈએ કહ્યું : 'છોકરા, તને રસોઈ કરતાં આવડે છે ખરી ?'

આમ તો આજ સુધી જ્યોર્જે રસોડામાં મદદનીશ તરીકે જ કામ કર્યું હતું. રસોઈની બધી જવાબદારી તેણે ઉપાડી ન હતી. પણ તેને તો કામ જોઈતું હતું. એટલે તેણે હિંમતપૂર્વક કહ્યું :

'જરૂર, જરૂર. બાઈસાહેબ, તમે કહેશો એવી રસોઈ કરી આપીશ.'

બાઈએ જરા ગંભીરતાથી કહ્યું :

'મારા પ ત રસોઈની બાબતમાં બહુ કડક છે. એમને

જેવી તેવી રસોઈ ન ચાલે. એમનો મિજાજ જતાં વાર નહિ લાગે. રસોઈમાં જરાક કચાશ જુએ તો થાળી હડસેલીને ઊઠી જાય એવા છે.'

જ્યૉર્જ આમ હિંમત હારે એવો ન હતો. એટલે તે કહે:

'જુઓ બાઈસાહેબ, એમાં ગભરાવા જેવું કશું નથી. પણ થોડાક દિવસ તમારે મોટા સાહેબને ભાવતી રસોઈ કેમ કરવી એ જરા મને શીખવવું પડશે. એક વાર બધું જાણી લઉં, પછી મને જરાયે મુશ્કેલી નહિ પડે.'

લ્યુસીએ તેને કામે રાખી લીધો. જ્યૉર્જને નવું કામ શીખતાં વાર લાગતી નહિ. લ્યુસી પાસેથી તેણે રસોઈ કરવાનું સિફતથી શીખી લીધું. બાઈને ખબર સુધ્ધાં પડવા નહિ દીધી કે ભાઈસાહેબ રસોઈની બાબતમાં નવો નિશાળિયો છે!

આમ કરતાં કરતાં જ્યૉર્જે હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું. હવે શું? તેણે બાંધ ગઠરિયાં કરવા વિચાર્યું. તેને તો જ્ઞાનમંદિરે પહોંચવાની હોંશ હતી. જેગર કાકાના શબ્દો હજી તેના કાનમાં ગુંજતા હતા.

તેણે સિમોર દંપતીની અને લ્યુસી બાઈસાહેબની રજા લઈ આગળ પ્રયાણ કર્યું.

## ૨૨

# મહામૂલી યાદગીરી

હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થયું. હવે કૉલેજમાં જવાનું. પણ કૉલેજમાં જતાં પહેલાં જ્યૉર્જને માતાપિતા સમાન સુસાન-મોઝિઝને મળવા જવાનું મન થયું. માડીની ઝૂંપડી પણ જોવાશે.

દશ વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. હવે જ્યૉર્જ નાનકડો કિશોર મટી યુવાનીમાં પગલાં માંડવા લાગ્યો હતો.

સુસાન કાકી અને મોઝિઝ કાકા હવે ઘરડાં થઈ ગયાં હતાં. તેઓ ભણીગણીને આવેલા જ્યૉર્જને જોઈને ખૂબ રાજી થયાં. જ્યૉર્જ પણ તેમને જોઈને ઘેલો ઘેલો બની ગયો.

જ્યૉર્જની વાતો ખૂટે નહિ અને સુસાન-મોઝિઝ તેની વાતો સાંભળીને થાકે નહિ.

જ્યૉર્જને અમસ્તા બેસી રહેવાનું શાનું ગમે? તે સુસાન કાકીને રસોડામાં મદદ કરવા લાગ્યો, ઘરમાં બધું સાફસૂફ કરવા લાગ્યો; ખેતર અને વાડીમાં મોઝિઝ કાકા સાથે જઈને પોતે મેળવેલા ખેતી અંગેના શિક્ષણનો લાભ આપવા લાગ્યો.

પરંતુ રાતે તે પોતાની જૂની તૂટીફૂટી ઝૂંપડીમાં સૂવા જતો. જૂના દિવસો યાદ કરતો. માતાને, ભાઈને અને બહેનને યાદ કરી આંસુ સારી લેતો.

થોડા દિવસ રહીને તે કૉલેજમાં દાખલ થવા તૈયારી

કરવા લાગ્યો. સૌની ભાવભરી વિદાય લીધી.

પરંતુ જતાં પહેલાં તેણે સુસાન કાકીને અરજ કરતાં કહ્યું :

'સુસાન કાકી, મારે તમારી પાસે એક વસ્તુ માગવી છે. મને આપશો ?'

સુસાને સ્મિત ફરકાવતાં કહ્યું :

'અરે દીકરા. તને ના પડાય ? તારે જે જોઈએ તે ખુશીથી માગ. મને આપતાં આનંદ થશે.'

જ્યૉર્જે ભાવભર્યા અવાજે કહ્યું :

'કાકી, અમારી ઝૂંપડીમાં મારી માનો જૂનો રેંટિયો છે. એ હું લઈ જાઉં ? માની યાદગીરી તરીકે એને હું સાચવીશ.'

સુસાન કાકી જ્યૉર્જના માથા પર હેતથી હાથ ફેરવતાં બોલ્યાં :

'અરે, એમાં પૂછવાનું શું હોય ? જરૂર એ રેંટિયો લઈ જા.'

જ્યૉર્જ માનો રેંટિયો લઈને બધાંને પ્રણામ કરી નીકળી પડ્યો.

અશ્રુભીની આંખે સુસાન-મોઝિઝ તેને જોઈ રહ્યાં.

## ૨૩

# કાળા માટે બારણાં બંધ!

જ્યૉર્જ સિમોર કાકાને ત્યાં આશાભર્યો પાછો આવ્યો. સિમોર કાકાએ કૅન્સસની હાઇલૅન્ડ કૉલેજમાં જ્યૉર્જ માટે અરજી મોકલી હતી. થોડા વખત પછી ત્યાંથી જવાબ આવ્યો.

જ્યૉર્જ આનંદઘેલો બની ગયો. લ્યુસી કાકીએ મુસાફરી માટે એનો સામાન તૈયાર કરી આપ્યો.

જ્યૉર્જે પોતાની માતાનો રેંટિયો એ લોકોને ત્યાં રહેવા દીધો અને તેઓની ભાવભરી વિદાય લઈને પ્રયાણ આદર્યું.

મોટી કૉલેજનું દર્શન થતાં જ્યૉર્જ હરખાઈ ઊઠ્યો. અહીં આગળ ભણવાનું મળશે અને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવશે એ વિચારે તેનું હૈયું નાચી ઊઠ્યું.

કૉલેજના અધ્યક્ષની ઑફિસે તે ગયો. ઑફિસમાં અધ્યક્ષ મહાશય બેઠા હતા. જ્યૉર્જને અંદર દાખલ થતો જોઈને તેમના મોં પરના ભાવ એકદમ બદલાઈ ગયા. જ્યૉર્જે એ જોયું. કંઈ અનિષ્ટ તો નહિ થાય ને, એ વિચારે તે ધ્રૂજી ઊઠ્યો!

અધ્યક્ષે લાગણીવિહીન અવાજમાં કહ્યું:

'માફ કરજો. તમારી કંઈ ગેરસમજ થઈ લાગે છે!'

જ્યૉર્જ થોથવાતા અવાજે બોલ્યો:

'સાહેબ, આપે મને આજે જ મુલાકાત માટે બોલાવ્યો

હતો.'

અધ્યક્ષ વિમાસણમાં પડી ગયા. વિદ્યાર્થી આમ તો રાજ્યની એક સારી હાઈસ્કૂલમાં ઘણા સારા ગુણ મેળવીને ઉત્તીર્ણ થયો હતો. પણ મુશ્કેલી એ વાતની હતી કે, આ કૉલેજમાં કાળાઓને દાખલ કરવામાં આવતા નહોતા!

તેમણે જરા કડક શબ્દોમાં કહ્યું:

'તમે જાતે હબસી છો, એ બાબતની ચોખવટ તમારા અરજીપત્રમાં કરી ન હતી.'

જ્યૉર્જે પોતાનો બચાવ કરતાં કહ્યું:

'પણ સાહેબ, મેં બધા જ પ્રશ્નોના જવાબો બરોબર લખ્યા હતા. એમાં જાતિ અંગે ઉલ્લેખ માગ્યો ન હતો. પછી હું શું કરું?'

અધ્યક્ષ પોતાની કડકાઈ જાળવી રાખીને કહે:

'હું ખરેખર દિલગીર છું. કાળા વિદ્યાર્થીને અહીં કોઈ પણ સંજોગોમાં પ્રવેશ મળી શકે એમ નથી.'

જ્યૉર્જ હતાશ થઈને બારણા ભણી ફર્યો. એટલે અધ્યક્ષે તેને રોકીને કહ્યું:

'તમે શા માટે કૉલેજમાં દાખલ થવા માગો છો, એ મને કહેશો? તમે હાઈસ્કૂલ સુધી અભ્યાસ કર્યો જ છે. તમારી કોમને માટે એટલું પૂરતું છે. હવે વધારે ભણવાની શી જરૂર? કૉલેજ-શિક્ષણ મેળવીને તમે કરશો શું? તમારે માટે ક્યાંય અવકાશ નથી. મને તો લાગે છે કે, તમે તમારો સમય નકામો વેડફી મારશો!'

જ્યૉર્જ બારણા સુધી પહોંચી ગયો હતો. તેણે

આગળો હાથમાં લઈ બારણું ખોલતાં ખોલતાં વિનયપૂર્વક કહ્યું :

'સાહેબ, સમય પ્રભુના હાથમાં છે. હું એટલા માટે કૉલેજમાં જવા માગું છું કે, મારે માટે કરવા જેવું કામ મારી રાહ જોઈ રહ્યું છે અને એ માટે મારે તૈયાર રહેવું જ જોઈએ.'

એમ કહીને ધીમેથી બારણું વાસીને જ્યૉર્જ બહાર નીકળી ગયો.

તેનાં બધાં અરમાનો ધૂળભેગાં થઈ ગયાં હતાં. સૌને તે કહીને આવ્યો હતો કે, હું હવે કૉલેજમાં દાખલ થઈશ. એ બધાંને હું શું મોઢું બતાવીશ ?

તે અન્યમનસ્ક જેવો રસ્તા પર ચાલી રહ્યો હતો. બધે અંધારું છવાઈ ગયેલું લાગ્યું. હવે જવું ક્યાં ? અમારે માટે જ્ઞાનમંદિરનાં બારણાં બંધ ? જ્ઞાન મેળવવામાં પણ કાળા-ગોરાનો આવો ભેદભાવ ?

તે ઊંડા વિચારમાં ડૂબી ગયો. પણ આમ નિરાશ થાય એવો જ્યૉર્જ ન હતો. તેને શ્રદ્ધા હતી કે, પ્રભુ તેની વહારે ધાશે. લાખો નિરાશામાં અમર આશા છુપાયેલી છે જ.

તેણે આગળ વધવા માટે કમર કસી.

## ૨૪

## મથનારને પ્રભુ મારગ બતાવે

જ્યોર્જે બીજે ક્યાંય ન જતાં એ સ્થળ પાસે જ કંઈ કામ મળે તો કરવાનો વિચાર કર્યો. તે ખેતરોમાં મજૂરી કરવા લાગ્યો.

અહીં તેને ખબર પડી કે, પશ્ચિમ કેન્સસમાં સરકાર ભૂમિહીન ખેડૂતોને જમીન આપે છે. એટલે તે ત્યાં ગયો. નિરાશ થઈને માથે હાથ દઈ બેસવાનું તેને ક્યાંથી રુચે ? તેણે બધી નિરાશા ખંખેરી નાખી અને નવેસરથી જીવનને વળાંક આપવાનું નક્કી કર્યું.

એ પ્રદેશમાં ૧૫૦ એકર જેટલી જમીન તેણે રાખી લીધી. ખેતર પર નાનકડું ઝૂંપડું બાંધ્યું. જમીન ખેતી કરતાં ચરાણ માટે કામમાં લેવાય એવી હતી. એટલે તેને ખેતી માટે લાયક કરવા તેણે ઠીક ઠીક શ્રમ કર્યો.

વળી નજીકના ગામમાં ગૌશાળા જેવું હતું. ખેતરમાં કામ ન હોય ત્યારે તે ત્યાં ગાયો દોહવાનું, વાસીદું સાફ કરવાનું વગેરે કામ પણ કરતો.

આ પ્રમાણે થોડો વખત રહી જ્યોર્જ વિન્ટરસેટ ગયો. ત્યાં એક હોટેલમાં કામે લાગ્યો. અહીં જમવા રહેવાની પણ સગવડ હતી.

હવે જ્યોર્જનું યુવાન વયે શરીર પણ પરિશ્રમને લીધે કસાયું હતું. તેની ઊંચાઈ પણ વધી હતી. તે સાવ

સુકલકડી દેખાતો ન હતો.

એક દિવસ ભૂતકાળના દિવસો યાદ કરતાં માર્ટિન દંપતીનું સ્મરણ થઈ આવ્યું. તેઓ તેને રવિવારે દેવળમાં મોકલતાં હતાં. જ્યૉર્જે અહીં પણ રવિવારે દેવળમાં જવાનો વિચાર કર્યો.

રવિવારે તે દેવળમાં ગયો. પાછળના ભાગમાં તેણે બેઠક લીધી. એવામાં સમૂહસંગીત શરૂ થયું. એમાં સુસાન-બાનુ કામ કરતાં જે ભજન ગાતાં હતાં એ જ ગવાતું હતું. જ્યૉર્જને તે આવડતું હતું. એટલે તે પણ ગાયકવૃંદમાં ભળી જઈ ગાવા લાગ્યો. તેના સુરીલા અવાજે લોકોનું ધ્યાન ખેંચ્યું.

એ પછી એક દિવસ જ્યૉર્જ હોટેલના રસોડામાં કામ કરતો હતો, ત્યારે એક અજાણ્યા સજ્જન તેને મળવા આવ્યા.

આવા સારા માણસને આવેલા જોઈને જ્યૉર્જ સંકોચ અનુભવવા લાગ્યો. તેનાં કપડાં પણ મેલાં હતાં!

પેલા સજ્જને એનો સંકોચ તોડવા સ્મિત ફરકાવતાં કહ્યું :

'માફ કરજો, તમને પહેલાંથી જાણ કર્યા વિના હું આવી ચડચો. મારું નામ મિલહોલેન્ડ છે. મારાં પત્નીએ તમને દેવળમાં ગાતાં સાંભળ્યા છે. તે દેવળમાં સમૂહ-ગીતનું આયોજન કરે છે. તમારો મધુર અવાજ તેમને ગમી ગયો છે. માટે તમે એક વાર અમારે ત્યાં આવો, એમ તેમણે કહાવ્યું છે. બોલો, ક્યારે આવશો?'

જ્યૉર્જને આ સાંભળી ધરપત થઈ. સાંજનો સમય તેણે નક્કી કર્યો.

તે સાંજે મિલહોલૅન્ડ દંપતીએ પ્રેમથી જ્યૉર્જને આવકાર આપ્યો. શ્રીમતીજીએ પિયાનો પર મધુર ગીતો વગાડી-ગાઈ સંભળાવ્યાં. થોડા સમયમાં તેઓ જ્યૉર્જના મિત્રો જેવાં બની ગયાં. ઘેર જતાં જતાં જ્યૉર્જે પોતાને કૉલેજમાં થયેલો કડવો અનુભવ કહી સંભળાવ્યો.

પછી તો શ્રીમતી મિલહોલૅન્ડ જ્યૉર્જને સંગીત શીખવવા લાગી. જ્યૉર્જને આમ મફતનું ક્યાંથી ખપે? તેણે કહ્યું :

'બાઈસાહેબ, મને બાગકામ સારું આવડે છે. હું તમને સરસ બાગ બનાવી આપીશ.'

એક દિવસ જ્યૉર્જ બાગકામ કરતો હતો, ત્યારે શ્રી મિલહોલૅન્ડે જ્યૉર્જને બોલાવ્યો. એક યુવાનની ઓળખાણ આપતાં તેમણે કહ્યું :

'જ્યૉર્જ, આ મારો ભત્રીજો છે. તેનું નામ ડાન બ્રાઉન છે. તે સિમ્પસન કૉલેજમાં ભણે છે. મેં તેને તારી બધી વાત કરી છે. તારે ત્યાં ભણવા જવું છે? ડાન બધી વ્યવસ્થા કરી આપશે.'

જ્યૉર્જે પોતાના મનની મૂંઝવણ જણાવતાં કહ્યું : 'પણ તેઓ કાળા વિદ્યાર્થીને દાખલ કરે છે ખરા? મને તેઓ દાખલ કરશે?'

ડાન બ્રાઉને હસતાં હસતાં કહ્યું :

'તમે ચિંતા ન કરો. ત્યાં એવો ભેદભાવ નથી.'

જ્યોર્જે બીજો પ્રશ્ન પૂછ્યો :

'ત્યાં કોઈ હબસી વિદ્યાર્થીઓ ભણે છે ખરા ?'

ડાને કહ્યું :

'કોઈ ભણતું તો નથી. પણ તમને કશો વાંધો નહિ આવે.'

છેવટે જ્યોર્જનું સ્વપ્નું ફળ્યું. તેને કૉલેજમાં પ્રવેશ મળી ગયો.

જ્યોર્જે પ્રભુનો આભાર માન્યો.

## ૨૫

## જીવન-કર્તવ્ય કેમ ભુલાય ?

જ્યોર્જને સિમ્પસન કૉલેજમાં સારું ફાવી ગયું. તેની ચિત્રકળાનો પણ અહીં સારો વિકાસ થયો. સંગીતમાં પણ તેણે સારી પ્રગતિ કરી.

એમ કરતાં કરતાં ત્રણ વર્ષ જોતજોતામાં પસાર થઈ ગયાં. અહીંનો અભ્યાસ પૂરો થયો. હવે પછી શું કરવું ?

જ્યોર્જ એકલો એકલો વિચારવા લાગ્યો.

ચિત્રકામમાં પ્રગતિ જોઈને ત્યાંના ચિત્ર-શિક્ષકે જ્યોર્જને પેરિસ જવા સૂચવ્યું. ત્યાંના વિશ્વવિદ્યાલયમાં એની આ દિશામાં સારી પ્રગતિ થશે એમ જણાવ્યું. એની ખ્યાતિ પણ વધારે થશે એમ કહ્યું.

પણ જ્યોર્જના મનમાં બીજી જ ગડમથલ ચાલતી હતી.

મિલહોલૅન્ડને ત્યાં ડાન બ્રાઉને છેલ્લે છેલ્લે જે વાત કહી હતી, એ તેને યાદ આવી. ડાને કહ્યું હતું:

'... જ્યોર્જની કોઈ મોટામાં મોટી શક્તિ કે કુદરતી બક્ષિસ હોય, તો તે વનસ્પતિ-ઉછેરની છે. ચિત્ર દોરીને કુદરતની કૃતિઓની આબેહૂબ નકલ કરવામાં કે પિયાનો ઉપર સુંદર ગાઈ-બજાવવામાં તેની શક્તિ વેડફાઈ જાય એ બરાબર નથી. કુદરતના જીવંત પ્રાણવંત જગતમાં જ તેની શક્તિ વધારે પાંગરશે.'

વળી હર્મન જેગરના પેલા શબ્દો તો એને દીવાદાંડી રૂપ જ બની ગયા હતા:

'તારા હાથ તો ખેડુના છે.'

જ્યોર્જને પ્રથમ વાર ગંભીર નિર્ણય કરવાનો વખત આવ્યો હતો.

ચિત્રકામ કે સંગીત પાછળ, નામના અને કીર્તિ પાછળ પોતાનું જીવન-કર્તવ્ય કેમ ભુલાય? પોતે જે સહન કર્યું હતું અને તેના જાતિભાઈઓ જે સહન કરી રહ્યા હતા એ બધું શી રીતે ભૂલી શકાય? એ તો આત્મઘાત કહેવાય!

જ્યોર્જમાં રહેલો કુદરત-ઘેલો આત્મા પણ તેને ઢંઢોળીને જાગ્રત કરતો હતો.

છેવટે બધાં પ્રલોભનો ખંખેરીને જ્યોર્જે કૃષિ વિદ્યાલયમાં ભણવાનો નિર્ણય કર્યો. તે બોલી ઊઠચો:

'મારે જીવન ધબકતું કરવું છે; તેની માત્ર નકલ કાગળ પર ઉતારવી નથી.'

## ૨૬
# પ્રેમાળ હૈયાંની હૂંફ

આયોવા રાજ્યના કૃષિ મહાવિદ્યાલયમાં જ્યૉર્જને પ્રવેશ મળતાં મુશ્કેલી ન પડી. સિમ્પસન કૉલેજની તેની પ્રગતિ અને તેને મળેલા ભલામણપત્રો તેને સહાયરૂપ થયાં.

પરંતુ બીજી મુશ્કેલી આવી પડી! ત્યાંના છાત્રાલયમાં કાળા વિદ્યાર્થીને રાખવામાં આવતા ન હતા. હવે શું કરવું? એ કૉલેજમાંના પ્રાધ્યાપક જેમ્સ વિલ્સન માયાળુ માણસ હતા. તેમને આ વાતની જાણ થઈ. વિલ્સને જ્યૉર્જને બોલાવીને કહ્યું :

'જ્યૉર્જ, તું મારી ઑફિસમાં રહેવા આવી જા. એ લોકોને એમના નિયમો પાળવા દો.'

જ્યૉર્જ ઑફિસમાં રહેવા લાગી ગયો.

હવે જમવાનો પ્રશ્ન ઊભો થયો!

ગોરા વિદ્યાર્થીઓ સાથે તે ભોજનગૃહમાં જમી શકે નહિ. એને જમવું હોય તો નોકરો સાથે બેસીને ભલે જમે.

જ્યૉર્જને તો કોઈ પણ હિસાબે આગળ ભણવું હતું. એટલે તે આ અપમાનનો ઘૂંટડો ગળી ગયો. તે નોકરો સાથે જમવા લાગ્યો. આમાં તેને નાનમ નહોતી લાગતી. પણ ઊંચ-નીચનો ભેદભાવ તેને રુચ્યો નહિ. પણ થાય શું?

એક દિવસ જ્યોર્જે સિમ્પસન કૉલેજનાં શ્રીમતી લિસ્ટનને પત્ર લખ્યો. કૃષિ કૉલેજની બીજી વાતો સાથે તેણે આ વાત પણ જાણ ખાતર લખી.

એ પત્ર મળતાં જ પ્રેમાળ શ્રીમતી લિસ્ટન એઇમ્સ આવી પહોંચ્યાં. તે આખો દિવસ જ્યોર્જ સાથે રહ્યાં. જમવાનો વખત થયો. જ્યોર્જ નોકરો સાથે જમવા બેઠો. આ ભલાં સન્નારી પણ જ્યોર્જની સાથે એ પંગતમાં જમવા બેઠાં !

આ જોઈને ગોરા વિદ્યાર્થીઓને થયું, આ હબસી વિદ્યાર્થી જેવો તેવો માણસ નથી. પછી જ્યોર્જને બીજા બધા વિદ્યાર્થીઓ સાથે જમવાની છૂટ મળી ગઈ.

## ૨૭
## કૃષિ કૉલેજના અધ્યાપક પદે

જ્યોર્જે કૃષિ કૉલેજનો અભ્યાસ ઉચ્ચ કક્ષા મેળવીને પૂરો કર્યો. ૧૮૯૪માં તે વિજ્ઞાનના સ્નાતક થયા. આયોવાની કૉલેજના ઉત્તમ વિદ્યાર્થીઓમાં તેમની ગણના થઈ.

આભ્યસ પૂરો થતાં જ જ્યોર્જ સામે પેલો હમેશનો પ્રશ્ન — મૂંઝવતો પ્રશ્ન — પાછો આવીને ખડો થઈ ગયો :

'હવે પછી શું ?'

તેમને ભૂતકાળના દિવસો યાદ આવી ગયા. દરેક જણ જ્યોર્જને કહેતું :

'તારા જેવા કાળા છોકરાને વધારે ભણવાની શી જરૂર? થોડું વાંચતાં-લખતાં આવડે એટલું પૂરતું છે. તારા નસીબમાં તો કાળી મજૂરી જ લખેલી છે. ખેતી-કામ કરતાં અને બીજી મજૂરી કરતાં આવડે એટલું બસ છે. એથી તારું ગુજરાન ચાલ્યા કરશે.

'વળી કૉલેજમાં ભણવાના અભળખા રાખવા તને પાલવે એમ નથી. તારા જેવાને કોઈ સારી નોકરી નહિ આપે. એવી આશા સેવવી એ અંધારામાં બાચકા ભરવા બરોબર છે. એટલાં વરસ નકામાં શા માટે વેડફી મારે છે? એના કરતાં ડાહ્યો થઈને કંઈ કામ કરવા લાગી જા. એમાં જ તારું ભલું છે.'

આ બધા શબ્દો તેમના કાનમાં અથડાવા લાગ્યા. તે પોતાની કોટડીમાં આવીને સૂનમૂન બેસી રહ્યા. સામે પોતાની વહાલસોયી માતાનો રેંટિયો હતો. એની સામે ઘૂંટણિયે પડીને જુવાનજોધ જ્યૉર્જ રડવા લાગ્યા. તેમનું હૈયું પોકારી ઊઠ્યું:

'મા, મા, તું મને પાછી જોવા મળી જ નહિ! તું ક્યાં છે, મા? તારા વિના હું આ દુનિયામાં એકલોઅટૂલો રખડ્યા કરું છું. ક્યાંય તારા હેતાળ ખોળા જેવો સહારો નથી! શું કરું, મા!

'આજે હું આટલું બધું ભણ્યો છું, પણ મારી આગળ અંધારું જ છે! મારા જેવા કાળા અનાથ છોકરાનો કોણ ભાવ પૂછે? હે પ્રભુ, મને મારગ બતાવ. મારું રક્ષણ કર.

'પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવન-પંથ ઉજાળ.
દૂર પડ્યો નિજ ધામથી હું ને,
ઘેરે ઘન અંધાર;
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં,
નિજ શિશુને સંભાળ.
મારો જીવન-પંથ ઉજાળ....'

તે ડૂસકાં ભરતા ભરતા પડી રહ્યા. સાંજ થઈ ગઈ હતી. ઓરડીમાં અંધારું વ્યાપી ગયું.

ત્યાં તો કોઈનો પ્રેમાળ સાદ કાને પડ્યો :

'જ્યોર્જ, જ્યોર્જ, અહીં તું શું કરે છે?'

જ્યોર્જે બારણા ભણી જોયું તો પ્રાધ્યાપક વિલ્સન સાહેબ ઊભા હતા!

જ્યોર્જ કાર્વર સફાળા બેઠા થઈ ગયા. આંખો લૂછતા લૂછતા તે સામે ગયા.

વિલ્સન સાહેબ તેમના ખભા પર હેતથી હાથ મૂકીને બોલ્યા :

'અરે, અમે તારી વેર ક્યારનાં રાહ જોઈએ છીએ. આજે તો તારે અમારી સાથે ભોજન લેવાનું છે. શ્રીમતી વિલ્સને મને તને લેવા મોકલ્યો છે.

'અને હાં, તને ખબર પડી કે? તું તો આપણી કૉલેજમાં અધ્યાપક તરીકે નિમાયો છે. અમારાં ખૂબ ખૂબ અભિનંદન!'

જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર વિલ્સન સાહેબ ભણી અહોભાવથી જોઈ જ રહ્યા.

## ૨૮
## 'હું આવીશ'

આ જ અરસામાં બૂકર ટી. વૉશિંગ્ટન નામના બીજા એક હબસી પુરુષાર્થી યુવાને પોતાની કોમનાં છોકરાંઓ માટે ટસ્કેજી મુકામે શાળા શરૂ કરી હતી. ત્યાં તેમણે ઉદ્યોગ દ્વારા શિક્ષણનો ક્રાન્તિકારી પ્રયોગ આદર્યો હતો.

બૂકર ટી. વૉશિંગ્ટનની સંસ્થા પાસે પૂરતી જમીન હતી. પણ એ જમીનની સુધારણા કરી વિદ્યાર્થીઓને ખાવા માટે અનાજનું ઉત્પાદન કરી શકે એવો કુશળ કાર્યકર એમની પાસે નહોતો. ગોરો કૃષિ-શિક્ષક આ કાળા માણસોની શાળામાં ક્યાંથી આવે ? એટલે બૂકર ટી. વૉશિંગ્ટન એવા માણસની શોધમાં હતા.

એવામાં એક વાર બૂકરને એક ભાઈએ એવા સમાચાર આપ્યા કે, 'હબસી કોમનો એક યુવાન કૃષિ સ્નાતક થયો છે. તેની કાર્યકુશળતા અને જ્ઞાન જોઈને આયોવાની કૃષિ કૉલેજે એને અધ્યાપક તરીકે રોકી લીધો છે. તેના હાથમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે, પાણીમાંથી પણ ધાન પેદા કરી શકે.'

આ સમાચાર સાંભળીને બૂકર આનંદ પામ્યા. તેમણે પૂછ્યું :

'એ યુવાનનું નામ શું ?'

પેલા ભાઈએ કહ્યું :

'જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર.'

બૂકરને થયું, 'એ ક્યાંના હશે? પોતાની કોમનાં બાળકોને સંસ્કાર આપવાના આવા કપરા કામમાં આવવા એ તૈયાર થશે ખરા? એ કૉલેજમાં એમનું પ્રતિષ્ઠિત સ્થાન છોડીને એ અહીં મજૂર જેવું કામ કરવા આવશે ખરા?'

આવી ગડમથલ એમના મનમાં ચાલવા લાગી. છેવટે એમણે વિચાર્યું કે, 'એમને કાગળ તો લખી જોઉં. એમના દિલમાં પ્રભુ વસે તો આવવા તૈયાર થઈ પણ જાય. ન આવે તો અમારું નસીબ!'

બૂકર ટી. વૉશિંગ્ટને પોતાની પરિસ્થિતિનો સાચો ચિતાર આપતો પત્ર જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરને લખ્યો. એમાં તેમણે જણાવ્યું :

'... ઉઘાડા પગે માઈલો ખૂંદીને હબસી બાળકો શાળામાં આવે છે. નાગાં-અધભૂખ્યાં, દૂબળાં-પાતળાં! તમને કદાચ એ બાળકોની કંગાલિયત અને મુશ્કેલીઓનો ખ્યાલ નહિ આવે. એ તો નજરે જુઓ તો જ ખબર પડે. કદાચ તમે એવી મુશ્કેલીઓમાં જીવન વિતાવ્યું નયે હોય....'

'... આ બધાં વિદ્યાર્થીઓને ખેડતાં, વાવતાં કે લણતાં કંઈ આવડતું નથી. મને પોતાને પણ એ આવડતું નથી. એવું કામ વ્યવસ્થિત કરવાની કે શીખવાની મને તક મળી નથી. હું એ વિદ્યાર્થીઓને લખતાં-વાંચતાં શીખવું છું, સારા જોડા સીવતાં શીખવું છું, સારી ઈંટો પકવતાં શીખવું છું અને મકાન ચણતાં શીખવું છું; પણ હું તેમને પૂરતું ખાવાનું આપી શકતો નથી, તેથી તેઓ ભૂખે મરે છે!

'એટલી વાત ખરી કે હું તમને પૈસા આપી શકું એમ નથી, સારો હોદ્દો આપી શકું એમ નથી કે સારી પ્રતિષ્ઠા આપી શકું એમ નથી. આમાંનાં પહેલાં બે તો તમે પ્રાપ્ત કર્યાં જ છે. છેલ્લું પણ તમે ત્યાં રહીને અવશ્ય પામી શકશો જ.

'આ બધું હવે તમને છોડવા હું કહી રહ્યો છું ! એના બદલામાં કામ, કપરામાં કપરું કામ, બીજું કંઈ નહિ પણ કામ — આપણી દબાયેલી, કચડાયેલી, તરછોડાયેલી પ્રજાને પૂર્ણ માનવતા અર્પતું કામ.'

એ પત્ર જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરના હાથમાં આવ્યો. તેમણે શાંતિથી આખો પત્ર વાંચ્યો.

પત્ર વાંચીને તે ઊંડા વિચારમાં ડૂબી ગયા. તે ધીમેથી ઊઠ્યા. વિચારમગ્ન સ્થિતિમાં રસ્તા પરથી પસાર થવા લાગ્યા. રસ્તે ચાલનાર લોકોએ એમને સલામ કરી, બોલાવ્યા; પણ એ તરફ તેમનું ધ્યાન ન હતું.

શહેરની બહાર એકાંતમાં ઝરણા પાસે જઈને તે બેઠા. પત્ર કાઢીને તેમણે ધીમે ધીમે વાંચ્યો.

કાર્વરનું દિલ હલી ઊઠ્યું. તેમણે પોતાની થેલીમાંથી એક કાગળ કાઢ્યો. કાગળમાં માત્ર આટલું જ લખ્યું :

'હું આવીશ.'

પછી પરબીડિયા પર ટસ્કેજીનું સરનામું કરીને કાગળ ટપાલપેટીમાં નાખી તે ધીમે પગલે પાછા ફર્યા.

## ૨૯
## બધું છોડીને ચાલી નીકળ્યા

જ્યૉર્જ માટે કૃષિ કૉલેજનું કામ છોડવું અઘરું હતું. એટલી આત્મીયતાથી તેમણે કામ કર્યું હતું કે થોડા વખતમાં જ તે વિદ્યાર્થીઓના અને અધ્યાપકોના માનીતા થઈ ગયા હતા.

પ્રાધ્યાપક વિલ્સનના તો તે લાડીલા વિદ્યાર્થી જ હતા. બંને વચ્ચે સ્નેહભર્યો સંબંધ બંધાયો હતો. તેમની આગળ આ વાત કેમ મૂકવી એની ભારે મૂંઝવણ જ્યૉર્જને થવા લાગી.

હિંમત ભેગી કરીને તેમણે બૂકરનો પત્ર એમની આગળ ધર્યો.

વિલ્સન સાહેબ શાંતિથી પત્ર વાંચી ગયા. વિલ્સને તેમના ભણી જોયું.

જ્યૉર્જે ધીરેથી કહ્યું:

'મેં તેમને આવવાનું લખી નાખ્યું છે.'

વિલ્સન સાહેબે ઊંડો શ્વાસ લઈને કહ્યું:

'એ સિવાય બીજા કશાની આશા તારી પાસેથી રાખી શકાય એમ છે જ નહિ. અમે તને રોકી શકત જ નહિ. ભલે, ખુશીથી જજે. અમે તને રોકી શકીએ નહિ.'

વિલ્સન સાહેબનો મનોભાવ તો એમણે લખેલા પત્ર પરથી જ સમજી શકાય એમ છે:

'બીજા કોઈ પણ વિદ્યાર્થી કરતાં વધારે નિકટતા મારે કાર્વર સાથે રહી છે. મેં તેને શરૂઆતમાં થોડીક મદદ કરેલી.

'પરંતુ એનો બદલો તેણે વ્યાજ સાથે વાળી આપ્યો હતો. તેનો તનતોડ પરિશ્રમ જોઈને મારી છાતી ગજ ગજ ફૂલે છે.

'...સંસ્થાની ફૂળવાડી, ખેતર અને બગીચા પાછળ તેની અથાક મહેનત અને ધગશ રહેલાં છે. આ બાબતમાં તેની બરોબરી કરી શકે એવું અહીં બીજું કોઈ નથી.

'...જ્યોર્જ કાર્વરથી છૂટાં પડવું એ મારે માટે ખરેખર ખૂબ જ વસમું થઈ પડશે. બીજા કોઈ વિદ્યાર્થી માટે કદાચ મને એવું ન લાગે. તેનો બરોબરિયો મેળવવો મુશ્કેલ છે; અરે! અશક્ય છે. વિદ્યાર્થીઓ ઉપર તેના જેવો ધાર્મિક પ્રભાવ પાડનાર મેળવવો પણ દુર્લભ છે.

'અહીંથી છૂટી થતી કોઈ વ્યક્તિ માટે આટલા લાગણીભર્યા શબ્દો મારે મોઢેથી નહિ નીકળ્યા હોય. પણ મને ખાતરી છે કે એ બધા શબ્દો સાર્થક છે...'

બીજે દિવસે વિલ્સન સાહેબ સાથે જ્યોર્જ સંસ્થાના પ્રમુખ ડૉ. પમેલ પાસે ગયા. તેમને પત્ર વંચાવી બધી વાત કહી.

ડૉ. પમેલ પણ આવા અધ્યાપક ખોવા શાના તૈયાર થાય? પરંતુ જ્યોર્જ પોતાની કોમને માટે જે અદ્ભુત ત્યાગ કરી રહ્યા હતા એ ધર્મકાર્યની આડે આવવાનું તેમને ઉચિત ન લાગ્યું.

થોડી વાર ડૉ. પમેલ શાંત બેસી રહ્યા. પછી ભાવભર્યા અવાજે તે બોલ્યા :

'જ્યૉર્જ, જા, જરૂર જા. પ્રભુના તારા પર આશીર્વાદ છે.

'આજના જમાનામાં આપણે જીવનની સાચી મહત્તા તરફ આંખમીંચામણાં કરવા ટેવાઈ ગયા છીએ. આ માણસ તને ધન, પ્રતિષ્ઠા અને હોદ્દો છોડવા લખે છે, પણ એને બદલે એ તને અમરત્વ આપે છે.'

ડૉ. પમેલે જ્યૉર્જ ભણી ખૂબ ભાવથી – હેતથી જોયું. આંખમાં આંસુ સાથે તે બોલ્યા :

'જ્યૉર્જ જા. પ્રભુ સાથે પ્રયાણ કર.'

અને થોડા દિવસ પછી સંસ્થાનું બધું કામ બરોબર ગોઠવીને જ્યૉર્જે પ્રભુ સાથે પ્રયાણ કર્યું.

## ૩૦

## ટસ્કેજીમાં કાર્વરે પ્રયોગશાળા ઊભી કરી

ઈ. સ. ૧૮૯૬ની આખરમાં જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર ટસ્કેજી સંસ્થામાં જોડાયા. બૂકર ટી. વૉશિંગ્ટને એમને ઉમળકાભેર આવકાર્યા.

બૂકર આવી પ્રતિભાશાળી વ્યક્તિઓની શોધમાં જ હતા. એ જમાનામાં હબસી વિદ્યાર્થીઓ માટે ગોરા વિદ્વાનો ક્યાંથી મળે? અને હબસી કોમમાં હજી એવા

વિદ્વાનો પાકયા ન હતા. એ વખતે પોતાની જ કોમના આવા મહાન વિજ્ઞાની સાધુચરિત મહાનુભાવ અચાનક મળી ગયા એ ખરેખર પોતાનું, સંસ્થાનું તેમ જ હબસી કોમનું પરમ સદ્‌ભાગ્ય જ ગણાય.

બૂકરે એટલે જ કહ્યું હતું :

'ઈશ્વરે સર્જેલી મહાવિભૂતિઓમાંની આ એક છે. આવા બીજા બે-ચાર આપણી પાસે હોય તો કેવું સારું !'

બંને મહાન વિભૂતિઓ એકબીજીને પ્રેમથી ભેટી. કાર્વરે તો આવતાંવેંત જ પૂછવા માંડ્યું :

'પ્રયોગશાળા ક્યાં છે ?'

બૂકરે તેમનો હાથ પ્રેમથી દબાવીને કહ્યું :

'અરે, એને માટે તો વિશાળ જગ્યા છે. તમે શરૂ કરો એટલી જ વાર છે.'

કાર્વર સમજી ગયા. તેમણે હસીને કહ્યું :

'વાહ ! ભાઈ, વાહ ! તમારી મતલબ સમજ્યો. તમે મને પ્રયોગશાળા માટે જમીન જ આપી શકો એમ છો !'

વૉશિંગ્ટન હસતા હસતા બોલ્યા :

'બીજું મારા જેવો તમને શું આપી શકે ? ઈશ્વરે તમને એ માટે બુદ્ધિ તો ખૂબ ખૂબ આપી છે. એમાં અમે ચંચુપાત કરી શકીએ એમ નથી.'

કાર્વર ઉમળકાથી કહે :

'આપણે બંને મળીને જરૂર કંઈક ઊભું કરી શકીશું. ઝાઝા હાથ રળિયામણા. પ્રભુ આપણી સાથે જ છે. આપણે

જરૂર બધું ઊભું કરી શકીશું.'

વિજ્ઞાનશાસ્ત્રીને પ્રયોગશાળા વિના ક્યાંથી ચાલે? પણ ટસ્કેજી સંસ્થા પાસે એ ઊભી કરવા માટે પૂરતા પૈસા ન હતા.

કાર્વર આમ નાસીપાસ થાય એમ ક્યાં હતા? તે માનતા હતા:

'ફલાણું હોય તો હું જરૂર કરી શકું, એમ કહેવું ઠીક નહિ. પોતાની પાસે સગવડ હોય તો માણસ કંઈ પણ કરી શકે. એમાં સાચો પુરુષાર્થ રહેલો નથી. આસપાસ જે કંઈ હોય તેમાંથી એકું કરવામાં જ મજા છે, કૃતાર્થતા છે.'

એક દિવસ કાર્વરે વર્ગમાં વિદ્યાર્થીઓને કહ્યું:

'દોસ્તો, પહેલાં કદી ન થયું હોય એવું કંઈક કરવા, નવો ચીલો પાડવા આજે આપણે જવાનું છે.

'આજે આપણે શાળાની બહાર નીકળવાનું છે, આખા ગામમાં ફરી વળવાનું છે. શા માટે એ જાણો છો?

'આપણે એક પ્રયોગશાળા ઊભી કરવાની છે. એ માટે આપણે શું કરીશું?

'ગામના ઉકરડે ઉકરડે આપણે પહોંચવાનું છે. ગામની બહેનો પાસે માગવાનું છે: અમને ભાંગ્યાંતૂટ્યાં વાસણો આપો, નકામાં કપડાં આપો, જૂનાં ફાનસ, જે કંઈ નકામું પડી રહ્યું હોય એ બધું આપો.

'એ બધા ભંગારમાંથી આપણે સર્જન કરીશું, પ્રયોગશાળા ઊભી કરીશું.

'ચાલો, આપણે બધાં જઈએ. જે મળે તે લઈ

આવીએ. ઈશ્વર આપણી જરૂરિયાતોને બરોબર જાણે છે. એ આપણને એ બધું જરૂર આપશે.'

અને બધાં વિદ્યાર્થી ભાઈબહેનો ઉત્સાહભેર કાર્વર સાથે બહાર નીકળી પડયાં.

વિદ્યાર્થીઓ જાતજાતનું ભેગું કરીને લઈ આવ્યાં. કાર્વરે સૌને ધન્યવાદ આપ્યો. બધી વસ્તુઓ તેમણે સાચવીને મૂકી. તેમણે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ પાઠ શીખવ્યો કે, દુનિયામાં કશું નકામું નથી. નાનામાં નાની, તુચ્છમાં તુચ્છ એકેએક વસ્તુ કામની છે. જગતમાં કશું નિરુપયોગી નથી.

એ બધા ભંગારમાંથી ઊભાં કરેલાં સાધનો ટસ્કેજીના કાર્વર સંગ્રહાલયમાં આજે પણ સાચવેલાં છે.

## ૩૧

## 'આપણી પાસે હોય તે આપવું'

કાર્વરે ટસ્કેજીની જમીન ખેતીલાયક કરવા સારી જહેમત ઉઠાવી. એમાં બીજી માટી અને ખાતર વિદ્યાર્થીઓ પાસેથી આસપાસના પ્રદેશમાંથી લાવી લાવીને એ કસ વિનાની જમીનને એવી ફળદ્રુપ બનાવી કે એમાં થતો કપાસ જોવા આજુબાજુના કાળા ખેડૂતો જ નહિ પણ ગોરા ખેડૂતો પણ આવવા લાગ્યા.

વિદ્યાર્થીઓને પણ હવે ખેતીકામમાં રસ પડવા લાગ્યો.

એક દિવસ એવું બન્યું કે કાર્વર ફરતા ફરતા

સંસ્થાના એક મોટા ઓરડા પાસે આવી ચડયા. ઓરડામાં કોઈ વિદ્યાર્થી ન હતો. બધા બહાર ચોગાનમાં હરતા-ફરતા હતા.

કાર્વરની નજર ઓરડાના એક ખૂણામાં મૂકેલા પિયાનો ઉપર પડી. ઘણા વખતથી તેમણે પિયાનો વગાડયો ન હતો. તે પિયાનો પાસે બેઠા અને થોડી વારમાં જ આસપાસનું વાતાવરણ મધુર સંગીતથી ગુંજી રહ્યું.

પિયાનો વગાડવાનું બંધ કરીને કાર્વર જુએ છે તો બારણા આગળ વિદ્યાર્થીઓનું ટોળું આવીને ઊભું હતું!

સૌએ તાળીઓના ગડગડાટથી કાર્વરને વધાવી લીધા અને તેઓ કહેવા લાગ્યા :

'કાર્વર સાહેબ, હજી સંભળાવો! આટલું સુંદર આપ વગાડી-ગાઈ શકો છો, એ તો અમે આજે જ જાણ્યું. હજી કંઈક સંભળાવો. આપ રવિવારે દેવળની પ્રાર્થનામાં જરૂર આવજો. આપનું સંગીત સાંભળીને સૌ આનંદ પામશે.'

કાર્વરે હસીને માથું ધુણાવ્યું :

'મને દેવળમાં ગાવાનું નહિ ફાવે. આમ કોઈ વાર ગાવાનું હોય તો, અને સાથે પિયાનો હોય તો, ગાઈ નાખું છું. બધાં વચ્ચે ગાતાં સંકોચ થાય છે.'

છોકરાઓ બોલી ઊઠયા :

'અરે, એવું તે કંઈ થાય, સાહેબ? આપ જ કહેતા હતા ને કે, આપણી પાસે હોય તે આપવું જોઈએ? ને આપની પાસે આવું સુમધુર સંગીત છે. એની લહાણી કરવી જોઈએ કે નહિ?'

રાતે કાર્વર સૂવા ગયા. તેમના કાનમાં આ શબ્દો ગુંજી રહ્યા હતા:

‘...આપણી પાસે હોય તે આપવું જોઈએ...આપની પાસે સુમધુર સંગીત છે...’

કાર્વરને એકાએક બૂકર વૉશિંગ્ટન યાદ આવી ગયા. તે દિવસોમાં સંસ્થાને નાણાંભીડ ખૂબ રહેતી હતી. એ માટે તેમને ઘણોખરો વખત ફાળો ઉઘરાવવા માટે અહીં તહીં ભટકવું પડતું હતું.

કાર્વરને એક વિચાર સૂઝી આવ્યો: ‘મારી પાસે સુમધુર સંગીત છે. એ સંગીતનો લહાવો બીજાને આપવાની સાથોસાથ સંસ્થા માટે ફાળો પણ ઉઘરાવું તો? એક પંથ અને દો કાજ.’

તેમણે આસપાસનાં શહેરો અને ગામોમાં સંગીતના કાર્યક્રમો આપવાનું નક્કી કર્યું. એ માટે તે લાંબી રજાઓની રાહ જોવા લાગ્યા. રજા પડતાં જ તેમણે એ કાર્યક્રમ આપવાનું શરૂ કર્યું.

આખી રજામાં વિદ્યાર્થીઓ સાથે બધે ફરીને તેમણે સારી એવી રકમ ભેગી કરી અને સાથોસાથ એ બધા પ્રદેશમાં ટસ્કેજી સંસ્થાનો પરિચય આપવાનું કામ પણ તેમણે પોતાનાં પ્રવચનો દ્વારા કર્યું.

## ૩૨

## ગામડે ગામડે ટસ્કેજી

આ સંગીતના કાર્યક્રમો કરતાં કરતાં કાર્વરને એ પ્રદેશના હબસી લોકોની કંગાલ, બેહાલ દશાનાં હૃદયદ્રાવક દર્શન થયાં. બિચારાં સાવ અર્ધનગ્ન અવસ્થામાં, ઢોરની માફક જીવતાં હતાં! ખાવા અન્ન નહિ, પહેરવા પૂરાં કપડાં નહિ, રહેવા સાજીસમી ઝૂંપડી નહિ; જ્યાં જુઓ ત્યાં ગંદકી, રોગચાળો અને અજ્ઞાનતા!

કાર્વરનું હૈયું દ્રવી ઊઠયું. આ દરિદ્રતામાંથી એ લોકોને બહાર કાઢવા શી રીતે? એ માટે શું કરવું જોઈએ? એકલી ટસ્કેજી જેવી સંસ્થા કરી પણ શું શકે? અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભણીગણીને ક્યારે બહાર પડશે અને આ લોકોને ઉપયોગી થશે? ત્યાં સુધી આ બિચારાં સ્ત્રી, પુરુષો, બાળકોનું શું?

કાર્વરને આવા આવા વિચાર સતાવી રહ્યા. એમનો અંતરાત્મા પોકારી રહ્યો હતો: 'અલ્યા જ્યોર્જ, આ લોકો માટે કંઈક કર. એ લોકોનાં ઘર-આંગણે જ્ઞાનની પરબ લઈ જા. તેમનાં જીવનને કંઈ રાહ બતાવ. આમ અહીં એકલો એકલો તું પડી રહે એ ઠીક નહિ. તારી શક્તિનો વધારે લોકોને લાભ મળે એવું કંઈક કર...'

ખૂબ વિચાર કર્યા પછી એમને માર્ગ જડયો. તેમને થયું: ગામડે ગામડે ટસ્કેજી પહોંચાડો. સૌને કેમ રહેવું,

કેમ ખેતીને સુધારવી, પોતાની ઝૂંપડી કેમ બાંધવી, સ્વચ્છતા કેમ જાળવવી, બાળકોને શિક્ષણ આપવું, કંઈ ને કંઈ ઉદ્યમ કરવો — વગેરે વગેરે બાબતો વિશે એ લોકોને સમજ આપવા એ લોકોની વચ્ચે જઈને કંઈક કરવું જોઈએ.

કાર્વરે એક સિગરામ તૈયાર કર્યો. એમાં ખેતીનાં સુધરેલાં ઓજારો, ખાતરો વગેરેના નમૂના ગોઠવ્યા. કેટલાંક પોસ્ટરો પણ તૈયાર કર્યાં. પછી વિદ્યાર્થીઓને લઈને રજાઓના દિવસોમાં કાર્વર ગામડે ગામડે ફરવા લાગ્યા.

કેટલેક ઠેકાણે નવું ઝૂંપડું બાંધીને ઝૂંપડાં કેમ બાંધવાં એનો પ્રત્યક્ષ પાઠ તે ગોઠવતા. કોઈનું સાવ ઉજ્જડ જેવું ખેતર હોય એમાં વિદ્યાર્થીઓ સાથે કાર્વર કામ કરવા લાગી જતા; ઝાંડઝાંખરાં સાફ કરતા, ખેતરને ખેડી નાખતા, ખાતરનો ઉપયોગ સમજાવતા અને એમાં દાણા ઓરીને એ ખેતર તેના ખેડૂતને આપતા અને સાચવણી કેમ કરવી એની દોરવણી આપતા. સ્ત્રીઓને પોતાનું ઘર કેમ ચોખ્ખું રાખવું, સારો ખોરાક કેમ રાંધવો, બાળકોનો ઉછેર કેમ કરવો, બાળકોને ભણાવવા શાળાએ મોકલવાં વગેરે બાબતો વિદ્યાર્થીઓ સાથે મળીને કાર્વર સમજાવતા.

લોકોને એથી ઘણું ઘણું જાણવાનું મળતું અને બૂકર ટી. વૉશિંગ્ટન, કાર્વર જેવા પોતાની કોમના મહાનુભાવો ટસ્કેજીમાં વિદ્યાર્થીઓનું જીવન-ઘડતર કરવા કેવા કેવા પ્રયત્નો કરે છે એ પણ સમજાતું.

આમ ગામડે ગામડે ટસ્કેજી પહોંચવા લાગી. આ ફરતી શાળાએ ગામડાંમાં પ્રાણ પૂર્યા. ગામડાં ધબકતાં થયાં.

## ૩૩

## ‘કાર્વરભાઈ મરઘીને જીવતી કરશે’

જોતજોતામાં કાર્વરની ખ્યાતિ આસપાસનાં ઘણાંખરાં ગામડાંઓમાં ફેલાઈ ગઈ. હબસી લોકો તો એમને દેવ સમાન જ ગણવા લાગ્યા.

એ લોકોએ જોયું કે, કાર્વરનો હાથ જેના ઉપર ફરે એમાં નવું ચેતન જ આવી જાય છે! અમારાં ખેતરો કેવાં હતાં! એમાં કશું ઊગતું જ નહોતું. અમે તનતોડ મહેનત કરીએ, ટાઢ-તાપમાં સખત કામ કરીએ; પણ ખેતર એવાં ને એવાં! પણ કાર્વરનો હાથ અડતાં જ ખેતરો હરિયાળાં બની જતાં, મબલક પાક આપવા લાગતાં! અરે, અમારાં ઝૂંપડાં, અમારો પરિવાર પણ કેવાં જીવતાં બની જાય છે!

એ બિચારાં અબુધ માણસોને તો એમ જ લાગતું કે, કાર્વર મહાન જાદુગર છે. એમની જાદુઈ લાકડી ફરે એટલે મડદાં પણ બેઠાં થઈ જાય!

એક દિવસ એક હબસીની મરઘી મરી ગઈ. એને કાર્વર યાદ આવી ગયા. તેને થયું, ‘મારી પાસે આ એક જ મરઘી છે. હવે હું સાવ કંગાલ બની ગયો! લાવ, એને કાર્વરભાઈ પાસે લઈ જાઉં. એ જરૂર મારી મરઘીને જીવતી કરી દેશે.’

તે મરઘી લઈને કાર્વર પાસે જવા નીકળ્યો.

રસ્તામાં તેને એક ઓળખીતો હબસી મળ્યો.

તેણે પૂછ્યું :

'અલ્યા, તું આ મરેલી મરઘીને લઈને ક્યાં જાય છે ?'

પેલાએ સરળ ભાવે જવાબ આપ્યો :

'મારી મરઘી એકાએક મરી ગઈ છે. તેને હું કાર્વર-ભાઈ પાસે લઈ જાઉં છું. કંઈક ઇલાજ કરશે તો એ જીવતી થઈ જશે.'

પેલો બીજો હબસી બોલ્યો :

'એમ વાત છે ? એમ થાય તો ઘણું જ સારું ! જા; વહેલો વહેલો જા.'

આવાં હતાં એ ભોળાં અબુધ માનવીઓ !

ભગવાન બુદ્ધ પાસે પોતાના મરી ગયેલા બાળકને પાછું જીવતું કરવા લઈ આવનારી પેલી બાઈ યાદ આવ્યા વિના રહેતી નથી.

## ૩૪

## નાખી દેવાનું ખાધું, ખાવાનું નાખી દીધું !

કાર્વર હબસી લોકોને ખેતીની બાબતમાં સલાહ-સૂચના આપતા. કપાસ કેમ ઉગાડવો, મગફળીનો પાક કેમ સારો લેવો, શક્કરિયાં કેમ ઉગાડવાં વગેરે ઘણી બાબતોમાં તે ખેતરે જઈ જઈને, ખેડૂતનાં ખોરડે ખોરડે ફરીને, તેમની વચ્ચે ખાટ પર બેઠા બેઠા કંઈ ને કંઈ માર્ગદર્શન આપતા જ રહેતા.

કાર્વરે એક હબસી ભાઈને કહ્યું :

'તમે શક્કરિયાં તમારા ખેતરમાં પકવો. તેની જાતજાતની વાનગીઓ થાય. વળી તે બટાટા કરતાં મીઠાં પણ હોય છે. એટલે બાળબચ્ચાંને પણ ખાવાની મજા પડશે. છોકરાંને ખાવાનું મન થાય તો બટાટાની માફક એકાદ શક્કરિયાને લઈને દેવતામાં શેકીને લહેરથી ખાઈ શકે.'

પેલા બાપડાએ કદી શક્કરિયાં વાવ્યાં નહોતાં. પણ કાર્વરે સૂચના આપી હતી, એ પ્રમાણે પોતાના નાનકડા ખેતરમાં થોડા ભાગમાં શક્કરિયાં વાવવા નાખ્યાં.

ખેડૂત કાર્વરની સલાહ પ્રમાણે પાણી પાતો, નીંદામણ કરતો.

આમ કરતાં કરતાં મજાનાં લીલાં લીલાં પાંદડાં ઊગ્યાં. ખેડૂત રાજી રાજી થઈ ગયો.

થોડા દિવસ પછી કાર્વર એ ભણી આવ્યા. પેલા ખેડૂતને ઘેર જઈને તેમણે પૂછ્યું :

'કેમ ભાઈ, તમારા ખેતરમાં શક્કરિયાં મજાનાં થયાં ને ?'

ખેડૂત કહે : 'હા, કાર્વરભાઈ, મોટમોટાં મજાનાં પાંદડાં થયાં હતાં.'

ત્યાં તો બાઈ હરખાતી હરખાતી બોલી ઊઠી :

'ભાઈ, શું મજાનું સૂપ થયું હતું ! ખાવાની મજા પડી.'

કાર્વરે પૂછ્યું :

'કેવી રીતે સૂપ બનાવ્યું હતું ?'

બાઈએ કહ્યું :

'ઉપરનાં પાંદડાં કાપીને એમાં મસાલો નાખી બાફી દીધાં.'

કાર્વરે પાછું પૂછ્યું :

'જમીન નીચેનાં મૂળિયાંનું શું કર્યું ?'

બાઈએ સહજ ભાવે જવાબ આપ્યો :

'એ તો અમે ફેંકી દીધાં. એને રાખી ને કરીએ શું ?'

કાર્વરે હસતાં હસતાં કહ્યું :

'વાહ ! તમે તો કમાલ કરી ! તમે જે નાખી દેવાનું હતું તે ખાધું અને જે ખાવાનું હતું તે ફેંકી દીધું ! મૂળિયાં જેવું જે હતું એ તો શક્કરિયાં હતાં !'

એ સાંભળીને હબસી દંપતી પોતાના જ અજ્ઞાન ઉપર ખડખડાટ હસી પડ્યાં ! તેઓ બોલી ઊઠ્યાં :

'અમે કેવાં મૂરખના સરદાર છીએ !

'નાખી દેવાનું ખાધું અને ખાવાનું નાખી દીધું !'

## ૩૫

## માગ્યા કરતાં બમણું આપ્યું

એક વાર બૂકર ટી. વૉશિંગ્ટને એક મોટી કંપનીને પત્ર લખી જણાવ્યું :

'અમે અમારી ટસ્કેજી સંસ્થામાં ખેતીના પ્રયોગો કરીએ છીએ. સારી ખેતી ખાતર નાખવાથી કેવી થાય છે એ અમે અહીંના વિદ્યાર્થીઓને અને આસપાસનાં

ગામડાંઓના ખેડૂતોને પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા સમજાવીએ છીએ.

'આવા લોક-કલ્યાણના કામ માટે પચાસેક મણ ખાતરની મદદ કરો તો સારું.'

કંપનીએ એ પત્રના જવાબમાં લખ્યું :

'તમે અમારા ખાતરનો પ્રયોગ માટે ઉપયોગ કરવા માગણી કરી છે એ સારી વાત છે. અમને તમારા કામ પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ છે.

'પરંતુ અમને ખાતરી થઈ ગઈ છે કે, ખાતરનો આવો સફળ પ્રયોગ કરનાર એક જ વ્યક્તિ છે અને તે તમારે ત્યાં નહિ પણ આયોવાની કૃષિ કૉલેજમાં છે.'

કંપનીનો પત્ર વાંચીને બૂકર ટી. વૉશિંગ્ટને ગૌરવ અનુભવતાં લખ્યું :

'આપનો પત્ર મળતાં આનંદ થયો.

'આપે જે વ્યક્તિનો ઉલ્લેખ આપના પત્રમાં કર્યો છે એ જ વ્યક્તિ અમારે ત્યાં હવે છે અને તે પોતે જ આપના ખાતરનો ખેતી-સુધારણા માટે ઉપયોગ કરવા માગે છે.'

એ પત્ર મળતાં જ કંપનીએ વૉશિંગ્ટને માગણી કરી હતી એનાથી બમણું ખાતર રાજીખુશીથી મોકલી આપ્યું.

## ૩૬

# માખણ કેમ નીકળતું નહોતું?

ટસ્કેજીમાં એક દિવસ વિદ્યાર્થીઓ છાશ વલોવવા બેઠા. ખૂબ વખત સુધી વલોવ્યું, છતાં માખણ કેમે કર્યું નીકળે જ નહિ!

ત્યાંના એક કાર્યકરે કાર્વરને વાત કરી. એટલે કાર્વર તરત જ ત્યાં ગયા. કાર્વર પણ છાશ વલોવવા બેસી ગયા. પણ માખણ નીકળે તો ને!

કાર્વરે કહ્યું: 'આમ કેમ બનતું હશે? એનું કંઈ કારણ હોવું જોઈએ. નહિ તો આટલા વખત સુધીમાં ક્યારનું માખણ ઉપર તરી આવે.'

થોડી વાર વિચાર કરીને કાર્વર કહે:

'લાવો, હું જઈને ગાયોને આપવામાં આવતું ખાણ જોઈ આવું.'

એ સાંભળીને પેલા કાર્યકર ભાઈ બોલી ઊઠ્યા:

'તમે પણ ખરા છો! માખણને ખાણ સાથે શો સંબંધ? એ બધી ભાંજગડમાં પડવાની જરૂર શી? આ છાશમાં અથવા તો આપણી વલોવવાની રીતમાં ખામી હશે.'

કાર્વરે શાંતિથી કહ્યું:

'માખણ વલોવવાની રીતમાં ખામી નથી. એ અંગેની ચોપડીમાં આ જ રીત આપી છે. તમે થોડો વખત થોભી હુંજાઓ. હમણાં જ ગૌશાળામાં જઈને ખાણ જોઈ

આવું છું.'

કાર્વર ગૌશાળાએ ગયા. ખાણને હાથમાં લઈ તપાસવા લાગ્યા. એમને કારણ જડી ગયું! તે જલદી જલદી વિદ્યાર્થીઓ પાસે આવ્યા અને બોલ્યા:

'બેએક જણ જઈને વાસણમાં પાણી ગરમ કરીને લઈ આવો.'

બે વિદ્યાર્થી રસોડામાં જઈને થોડી વારમાં એક વાસણમાં ગરમ પાણી લઈ આવ્યા.

કાર્વરે કહ્યું:

'ધીમે ધીમે આ ગરમ પાણી છાશમાં રેડો.'

વિદ્યાર્થીઓ ગરમ પાણીને છાશમાં રેડવા લાગ્યા. ત્યાં તો માખણ ઉપર તરી આવ્યું!

આ જોઈને સૌને નવાઈ લાગી.

કાર્વર એનું કારણ સમજાવતાં બોલ્યા:

'ગાયને વધારે પડતા કપાસિયા ખવડાવવામાં આવે છે. કપાસિયામાં ચરબીનું તત્ત્વ વધારે છે. એટલે એ ચરબીનું તત્ત્વ ગરમી વગર છૂટું પડી શકતું નથી. છાશમાં ગરમ પાણી રેડતાં જ માખણ છૂટું થઈ ઉપર તરી આવ્યું. ખરી રીતે ગાયને અમુક પ્રમાણમાં જ કપાસિયા ખવડાવવા જોઈએ.'

વિદ્યાર્થીઓ આ રીતે નવું જ્ઞાન પામતાં રાજી રાજી થઈ ગયા.

## ૩૭

# કાર્વરની કર્તવ્યનિષ્ઠા

કોઈ કોઈ વાર મધરાત પછી ચોકીદાર કાર્વરની ઓરડીએ આવીને બારણે ટકોરા મારે. કાર્વર બારણું ઉઘાડીને પૂછે :

'બોલો, શું કામ છે?'

ચોકીદાર કહે :

'સાહેબ, આપને વૉશિંગ્ટન સાહેબ બોલાવે છે.'

વધારે કશું પૂછ્યાગાછ્યા વિના કાર્વર તરત જ વૉશિંગ્ટન પાસે પહોંચી જાય.

અમુક સંસ્થાકીય પ્રશ્નો બૂકર વૉશિંગ્ટનને મૂંઝવતા હોય. કંઈ ઉકેલ ન સૂઝે. તે વખતે વૉશિંગ્ટન કાર્વરને બોલાવતા. રાત હોય કે દિવસ હોય, તેમને કાર્વરને બોલાવ્યા વિના ચેન પડતું નહિ.

કાર્વર પણ મધરાતે આવીને વૉશિંગ્ટન સાથે વિચારણા કરવા લાગી જતા. આમ કરતાં કોઈ કોઈ વાર સવારે ત્રણ-ચાર વાગી જતા. વૉશિંગ્ટન નિરાંત અનુભવી સૂવા જતા. કાર્વર તો ચાર વાગતાં જ કામે ચડી જતા.

આવું જોઈને એક વાર એક કાર્યકરે કાર્વરને જરા અકળાઈને કહ્યું :

'કાર્વર, તમે તો ખરા છો! આમ મધરાતે ઊંઘમાં ખલેલ પાડવી સારું ગણાય? એમને કશું પૂછવું-કરવું હોય

તો સવારે તમને બોલાવીને પૂછતાં શું થયું ? તમારે ચોખ્ખી ના પાડી દેવી જોઈએ. તમારી સુખસગવડનો ખ્યાલ કરવો જોઈએ કે નહિ ?'

કાર્વર શાંત ચિત્તે બોલ્યા :

'ભાઈ, એમાં અકળાવાની જરૂર નથી. આપણી એ ફરજ કહેવાય.

'વૉશિંગ્ટન મને જે ઘડીએ કામ અંગે બોલાવશે તે વેળાએ હું હાજર રહીશ. તેઓ મને આ રીતે બોલાવે એને હું મારું સદ્ભાગ્ય માનું છું. બીજા કોઈને નહિ અને મને તેઓ બોલાવે એ કંઈ ઓછા ગૌરવની વાત છે ?

'એક બીજી વાત પણ જરા સમજી લો.

'હું આ નહિ કરું, એમ આપણા ઉપરી અધિકારીને કહેવું અને પછી એમની પાસેથી વેતન પણ લેવું – આ બે વસ્તુ મારાથી કદી નહિ થાય !

'એવું હું કહું એ પહેલાં મારું રાજીનામું તેમની આગળ ધરી દીધેલું હશે. જ્યાં સુધી કોઈ સિદ્ધાંતની બાબતમાં મતભેદ ન થાય, ત્યાં સુધી સંસ્થા મારી પાસે જે કામ માગશે એ હું પૂરેપૂરી નિષ્ઠાથી મારી બધી શક્તિ ખર્ચીને પણ કર્યા વિના નહિ રહું.'

કાર્વરની આવી કર્તવ્યનિષ્ઠા જોઈને પેલો કાર્યકર મુગ્ધ બની ગયો.

## ૩૮
# કાર્વરની વિવેકદૃષ્ટિ

એક વાર કાર્વરે શક્કરિયાં અંગે એક લેખ લખ્યો. એ જોઈ જવા અને પત્રિકા તરીકે બહાર પાડવા તેમણે એ લેખ બૂકર ટી. વૉશિંગ્ટનને મોકલ્યો.

વૉશિંગ્ટન એ વાંચી ગયા. તેમણે કાર્વરને કહ્યું :

'લેખ માહિતીપૂર્ણ સારો થયો છે. પરંતુ તમે એમાં જણાવ્યું છે કે શક્કરિયાના મૂળ જન્મસ્થળ વિશે કોઈ જાણતું નથી. શું ખરેખર એ વિશે કોઈ જાણતું નથી?'

કાર્વરે કહ્યું : 'હા. એ વિશે કોઈ ચોક્કસ માહિતી ક્યાંય મળતી નથી.'

વૉશિંગ્ટન કહે :

'અહીં અલાબામામાં એ થાય જ છે. માટે આપણે એમ લખીએ કે, અબાલામાના મેકન પ્રદેશમાં એ પહેલી વાર જોવા મળ્યાં, માટે એનું એ જન્મસ્થળ કહી શકાય.'

એમ કહીને વૉશિંગ્ટને એ લેખમાં એટલું ઉમેરવા હાથમાં પેન લીધી.

ત્યાં તો કાર્વર બોલી ઊઠ્યા :

'જરા થોભજો. આપણાથી એ રીતે ન લખી શકાય. જો આમ લખવું જ હોય, તો એ અંગે પૂરતું સંશોધન કરીં સાચી માહિતી મેળવવી રહી.

'પરંતુ જો એ લેખ નીચે તમે સહી કરવાના હો, તો ભલે એમ લખો. પરંતુ મારા નામે એ લેખ છપાવાનો હોય, તો એવી અધૂરી માહિતી આપવી એ મને યોગ્ય લાગતું નથી. મારાથી સહી ન થાય!'

વૉશિંગ્ટને કહ્યું :

'અરે, એમાં શું થઈ ગયું? શક્કરિયાંને જન્મસ્થળ મળે એમાં શું ખોટું છે? કોઈ એ બાબતમાં પૂછશે નહિ.'

કાર્વરે મીઠું સ્મિત ફરકાવતાં કહ્યું :

'સંશોધનની બાબતમાં આવી છૂટ ન લઈ શકાય. વનસ્પતિશાસ્ત્રી ચોક્કસ માહિતી મેળવ્યા વિના કદી કોઈ પણ વાત લખવા તૈયાર ન થાય. વિજ્ઞાનનો આધાર સંશોધન પર જ છે. ખૂબ સંશોધન કર્યા પછી વિજ્ઞાનીને ચોક્કસ માહિતી ન મળે, તો તે એમ કબૂલ કરતાં જરાયે સંકોચ નહિ અનુભવે. સત્યથી વેગળો તે ન જ જાય.'

થોડી વાર થોભી જઈને કાર્વર ધીમેથી બોલ્યા :

'છતાં પણ તમારે એમ લખવું હોય તો ભલે લખો. પરંતુ એ માહિતી વાંચીને કોઈ પૂછપરછ કરે તો એને જવાબ આપવાની સંસ્થાએ તૈયારી રાખવી પડશે. સંસ્થા એવી ચર્ચામાં પડવા તૈયાર છે?'

વૉશિંગ્ટનને કાર્વરની વાત સમજાઈ ગઈ. તેમણે પોતાનો આગ્રહ છોડી દીધો.

કાર્વરને સત્ય અંગે સ્પષ્ટ ખ્યાલ હતો. તે પોતાના વિદ્યાર્થીઓને ઘણી વાર કહેતા :

'વિજ્ઞાનની બાબતમાં માત્ર બે જ માર્ગ છે. જીવનમાં

પણ કોઈ પણ બાબતમાં આ બે જ માર્ગ છે: સાચો અને જૂઠો.

'લગભગ સાચું' એવું કંઈ છે જ નહિ.

'ધારો કે તમે કોઈ નદી પાર કરવા માગતા હો. સામો કિનારો દશ ફૂટ દૂર છે. હવે તમે લગભગ દશ ફૂટ કૂદો તો સામે કિનારે પહોંચી શકો ખરા? તમે નદીમાં જ પડો! અને જો તમને તરતાં ન આવડતું હોય અને નદી ઊંડી હોય, તો તમે કદાચ ડૂબી પણ જાઓ! આ જ વાત જીવનની બીજી બાબતોમાં સત્ય છે. માટે કોઈએ લગભગ સાચું છે, એમ કદી કહેવું ન જોઈએ. લગભગ હોય તે સત્ય હોતું નથી.'

## ૩૯
## કાર્વરની કદર

કાર્વરના મેજ ઉપર હમેશાં બેત્રણ પુસ્તકો હોય જ. એમાં બાઇબલ તો એમના માર્ગદર્શક રૂપ થઈ પડયું હતું. સવારે ઊઠીને અને રાતે સૂતાં પહેલાં કાર્વર બાઇબલમાંથી થોડુંક વાંચતા. એમાંથી તેમને જીવનપ્રેરણા મળ્યા વિના રહેતી નહિ.

ટસ્કેજીમાં આવ્યા પછી કાર્વર બાઇબલનો વર્ગ ચલાવતા. કાર્વર દેવળમાં જે જૂની રૂઢિ પ્રમાણે એનો પાઠ કરવામાં આવતો એ મુજબ કરતા ન હતા. વળી અર્થ

પણ હસબી વિદ્યાર્થીઓના જીવન સાથે સુમેળ સાધે અને તેઓને બરાબર સમજાય એ રીતે આપતા.

આ બધું એક રૂઢિચુસ્ત શિક્ષકને ગમતું નહોતું. એટલે તેણે બૂકર ટી. વૉશિંગ્ટન આગળ ફરિયાદ કરતાં કહ્યું :

'તમે કાર્વરને બાઇબલ જેવા પવિત્ર ધર્મગ્રંથનો વર્ગ લેવા છૂટ આપી છે ખરી. પરંતુ એમને બાઇબલનો તલસ્પર્શી અભ્યાસ હોય એમ લાગતું નથી. ખરી રીતે પદ્ધતિસર બાઇબલ શીખવવું જોઈએ. એ રીતે કાર્વર વર્ગ ચલાવતા નથી, એ યોગ્ય ન કહેવાય.'

વૉશિંગ્ટને એનો જવાબ આપવાને બદલે સામો સવાલ પૂછ્યો :

'આ વર્ગ તો મરજિયાત છે ને? જે એ વર્ગમાં આવવા ન માગતું હોય એને એમ કરવાની છૂટ છે ને?'

પેલા શિક્ષકે કહ્યું :

'હા જી. જેની ઇચ્છા વર્ગ ભરવાની ન હોય એને વર્ગમાં જવાની કોઈ ફરજ પાડતું નથી.'

વૉશિંગ્ટને કહ્યું :

'બરાબર. પરંતુ મોટા ભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ એ વર્ગમાં જવાનું પસંદ કરે છે, એ વાત સાચી છે કે?'

શિક્ષકે જવાબ આપ્યો :

'હા જી. વર્ગ જ્યારે જુઓ ત્યારે ચિકાર ભરેલો જ હોય છે.'

વૉશિંગ્ટને પાછું પૂછ્યું :

'કેટલા વખતથી એ વર્ગ ચાલે છે ?'

શિક્ષકે જવાબ આપતાં કહ્યું :

'ત્રણ વર્ષ કરતાં વધારે વખત થઈ ગયો.'

બૂકર ટી. વૉશિંગ્ટન હવે મૂળ વાત પર આવ્યા. તેમણે શાંતિથી કહ્યું :

'જુઓ. તમારી વાત પરથી આટલું ફલિત થાય છે : આ વર્ગ મરજિયાત છે છતાં એ વર્ગમાં ચિકાર હાજરી રહે છે. વળી એ વર્ગ આ રીતે ત્રણ વર્ષથી પણ વધારે વખતથી સતત ચાલુ રહ્યો છે.

'આવા વર્ગ અંગે મારાથી કોઈપણ જાતની દખલગીરી થઈ શકે નહિ. એમ થવું પણ ન જોઈએ. ખરી રીતે જોઈએ તો આવા ધર્મશિક્ષણના વર્ગમાં વિદ્યાર્થીઓને પરાણે મોકલવા પડતા હોય છે. જ્યારે કાર્વરની બાબતમાં એથી ઊલટું જ જોવા મળે છે. એ માટે કાર્વર ધન્યવાદને પાત્ર છે.'

પેલો શિક્ષક ભોંઠો પડી ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ.

## ૪૦

## પરીક્ષા કરનારાની જ પરીક્ષા થઈ ગઈ!

કાર્વર વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય થઈ ગયા હતા. તેથી કેટલાક શિક્ષકો એમના પ્રત્યે અણગમો સેવતા હતા.

એક દિવસ એવા કેટલાક શિક્ષકો સંસ્થાના સંચાલક

બૂકર ટી. વૉશિંગ્ટનને મળવા ગયા. વાત વાતમાં એ લોકોએ કહ્યું :

'કાર્વર વર્ગમાં વનસ્પતિશાસ્ત્રના અટપટા શબ્દો મન ફાવે તેમ સમજ્યા વગર વાપરે છે. ખરી રીતે એમને વનસ્પતિશાસ્ત્રનું ઊંડું જ્ઞાન નથી. માટે આપે આ બાબતમાં તપાસ કરવી રહી.'

વૉશિંગ્ટન કાર્વરની અદ્‌ભુત શક્તિને બરાબર જાણતા હતા. શિક્ષકોની આવી વાહિયાત વાત સાંભળીને એમને મનદુઃખ થયું. આવા મહાન વનસ્પતિશાસ્ત્રી મળવા દુર્લભ છે. ઘરઆંગણે જ્ઞાનગંગા વહાવનારા આવા મહાન પુરુષને આ શિક્ષકો સમજી શકયા નથી, એ ખરેખર તેમનું કમભાગ્ય જ હતું.

વૉશિંગ્ટને આ શિક્ષકોને પ્રત્યક્ષ પાઠ ભણાવવા ધીમેથી કહ્યું :

'મને વનસ્પતિશાસ્ત્રનું જરાયે જ્ઞાન નથી. તમે લોકો જાણો છો. માટે આપણે એમ કરીએ કે તમે બધા મળીને કાર્વરને અમુક સવાલ પૂછજો. એના એ કેવા જવાબ આપે છે એ પરથી આપણને એમના જ્ઞાન વિશે સમજાઈ જશે. હું પણ તમારી સાથે હાજર રહીશ.'

શિક્ષકોને વૉશિંગ્ટનની વાત ગમી ગઈ. એ લોકોએ એક દિવસ નક્કી કર્યો. કાર્વરને આ વાતની ગંધ સુદ્ધાં ન આવે એની એ લોકોએ ખાસ તકેદારી રાખી હતી.

શિક્ષકોની મીટિંગ જેવું ગોઠવવામાં આવ્યું. હમેશની માફક કાર્વર બૂકરની બાજુએ આવીને બેઠા.

એવામાં એક શિક્ષક કેટલીક વનસ્પતિઓની ડાળખીઓ લઈને હાજર થયો. તેણે કાર્વરને કહ્યું :

'અમને આ વનસ્પતિઓ બરોબર ઓળખતાં આવડતું નથી. માટે તમે એનાં નામ કહેજો. અમે વનસ્પતિશાસ્ત્રના કોશમાં પણ જોતા રહીશું, જેથી અમને બરોબર સમજાય.'

કાર્વર બોલ્યા :

'જરૂર, જરૂર. ખુશીથી પૂછો. મને ગમશે. વળી બૂકર વૉશિંગ્ટન વગેરેને પણ આ બહાને વનસ્પતિઓ વિશે જાણવાનું મળશે.'

એક શિક્ષક જોડણીકોશ લઈને બેઠો. પેલા શિક્ષકે એક ડાળખી બતાવીને નામ પૂછ્યું.

કાર્વરે જરાયે વિલંબ કર્યા વિના એનું શાસ્ત્રીય નામ આપ્યું.

આવા જડબાતોડ શબ્દને વનસ્પતિ કોશમાંથી શોધી કાઢતાં પેલા બીજા શિક્ષકને ઠીક ઠીક મહેનત પડી !

નામ બરોબર હતું.

શિક્ષકે બીજી ડાળખી બતાવી. ત્યાં તો કાર્વરે કહ્યું :

'લાવો. મને એ બધી ડાળખીઓ આપી દો. હું એક એક પછી એક નામ બોલતો જઈશ. તમે કોશમાં એ બરોબર છે કે નહિ એ જોતા રહેજો.'

પછી તો કાર્વરે એક પછી એક નામ ફટોફટ કહેવા માંડચાં.

પેલો શિક્ષક તો કોશમાંથી નામો શોધતાં ગોથાં ખાવા લાગ્યો !

કાર્વરના આવા અદ્ભુત જ્ઞાનનો પ્રત્યક્ષ પરિચય થતાં એ શિક્ષકો મનોમન શરમાઈ ગયા.

આવ્યા હતા પરીક્ષા કરવા, પણ એ લોકોની જ બરોબર પરીક્ષા થઈ ગઈ!

## ૪૧

## હબસીને આમંત્રણ!

કાર્વર હબસી હતા એટલે નાનપણથી તેમણે રંગ-દ્વેષના કડવા અનુભવો થતા આવ્યા હતા. મોટપણે તેમણે મહાન વિજ્ઞાની — વનસ્પતિશાસ્ત્રી તરીકેની યોગ્યતા પ્રાપ્ત કરી હતી. છતાં તે હજી હબસી જ હતા! એટલે હજી તેમના નસીબમાં અપમાન, તિરસ્કાર અને અવગણના સહન કરવાનાં હતાં.

શરૂઆતનાં વરસોમાં રંગભેદને કારણે તેમને ખૂબ ખૂબ સહન કરવું પડ્યું હતું. મુસાફરીમાં ક્યાં ખાવુંપીવું, ક્યાં સૂવું એ પ્રશ્ન તેમને ખૂબ મૂંઝવતો. દક્ષિણના પ્રદેશમાં તો તે તરસે પીડાતા હોય તોપણ જાહેર નળેથી તે પાણી પી શકતા નહિ! દૂર નીચાણના ભાગમાં 'કાળાઓ માટે' એવું પાટિયું મારેલું હોય તેવા નળે તેમને પાણી પીવું પડતું! આવી આવી કેટલીયે મુશ્કેલીઓનો, અપમાનનો તેમને સામનો કરવો પડતો.

છતાં પણ તેમનામાં રહેલી અદ્ભુત શક્તિઓ છાની

ક્યાંથી રહે ? ગોરા લોકો પણ અંદરખાનેથી એમની કદર કરતા. પરંતુ જાહેરમાં પોતાનો ભાવ દર્શાવવાની હિંમત કરતા નહિ.

પરંતુ એક પ્રસંગે ગોરાઓને પણ નમતું જોખવું પડ્યું. પછી તો ધીમે ધીમે એ દીવાલ પણ તૂટવા લાગી હતી.

વૉશિંગ્ટન એ અમેરિકાનું પાટનગર. એમાં શિંગ ઉત્પાદક મંડળ ચાલે. એ મંડળની બેઠકમાં આયાત જકાત ધારાની સરકારી સમિતિ સમક્ષ શિંગ અંગે બરોબર રીતે રજૂઆત કરી શકે એવા લાયક માણસનો વિચાર કરવાનો હતો.

એક સભ્યે કહ્યું :

'મને લાગે છે કે આ માટે સૌથી વધારે લાયક માણસ ડૉ. કાર્વર છે.'

બીજા સભ્યે પૂછ્યું :

'ડૉ. કાર્વર ? એ વળી કોણ છે ? મેં એમનું નામ સાંભળ્યું નથી !'

પેલા સભ્યે કહ્યું :

'ડૉ. કાર્વર શિક્ષક છે.'

બીજા એક સભ્યે આ સાંભળીને પોતાનો અણગમો બતાવતાં કહ્યું :

'તમે પણ ખરા છો ! શિક્ષકને વળી આપણા ધંધામાં શું સમજાય ? આ કંઈ ખાવાના ખેલ છે ? શિક્ષકનું આમાં કામ નહિ !'

પેલા સભ્યે શાંતિથી કહ્યું :

'ભલે ડૉ. કાર્વરને આપણા ધંધાની ખબર નથી. પરંતુ ડૉ. કાર્વર શિંગ વિશે જેટલું જાણે છે એટલું અમેરિકામાં બીજું કોઈ જાણતું નથી. મેં તેમની પ્રયોગશાળા જોઈ છે. શિંગમાંથી તેમણે જાતજાતની વસ્તુઓ બનાવી છે. તેઓ જ આ બધી વસ્તુઓ પ્રત્યક્ષ બતાવીને એ અંગે યોગ્ય સમજ આપી શકશે. મને ખાતરી છે કે તમે સૌ એ બધું નજરોનજર જોશો અને એમને સાંભળશો, તો તમને પણ મારી વાત સમજાશે. માટે આ બાબત પર તમે સૌ ગંભીરતાથી વિચારો તો સારું.'

બીજા એક સભ્યે પૂછ્યું :

'ડૉ. કાર્વર ક્યાં શિક્ષક તરીકે છે ?'

પેલા સભ્યે કહ્યું :

'ટસ્કેજીમાં તે છે.'

બીજો કોઈ સભ્ય બોલી ઊઠ્યો :

'ટસ્કેજી ? એ તો હબસીઓની શાળા છે !'

પેલા સભ્યે જવાબમાં કહ્યું :

'હા, બરોબર. ડૉ. કાર્વર પણ હબસી છે.'

એ સાંભળીને ઘણા બધા સભ્યો એકસામટા બોલી ઊઠ્યા :

'હબસી !'

પેલા સભ્યે મક્કમતાથી કહ્યું :

'હબસી છે તેથી શું થઈ ગયું ? આપણે તો એમના જ્ઞાનનો લાભ લેવાનો છે. આવો ભેદભાવ રાખવો યોગ્ય

નથી. એમાં આપણે જ ગુમાવીશું. માટે આ વાતને બાજુએ રાખી ઉદારતાથી વિચારો એ જ આપણે માટે હિતકર છે.'

બેઠકમાં આ મુદ્દા પર ઠીક ઠીક ચર્ચાવિચારણા થઈ. આખરે સૌ એ વિચાર પર આવ્યા કે, ડૉ. કાર્વરને આમંત્રણ આપવું.

## ૪૨

## બહુ મોટા માણસને શોધતો હમાલ!

કાર્વરને શિંગ ઉત્પાદક મંડળનું આમંત્રણ મળતાં તે ખૂબ નવાઈ પામ્યા! ગોરાઓએ મને બોલાવ્યો? આ સ્વપ્નું તો નથી ને?

કાર્વર માંડ માંડ સ્વસ્થ થયા. તે ઠરાવેલે દિવસે વૉશિંગ્ટન જવા નીકળ્યા.

વૉશિંગ્ટનના સ્ટેશને ગાડી આવી. કાર્વર મોટી પેટી લઈને ઊતર્યા. ઉતારુઓનો ધસારો હતો. એમાંથી મારગ કાઢતા કાર્વર આગળ વધતા હતા.

એક હબસી હમાલ કોઈ ઉતારુને શોધતો અહીં દોડાદોડ કરતો હતો.

કાર્વરે એને બોલાવીને ધીમેથી કહ્યું :

'ભાઈ, મારી આ પેટી સ્ટેશનની બહાર સુધી ઉપાડી લે. હું મહેનતાણું આપીશ.'

પેલા હબસીને થોભવાની ક્યાં ફુરસદ હતી? તે

બોલી ઊઠ્યો :

'માફ કરજો. હું બહુ ઉતાવળમાં છું. મને બહુ મોટા માણસને લેવા માટે ખાસ મોકલવામાં આવ્યો છે. તે ટસ્કેજીથી આવવાના છે. આ પ્રદેશથી તે અજાણ્યા છે. માટે એમને મારે જલદી શોધી કાઢવાના છે. નહિ તો એ સાહેબ ક્યાંક અટવાઈ જશે તો મારી ખેર નથી. માફ કરજો! સાહેબ, માફ કરજો!'

એમ કહીને એ હબસી હમાલ દૂર નીકળી ગયો.

કાર્વરને વધારે કશું કહેવાની તક જ ન મળી. એ 'મોટો' માણસ પોતે જ હતો, એ સાંભળવાની એ મજૂરને ક્યાં ફુરસદ હતી?

કાર્વર એકલા એકલા બોલી ઊઠ્યા :

'હે પ્રભુ! એ બિચારો ટસ્કેજીથી આવતા બહુ મોટા માણસની શોધમાં હેરાન ન થાય તો બસ!'

એમ કહીને કાર્વર ભારે પેટી ઉપાડીને સ્ટેશન બહાર નીકળી ગયા.

૪૩

## ડ્રાઇવરને નવી નવાઈનો ઉતારુ મળ્યો!

કાર્વર સ્ટેશન બહાર આવ્યા. એક ટેક્સી પાસે એ પહોંચ્યા, ત્યાં તે હબસી ડ્રાઇવરે પૂછ્યું :

'બોલો સાહેબ, ક્યાં જવું છે?'

કાર્વરે ઘડિયાળમાં જોયું. બેઠકના સ્થળે પહોંચવાને હજી ઘણી વાર હતી. સમય આમ વેડફી ન દેવાય. એનો ઉપયોગ કરી લઉં. કાર્વરે ડ્રાઇવરને સરળ ભાવે કહ્યું :

'આ શહેર બહુ રળિયામણું છે. વળી અમારાં બંનેનાં નામ પણ સરખાં જ છે ! તમે મને શહેરમાં બધે ફેરવશો ?'

ડ્રાઇવરને આ હબસી મુસાફર વિચિત્ર ખોપરીનો લાગ્યો ! તેણે મુસાફરના સવાલનો જવાબ આપવાને બદલે સામેથી પૂછ્યું :

'શું તમારું નામ વૉશિંગ્ટન છે ?'

કાર્વરે હસતાં હસતાં કહ્યું :

'જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર.'

કાળા માણસનું આવું મોટું નામ સાંભળીને બિચારો હબસી ડ્રાઇવર પણ અચંબો પામ્યો. તે મનમાં બોલી ઊઠયો :

'ઓ બાપ રે ! મારા એક જાતિભાઈનું આટલું મોટું નામ ! ભારે કહેવાય !'

ડ્રાઇવરે એમને ટૅક્સીમાં બેસાડીને પૂછ્યું :

'બોલો, આપને શહેરમાં શું શું જોવું છે ?'

કાર્વર સહજ ભાવે બોલ્યા :

'જો ભાઈ, મારે તો આ રસ્તાઓ ઉપરનાં મોટાં મોટાં વૃક્ષો જોવાં છે. અહીંનો બાગ પણ બહુ જાણીતો છે. બાગમાં જાપાનથી ખાસ આણેલાં વૃક્ષો ઉગાડેલાં છે. મારે એ બધું આંખ ભરીને નિહાળવું છે. બાગમાં પણ મને લઈ જજે.'

આ સાંભળીને બાપડો ડ્રાઇવર વધારે અચંબો પામ્યો. તેને થયું :

'આ તો કંઈ નવી નવાઈનો ઉતારુ મળ્યો! અહીંની ભવ્ય ઇમારતો વગેરે જોવાને બદલે એને તો વૃક્ષો જોવાં છે! પાગલ લાગે છે પાગલ!'

ડ્રાઇવર એમને આમતેમ ફેરવીને શહેરના વનસ્પતિ ઉદ્યાન પાસે લઈ આવ્યો. કાર્વર બાગમાં ફરવા નીકળી પડ્યા.

ડ્રાઇવર એમની રાહ જોતો બેઠો હતો. બેએક કલાક પછી કાર્વર આવ્યા. એમની સાથે બાગના મુખ્ય ગોરા અધિકારી પણ હતા!

ડ્રાઇવર તો દિગ્મૂઢ જ બની ગયો! તેને થયું, 'ઓ બાપ રે! આ તો કોઈ જેવો તેવો માણસ નથી!'

કાર્વર ટૅક્સીમાં બેઠા.

ગોરા અધિકારીએ એમની સાથે હાથ મિલાવીને અહોભાવપૂર્વક કહ્યું :

'આજે આપના જેવા મહાન વનસ્પતિશાસ્ત્રીને મળવાનું થયુ, એથી હું ધન્ય થઈ ગયો! પાછા કોઈ વાર જરૂર પધારજો.'

ડ્રાઇવરે ટૅક્સી હંકારી મૂકી. તે ઉમંગમાં હતો :

'વાહ! ભાઈ, વાહ! આવા મહાન માણસને મારે લઈ જવાનું થયું! મને તો એની કલ્પના સુધ્ધાં ન આવી. હું તો એમને પાગલ જ માનતો હતો! પરંતુ એમને મળતાં હું જ પાગલ બની ગયો!'

ડ્રાઇવરે મીટિંગના સ્થળે ટૅક્સી હંકારી મૂકી.

## ૪૪
## 'પ્રભુએ જ મને બગીચા ભણી દોર્યો!'

કાર્વર પાટનગર વૉશિંગ્ટનના જાણીતા બાગમાં દાખલ થઈ આજુબાજુનાં જાતજાતનાં વૃક્ષો, વેલાઓ, છોડવાઓ આનંદથી જોવા લાગ્યા. રંગબેરંગી ફૂલો પણ તેમને આકર્ષતા હતાં.

ફરતાં ફરતાં કાર્વરની નજર એક છોડવા ઉપર પડી. તે એકદમ થંભી ગયા. આ શું? આ છોડવાને તો રોગ લાગેલો જણાય છે!

કાર્વરે બાગમાં કામ કરતા એક મજૂરને બોલાવ્યો. બાગના મુખ્ય સંચાલકને બોલાવી લાવવા મોકલ્યો.

ગોરો અધિકારી તરત જ ત્યાં આવ્યો. કાર્વરે પેલો છોડ બતાવીને કહ્યું:

'જુઓ, આ છોડવાને ભયંકર રોગ લાગુ પડ્યો છે. એકાદ-બે દિવસ મોડું થયું હોત, તો બાગનાં ઘણાં-ખરાં વૃક્ષો નાશ પામત!'

અધિકારીએ મજૂર પાસે એ આખા છોડને કાળજીથી ખોદી કઢાવ્યો. જુએ તો આખો છોડ એક જાતના રોગથી ઘેરાઈ ગયો હતો!

ગોરા અધિકારીએ વાતવાતમાં જાણી લીધું કે આ માણસ બીજું કોઈ નહિ પણ મહાન વનસ્પતિશાસ્ત્રી જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર હતા!

તે આનંદ પામતો બોલ્યો :

‘આપને મળીને ખૂબ આનંદ થયો. આપે આ રોગ તરફ અમારું ધ્યાન ખેંચ્યું ન હોત, તો જોતજોતામાં બગીચો ઉજ્જડ થઈ જાત! આપ બરોબર અણીને સમયે અહીં આવી પહોંચ્યા. ભગવાનનો મોટો ઉપકાર! અમે આપના પણ આભારી છીએ.’

ગોરો અધિકારી એમને ટૅક્સી સુધી મૂકવા આવ્યો.

ટૅક્સીમાં બેઠાં બેઠાં કાર્વર વિચારવા લાગ્યા :

‘હું બગીચામાં વખતસર જઈ પહોંચ્યો. ક્યાં ટસ્કેજી અને ક્યાં વૉશિંગ્ટન! આટલા બધા વખતમાં નહિ ને આજે જ મારે અહીં આવવાનું શી રીતે થયું? હું જો ન આવ્યો હોત તો...’

વનસ્પતિનો જે નાશ થાત એના વિચારે કાર્વરનું હૈયું ધ્રૂજી ઊઠ્યું.

ત્યાં તો એ જાણે સાવધ થતા હોય એમ ટટાર થઈ જઈ બોલી ઊઠ્યા :

‘અરે, હું મારી ઇચ્છાથી કંઈ બગીચામાં નથી ગયો. મને પ્રભુએ જ ત્યાં જવા ધકેલ્યો હતો! પ્રભુને આ રોગની જાણ હતી જ. પ્રભુએ મને નિમિત્ત બનાવી ત્યાં મોકલ્યો. આ પ્રવચનનું તો માત્ર બહાનું જ છે. ત્યાં બધા ધુરંધર રાજપુરુષો, વેપારીઓ અને વિદ્વાનો ભેગા થવાના છે; તેઓની આગળ મારું પ્રવચન સાવ ફિસ્સું જ લાગશે!

‘પરંતુ આ બગીચાને જ ઉગારી લેવા પ્રભુએ મને આટલે દૂર મોકલ્યો છે. ખરેખર પ્રભુની અકળ લીલાને

કોણ પારખી શકે?'

આમ વિચાર કરતાં કરતાં કાર્વરે આભારવશ થઈ પ્રભુને પ્રણામ કર્યા.

## ૪૫
## 'કાર્વર, તમે ખુશીથી આગળ ચલાવો'

બેઠકનું કામકાજ શરૂ થઈ ગયું. કાર્વરને લેવા સ્ટેશને બે સભ્યો ગયા હતા. પરંતુ તેમને કાર્વરનો ભેટો ન થયો. તેઓ ખાલી હાથે પાછા ફર્યા.

એ બંનેને એટલી ખાતરી હતી જ કે, કાર્વર વચન પ્રમાણે આવ્યા વિના રહે નહિ. કદાચ એ વહેલા પણ આવી ગયા હશે. બેઠકમાં તે વેળાસર આવી તો જશે જ.

બેઠકનું કામકાજ શરૂ થઈ ગયું. કાર્વરને બોલવાનો વખત થયો. એટલે પ્રમુખે સાદ પાડ્યો:

'મિ. કાર્વર! મિ. કાર્વર અહીં હાજર છે?'

પ્રેક્ષકોમાંથી કશો જવાબ ન મળ્યો.

એટલે પ્રમુખે કહ્યું:

'મિ. કાર્વર આવ્યા લાગતા નથી. ચાલો, આગળ કામ ચલાવીએ.'

ત્યાં તો હોલના એક ખૂણેથી તીણો અવાજ આવ્યો:

'માફ કરજો, પ્રમુખ મહાશય! મારા હાથમાં

વજનદાર પેટી છે. એટલે અહીંથી ઝટ મંચ ભણી અવાય એમ નથી !'

બધાનું ધ્યાન એ અવાજ ભણી ગયું. આવા લઘરવઘર વેશમાં આ કોણ ટપકી પડયું ? શું આ જ મિ. કાર્વર ?

પ્રમુખ પણ તેમના દેદાર તરફ જોઈને જરા ક્ષોભ અનુભવતાં બોલ્યા :

'તમે...તમે...'

કાર્વર સમો વર્તીને બોલ્યા :

'હા જી, હું જ જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર.'

પ્રમુખ જરા સ્વસ્થ થઈને કહે :

'આવો, આવો ! અમે તમારી રાહ જોઈએ છીએ. તમે આયાત જકાત ધારા અંગે બોલવા આવ્યા છો, બરોબર છે ને ?'

પ્રેક્ષકોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. એ લોકોને થયું, આ કાળો વળી આવી બાબતમાં શું સમજે ! નાટક જોવાની મજા પડશે !

ત્યાં તો કાર્વરે કહ્યું :

'હું તો અહીં શિંગ વિષે કેટલીક વાતો કહેવા આવ્યો છું.'

પ્રમુખે કહ્યું :

'મિ. કાર્વર, તમને દશ મિનિટ આપવામાં આવે છે. એટલા વખતમાં તમારું વક્તવ્ય પૂરું કરશો.'

કાર્વરે તરત જ પોતાની પેટી ખોલીને સ્વસ્થપણે

કહેવા માંડ્યું :

'હું ટસ્કેજી સંસ્થામાંથી આવું છું. ત્યાં અમે શિંગ, શક્કરિયાં વગેરે અંગે સંશોધનો કરીએ છીએ. આજે તો હું આપ સૌની આગળ શિંગ વિશે જ કહીશ.

'શિંગ એ ધરતીમાંથી મળતું એક મહત્ત્વનું ઉત્પાદન છે. ખોરાક તરીકે તેમાં રહેલાં રાસાયણિક તત્ત્વોને પણ વિવિધ ઉપયોગમાં લઈ શકાય એમ છે.'

એમ કહીને કાર્વરે પેટીમાંથી એક પછી એક વસ્તુઓ કાઢી કાઢીને સામેના મેજ પર મૂકવા માંડી.

બધા એકીટશે જોવા લાગ્યા, જાણે કોઈ જાદુગર જાદુના પ્રયોગો બતાવતો ન હોય! અને ખરેખર, કાર્વર કુદરતના કીમિયાગર જ હતા ને!

જોતજોતામાં દશ મિનિટ પૂરી થવા આવી. એટલે કાર્વરે પ્રમુખ તરફ જોઈને કહ્યું :

'હું આ બધું વિગતે બતાવવા અને કેટલીક ચીજો ચખાડવા તૈયાર છું. પણ મને આપેલો સમય પૂરો થવા આવ્યો છે, એટલે શિંગની મહત્ત્વની કેટલીક બાબતો...'

ત્યાં તો પ્રમુખે કહ્યું :

'મિ. કાર્વર, તમે આગળ ચલાવો. હજી બીજો થોડો સમય આપવામાં આવે છે.'

પ્રેક્ષકોએ પણ એમાં સૂર પુરાવ્યો :

'ચલાવો, ચલાવો, આગળ ચલાવો!'

કાર્વરે આગળ ચલાવ્યું. શીશી એક પછી એક બતાવતા જાય અને કહેતા જાય :

'આ છે શિંગમાંથી બનાવેલા દૂધનો પાઉડર...આ છે આઇસક્રીમ...આ છે શિંગનાં ફોતરાંમાંથી બનાવેલા રંગો...'

પાછું ઘડિયાળ તરફ જોઈને કાર્વર કહે:

'ધાર્યા કરતાં મેં વધારે સમય લીધો. ઘણી રસિક વાતો હજી બાકી જ છે. બીજી કોઈ વાર આપની આગળ મૂકીશ.'

ત્યાં તો એક સભ્યે ઊભા થઈને કહ્યું:

'પ્રમુખ મહાશય, મિ. કાર્વરની વાતો ઘણી મહત્ત્વની અને રસપ્રદ છે. હજી થોડો સમય આપો તો અમને ગમશે.'

પ્રેક્ષકો પણ બોલી ઊઠયા:

'બરોબર છે! બરોબર છે! હજી ચાલવા દો. અમને વાંધો નથી.'

પ્રમુખ પણ રાજી થઈને બોલ્યા:

'મિ. કાર્વર, તમે ખુશીથી આગળ ચલાવો.'

આમ દશ મિનિટ માટે બોલવા ઊભા થયેલા કાર્વરનું પ્રવચન અડધા કલાક કરતાં પણ વધારે સમય સુધી ચાલ્યું, તોયે સાંભળનાઓને ધરાપો ન થયો, પરંતુ કાર્વરે પ્રવચન પૂરું કર્યું.

પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા.

## ૪૬
## પ્રયોગશાળામાં પ્રભુ

કાર્વરને પ્રભુમાં અનન્ય આસ્થા હતી. તે માનતા કે, મનુષ્ય પ્રભુને વેગળા રાખીને કશું શુભ કાર્ય કરી શકે નહિ. પ્રભુ જ આપણા હાથે સત્કાર્ય કરાવે છે. આપણે તો માત્ર સાધન જ છીએ.

ઘણી વાર કાર્વર એકલા એકલા પ્રયોગશાળામાં કંઈ સંશોધનનું કામ કરી રહ્યા હોય. તે ભૂખ-તરસ અને ઊંઘવાનું પણ ભૂલી જાય. આમ ને આમ કેટલાય દિવસ પ્રયોગશાળામાં એકલા રહે. સંશોધન સફળ થાય એટલે પ્રસન્ન ચિત્તે તે બહાર નીકળતા.

પ્રયોગ ચાલતો હોય, ત્યારે કોઈ આવીને બારણે ટકોરા મારી કહે:

'કાર્વર, ચાલો બહાર. જમવાનો વખત થઈ ગયો... ઊંઘવાનો સમય થઈ ગયો...'

ત્યારે કાર્વર અંદર કામ કરતાં કરતાં કહે:

'થોડી વાર થોભો! અમે કામમાં છીએ.'

સાંભળનારને નવાઈ લાગતી કે, 'અમે' એટલે કોણ? પ્રયોગશાળામાં તો કાર્વર એકલા જ છે!

પણ કોઈને શી ખબર પડે કે કાર્વરની સાથે તો મહાનમાં મહાન વિજ્ઞાની પ્રભુ પણ હતા!

એટલે જ કાર્વરે એક વાર જાહેરમાં કહ્યું હતું:

'આપણે પ્રભુના પ્રેમળ હાથ સાથે હાથ મિલાવીએ, તો પ્રભુ આપણી સમક્ષ પહેલાં કદી પણ ન પ્રગટ કર્યાં હોય તેવાં રહસ્યો પ્રગટ કરશે.

'મારી પ્રયોગશાળામાં કદી કોઈ પુસ્તકો કામ આવતાં નથી. જે મારે કરવાનું છે તે અને તે કરવાની પદ્ધતિ માટે મારે ક્યારેય ફાંફાં મારવાં પડતાં નથી.

'જે ક્ષણે કંઈક નવું શોધવાની પ્રેરણા થાય છે, તે ક્ષણે જ તેની પદ્ધતિનું રહસ્ય પણ પ્રભુકૃપાથી પ્રગટ થાય છે.

'જ્ઞાન આડેનું આ આવરણ ખસેડનાર પ્રભુ જ છે. એના વિના હું કશું કરી શકતો નથી. પ્રભુ જ કર્તા-હર્તા છે.'

સાંભળનારાઓએ કાર્વરને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. વર્તમાનપત્રોએ પણ આ વાતને અનુમોદન આપી લખ્યું હતું :

'કાર્વર જેવા મહાન વિજ્ઞાનશાસ્ત્રીને પોતાની પ્રયોગ-શાળાથી પ્રભુને દૂર રાખવા જેવું નથી લાગ્યું એ વાત ખરેખરે પ્રેરક છે...'

પરંતુ કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓને કાર્વરની વાત વાહિયાત લાગી. એ લોકોએ છાપાંમાં લખ્યું :

'વિજ્ઞાનીઓએ આ વિચારવા જેવું છે કે, ડૉ. કાર્વરને કેટલા આધારભૂત ગણવા ? એટલું ખરું કે તેમની જાતિમાં ઘણામાં જે શક્તિ નથી તે તેમણે બતાવી છે, પણ જે વિધાનોમાં વૈજ્ઞાનિકતા ન હોય એનો શો અર્થ ?

સાચા વૈજ્ઞાનિકો પુસ્તકોને ગૌણ ગણતા નથી અને પોતાની સિદ્ધિને પ્રભુની પ્રેરણા નથી ગણાવતા. આમ કરવાથી તો વહેમો અને અજ્ઞાનતાભરી ખોટી માન્યતાઓને જ ટેકો મળશે !

'આવાં વિધાનોથી ડૉ. કાર્વરની અને ટસ્કેજી સંસ્થાની પણ પ્રતિષ્ઠાને હાનિ થશે. ડૉ. કાર્વરનાં સંશોધનો વૈજ્ઞાનિકને બદલે ચમત્કારિક ગણાશે.'

કેટલાક લોકોએ કાર્વરને આનો જવાબ આપવા જણાવ્યું. પણ કાર્વર મૌન રહ્યા. તેમને નકામી જીભાજોડી કરવામાં રસ નહોતો.

૪૭

## 'ઝેર તો પીધાં છે જાણી જાણી !'

એક દિવસ કાર્વર એક શહેરમાં ગયા. રસ્તામાં એક સુંદર બાગ આવ્યો. ઝાડપાન, ફૂલછોડ જોઈને કાર્વરનું હૈયું નાચી ઊઠ્યું.

ફૂલછોડ તેમને જાણે હાક મારવા લાગ્યા : 'આવો, આવો, મિત્ર! ભલે પધારો !'

કાર્વરના પગ બાગ ભણી વળ્યા. પણ કાર્વર સાવધ થઈ ગયા. તેમણે બાગમાં બધે આંખ ફેરવી જોઈ. કાળાઓ માટે મનાઈ સૂચવતું પાટિયું તો નથી ને !

ખાતરી કરીને કાર્વર બાગમાં પેઠા. પ્રકૃતિસૌન્દર્યને

નિહાળીને તે ઘેલા ઘેલા બની ગયા. હૈયું થનગની ઊઠ્યું :
'વાહ ! મારા પ્રભુ, વાહ ! શી તારી અનુપમ લીલા !'

ત્યાં તો કાર્વરે કોઈનો કર્કશ ઘાંટો સાંભળ્યો :

'એય કાળિયા, અહીં શું કરે છે? અહીં કાળાઓને દાખલ થવાની મનાઈ છે એટલું પણ તને ભાન નથી? નીકળ અહીંથી!'

કાર્વર ધીમે પગલે બહાર નીકળી ગયા.

પરંતુ તેમના દયાળુ ઉદાર દિલમાં જરાયે રોષ ન પ્રગટ્યો. રોષ કરીને જાય પણ ક્યાં?

*

એક વાર કાર્વર એક સ્ટેશને ગાડીની રાહ જોતા ઊભા હતા.

એક ગોરો એંજિન ડ્રાઇવર સામેની બાજુ પર એંજિનમાં કોલસા પૂરતો હતો. તેના હાથેપગે કંઈ ખોડ હતી. એટલે તે ખૂબ પરિશ્રમ ઉઠાવીને કોલસા પૂરતો હતો.

કાર્વરને થયું, 'બિચારાને કોલસા પૂરવામાં મુશ્કેલી પડે છે. લાવ, જઈને તેને મદદ કરું.'

કાર્વર તેની પાસે જઈને બોલ્યા :

'ભાઈ, લાવો, હું તમને કોલસા પૂરવામાં મદદ કરું?'

પેલા ગોરાએ માથું ઊંચું કરીને જોયું તો એક કાળો માણસ તેને મદદ કરવા માગતો હતો!

તે ઘૂરકી ઊઠ્યો :

'જા, જા. મારે તારું કામ નથી!'

કાર્વરને થયું, 'હશે! જેવી એની મરજી!'

કાર્વર માનતા કે, કોઈ આપણી સાથે ખરાબ રીતે વર્તે અને આપણે પણ એની સામે ખરાબ રીતે વર્તીએ, તો આપણામાં અને તેનામાં ફેર શું ? આપણે તો આપણી સદ્ભાવનાનો જ વિકાસ કરવો.

કાર્વર તો કહેતા :

'હું વિશ્વાસપૂર્વક માનું છું કે, સૃષ્ટિના સનાતન નિયમોમાં ઈશ્વરને કંઈ ફેરફાર કરવાનું કહેવાનો અધિકાર આપણને નથી. થોર ઉપર કેળાં શી રીતે નીપજે ? એટલે અન્યાય અને દ્વેષ જ જીવનમાં વાવીએ, તો તેનાં ભયંકર પરિણામો ભોગવવાની આપણી તૈયારી હોવી જોઈએ.'

એટલે કાર્વર વેરભાવને બદલે પ્રેમ અને બંધુતાને મહત્ત્વ આપતા.

એક પ્રસંગ જોવા જેવો છે.

એક વાર એક અજાણ્યો માણસ ટસ્કેજી સંસ્થા જોવા આવ્યો. કાર્વરનો સાદો પોશાક જોઈને તેણે માન્યું કે. એ કોઈ ખેડૂત હશે અથવા મજૂર હશે.

તેણે કાર્વરને પૂછ્યું :

'અહીં તમે શું વેચો છો ?'

કાર્વર મીઠું સ્મિત ફરકાવતાં બોલ્યા :

'હું એક જ વસ્તુ વેચું છું : બંધુતા.'

## ૪૮
## કામ શીખવાનો માર્ગ

કાર્વર પોતાનું કામ જાતે જ કરી લેતા. તે પોતાનું પાણી જાતે જ ભરતા. ઓરડો પણ જાતે જ વાળી કાઢતા. કપડાં પણ જાતે જ ધોતા.

કેટલાક મિત્રો અને હિતેચ્છુઓ કાર્વરને કહેતા:

'કાર્વર, તમે ઘરકામ કરવા માટે કોઈ નોકર રાખી લો તો? હવે તમારી ઉંમર પણ થઈ. વળી તમે સંસ્થાના પ્રતિષ્ઠિત કાર્યકર છો. તમારી પ્રતિષ્ઠા પણ બધે સારી છે. એટલે તમારા જેવા આવાં નાનાં નાનાં કામમાં તમારો કીમતી સમય વેડફી દે એ ઠીક કહેવાય નહિ.'

કાર્વર એ લોકોની વાત શાંતિથી સાંભળતા, પછી ધીમે અવાજે કહેતા:

'મને આવું કામ કરવાની નાનપણથી ટેવ છે અને હું એ ટેવને હંમેશને માટે કાયમ રાખવા માગું છું.

'હું અનુભવથી એક સત્ય શીખ્યો છું. તે એ છે કે, કોઈ પણ કામ શીખવાનો એક જ માર્ગ છે: જાતે કરવું.

'ભાઈઓ, પોતાનું કામ પોતે કરવામાં નાનમ શી? માણસ મોટો થાય, એટલે તેણે કામ ન કરવું એવો કંઈ નિયમ નથી.

'ખરી રીતે જોતાં હું કોઈ કામ જાતે કરું તો જ મને તેમાં કંઈ સુધારોવધારો કરવો હોય તો સમજ પડે.

હું મારાં કપડાં જાતે ધોઉં તો જ મને ખબર પડે કે મેં બનાવેલો સાબુ ખરેખર સારો છે કે નહિ. કોઈ ખોટી રીતે ઉપયોગ કરતું હોય, તોપણ સાચી રીતની મને પોતાને ખબર હોય તો જ હું તેને બતાવી શકું.'

૪૯

## એમાં ફેર શું પડે ?

કાર્વરનો કોટ એ તો જગવિખ્યાત બની ગયો છે. એનો જોટો મળવો મુશ્કેલ છે. આ બાબતમાં આપણે બેધડકપણે કહી શકીએ કે,

'કોટ તો ભાઈ, કાર્વરનો જ !'

આજે પણ ટસ્કેજીના કાર્વર મ્યુઝિયમમાં એમનો એ 'અતિકીમતી' કોટ જાળવી રાખવામાં આવ્યો છે.

વાત એમ છે કે, કાર્વર ટસ્કેજીમાં આવ્યા તે વખતે તેમણે જે કોટ પહેર્યો હતો એ કોટ સિવાય બીજો કોટ તેમણે છેલ્લી ઘડી સુધી — ઈ.સ. ૧૮૯૬થી ૧૯૪૩ સુધી — કદી પહેર્યો નથી !

કાર્વર પોતાનાં કપડાં જાતે જ સાંધતા. ટાઈ પણ જાતે જ બનાવી લેતા. જોડા પણ મોચી પાસે સંધાવવા લઈ જતા નહિ. તેમનો આવો સાદો પહેરવેશ જોઈને બહારથી આવનાર તેમને ખેડૂત જ માનતું.

આ તેમને ખૂબ ગમતું. તેમને થતું કે નકામી

લમણાઝીકમાંથી બચી ગયા !

આયાત જકાત ધારા સમિતિ સમક્ષ પ્રવચન આપવા તેમને અમેરિકાના પાટનગર વોશિંગ્ટન જવાનું થયું હતું, ત્યારે એક કાર્યકર ભાઈએ જરા કડક શબ્દોમાં તેમને કહ્યું :

'ડૉ. કાર્વર, તમે ક્યાં જાઓ છો એનો ખ્યાલ છે ને? ત્યાં મોટમોટા પ્રતિષ્ઠિત સજ્જનો તમારું પ્રવચન સાંભળવા ભેગા થશે. માટે બીજું કંઈ નહિ, પણ આ તમારી નેકટાઈ બદલી દો તો સારું. જોઈએ તો હું તમને સારી નેકટાઈ આપું.'

કાર્વર સ્મિત ફરકાવતા બોલ્યા :

'ભાઈ, જો હું નેકટાઈ નવી પહેરીને ત્યાં જાઉં, તો એ લોકો આગળ પ્રવચન કરવામાં અને તેમના સવાલોના જવાબ આપવામાં એ મને મદદરૂપ થશે ખરું? એવું મને કશું લાગતું નથી. ત્યાં તો મને મારું જ્ઞાન જ કામમાં લાગવાનું છે. કપડાંથી કશો ફેર પડતો નથી.'

## ૫૦
## લગ્ન કરવાનો સમય ન મળ્યો !

કાર્વર આખી જિંદગી અપરીણિત જ રહ્યા હતા. કોઈ તેમના તરફ સહાનુભૂતિ બતાવીને કહેતું :

'ડૉ. કાર્વર, તમે હજી લગ્ન કેમ નથી કર્યાં ? તમે લગ્ન કર્યાં હોત તો તમને કુટુંબ પરિવારની હૂંફ મળત

ને! ઘરડે ઘડપણ કોઈ મદદરૂપ પણ થાત.'

કાર્વર સહજ ભાવે કહેતા :

'મને લગ્ન કરવાનો સમય જ ક્યાં છે? મારા હાથમાં કેટલાં બધાં કામ છે! હજી મારે કેટલાંય સંશોધનો કરવાનાં બાકી છે. એ બધાં કામમાંથી હું નવરો પડું તો લગ્નનો વિચાર કરું ને!'

આ સાંભળીને પ્રશ્ન પૂછનાર સમજી જતું કે, ભાઈ-સાહેબ ખોટું બહાનું જ કાઢે છે!

કાર્વર પ્રયોગશાળાના કામમાં ગળાડૂબ હોય, તે વખતે કોઈ આવીને કહે, 'કાર્વર ભાઈ, મારી શિંગ કેમ સારી ઊતરતી નથી? મારે ખેતરે જરા આવી જાઓ ને?'... 'કાર્વરભાઈ, મારા બટાટા કેમ હજી બરાબર ઉતાર આપતા નથી? ખાતર-પાણીમાં કંઈ કચાશ તો નથી ને? જરા મારા ખેતરે આંટો મારી જાઓ ને!'... 'કાર્વરભાઈ, મારું સફરજનનું મજાનું ઝાડ કેમ સુકાવા માંડયું છે? કંઈ રોગબોગ તો નથી લાગ્યો ને?' —આવા સવાલો પૂછે, તો કાર્વર ગમે તેવું મહત્ત્વનું કામ બાજુએ મૂકીને ત્યાં દોડી જતા.

અને ભાઈસાહેબને માત્ર લગ્ન કરવા કે એ વિશે વિચારવા સમય મળતો ન હતો!

અરે, કાર્વરે તો પોતાનું સમગ્ર જીવન પોતાના બાંધવોને મદદરૂપ થવામાં જ સમર્પી દીધું હતું. એમને પોતાના સુખનો વિચાર કરવાનું ક્યાંથી સૂઝે?

આપણા એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે એમ કાર્વર તો ઝંખતા હતા—

'નથી મને કામના રાજ્યની વા
ના સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એક ખપી જવાની
પીડિતનાં દુઃખ નિવારવામાં.'

## ૫૧

## 'અતૂટ એક કાચા સૂતરનો તાંતણો'

કાર્વર ખરેખર યોગી જેવા જ હતા.

શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા કે, કંચન અને કામિનીથી ચલિત ન થાય એ જ મહાપુરુષની, સંત-મહાત્માની કસોટી છે.

કાર્વર એ કસોટીમાંથી પાર ઊતર્યા હતા.

કાર્વરનું કામકાજ ટસ્કેજીમાં દિવસે દિવસે વિકસતું ગયું. પણ એમના જીવનક્રમમાં જરાયે ફરક પડ્યો નહિ.

બૂકર ટી. વૉશિંગ્ટન પણ આવા નિઃસ્પૃહી, સેવાભાવી કાર્વર પ્રત્યે પ્રેમ અને આદરથી જોતા. એક દિવસ તેમણે કાર્વરને કહ્યું :

'મિત્ર, તમે બહુ જ ઓછું વેતન લો છો અને કામ તો અનેકગણું કરો છો. તમારા વેતનમાં અમે વધારો કરવા ઇચ્છીએ છીએ.'

એ સાંભળીને કાર્વર સહજ ભાવે કહે :

'વધારે પૈસા લઈને નાખવા ક્યાં? હું ક્યાં વેતન

માટે કામ કરું છું ? આ સંસ્થાને મારું ઘર જ સમજું છુ.’

વૉશિંગ્ટન એમને પ્રેમથી ભેટી પડચા.

આ બંને મહાનુભાવોની મૈત્રી કોઈનેય ઈર્ષા ઉપજાવે એવી હતી. પ્રેમરૂપી કાચા સૂતરને તાંતણે એ બંને ભેખધારીઓ અતૂટ બંધને બંધાયા હતા. એમને કોણ જુદા પાડી શકે એમ હતું ?

હા, કાળની આગળ કોઈનું ચાલતું નથી !

૧૯૧૫ની સાલમાં બૂકર ટી. વૉશિંગ્ટને દેહ છોડચો, ત્યારે જ બંનેનો વિયોગ થયો !

પરંતુ એ જ વખતથી કાર્વર વધારે ધગશથી કામ કરવા લાગ્યા. એમના પરમ મિત્ર બૂકરની સંસ્થાને જરાયે ખોટ ન વર્તાય એની તે સતત કાળજી રાખતા.

કાર્વર કહેતા :

‘ટસ્કેજીમાં હંમેશને માટે કામ કરવાનું વચન મેં ડૉ. વૉશિંગ્ટનને આપ્યું છે. ડૉ. વૉશિંગ્ટન આજે નથી, પરંતુ ટસ્કેજી, કામ અને જરૂરિયાત એવાં ને એવાં ઊભાં છે.’

## ૫૨

## ૭ આંકડાની રકમને રામ રામ કર્યા !

ટૉમસ એડિસન મહાન વિજ્ઞાની થઈ ગયા. તેમણે કાર્વરની ખ્યાતિ સાંભળી. તેમને થયું, કાર્વર જેવા સાથી મળી જાય, તો અમે બંને મળી દુનિયાને હેરત પમાડી દઈએ !

એડિસને પોતાના અંગત મંત્રીને ટસ્કેજી મોકલ્યો. તે કાર્વરને મળ્યો. એડિસનના મનની વાત તેમને કહી. બહુ મોટા વેતનની વાત કરીને છેવટે મંત્રીએ ઉમેર્યું :

'એડિસને કહાવ્યું છે કે, આપણે બંને ભેગા મળીને વિશ્વનાં રહસ્યોને પ્રગટ કરીશું. ટસ્કેજીની મર્યાદિત સગવડો તમારી શક્તિને વિકસાવી શકે એમ નથી. અમારે ત્યાં તમને બધી સવલતો આપીશું. એક વાર અહીં આવી જાઓ તો બસ. વિલંબ કરવામાં સાર નથી.'

કાર્વરે શાંતિથી ટૂંકમાં જવાબ આપ્યો :

'અહીં મારી જરૂર છે.'

બૂકર ટી. વૉશિંગ્ટનને તેમણે ટસ્કેજીને સાચવવાનું અને વિકસાવવાનું વચન આપ્યું હતું, એ બધું સમજાવીને કાર્વર બોલ્યા :

'અહીં ટસ્કેજીમાં પૂરતી સગવડો નથી એ વાત સાચી છે. પણ અહીં જ હું ઉત્તમ કામ કરી શકીશ.

'જ્યાં મારે માટે મોંઘાં અને ખર્ચાળ સાધનો ન હોય, ઘણા બધા મદદનીશો પર આધાર રાખવાનો ન હોય, ત્યાં જ મારી શક્તિ ખીલી શકે એમ છે. સુખસગવડો મને ગૂંગળાવી મારે છે !'

એડિસનનો એ મંત્રી આ વામનસ્વરૂપ મહામાનવને અહોભાવથી જોઈ જ રહ્યો. જ્યારે લોકો પૈસા અને કીર્તિને માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે આ ફકીર બાદશાહ છ આંકડા જેટલા વેતનને — એક લાખ જેટલી રકમને તૃણવત્ ગણી રામ રામ કરતો હતો !

## ૫૩

# પોતાની કચડાયેલી જાતિ માટે તાલાવેલી

પોતે હબસી હોવાને કારણે કાર્વરને બીજા વિજ્ઞાન-શાસ્ત્રીઓની માફક જરાયે સગવડ ન હતી! બીજા વૈજ્ઞાનિકો તો 'સાયન્સ એકેડેમી'માં અવારનવાર મળીને પોતાનાં સંશોધનો અંગે ચર્ચાવિચારણા કરી શકતા. પરંતુ કાર્વર માટે તો એ બારણાં બંધ હતાં! એમને આવી કોઈ તક મળતી નહિ.

પરંતુ આ વાતનું તેમને જરાયે મનદુઃખ થતું નહિ. પોતાની કોમની પરિસ્થિતિ, મર્યાદાઓ તે બરોબર સમજતા હતા. તે તો એકલા એકલા એકાંતમાં મંથન કર્યા કરતા હતા.

પરંતુ તે એકલા હતા જ ક્યાં? પ્રભુનો સાથ તેમને સદા મળ્યા કરે જ છે, એમ તે તો માનતા હતા.

કાર્વરને થતું, બધાની સાથે ચર્ચાવિચારણા કરીને વખત બગાડવામાં સાર નથી. કોઈ વાર મતમતાંતર થતાં ઘર્ષણ ઊભું થાય, તો મનની એકાગ્રતા તૂટી જાય અને શક્તિનો નકામો દુર્વ્યય થાય. એના કરતાં શક્તિનો સદુપયોગ કરી પોતાના જાતિભાઈઓ માટે બને તેટલું કરી છૂટવું સારું. બીજી કોઈ પંચાતમાં પડવા જેવું નથી.

એક વાર એક મોટી રબર કંપનીએ કાર્વરને

આમંત્રણ મોકલ્યું. ત્યાંના સંશોધક કેન્દ્રના સંચાલક તરીકે કામ કરવાની ઑફર હતી. વેતન પણ મોંમાગ્યું આપવા કંપની તૈયાર હતી.

કાર્વરે કંપનીને નમ્રપણે ના પાડી દીધી.

આ જાણીને એક હિતેચ્છુ ભાઈએ તેમને પૂછ્યું:

'આ ઑફરનો અસ્વીકાર કરવાનું શું કારણ હતું?'

કાર્વરે શાંત અવાજે ગંભીરતાથી કહ્યું:

'ભાઈ, હું મારા જાતિભાઈઓની દુર્દશા જોઈને ખૂબ વ્યથા પામું છું. એ બાપડા લોકોની સ્થિતિ સુધારવા શું કરવું જોઈએ, એના જ વિચારો મને હંમેશાં આવે છે.

'જો હું એ કંપનીમાં નોકરીએ રહેત, તો મારી સ્થિતિ સારી થાત. પરંતુ હું ત્યાં જે કામ કરત તે મારા કામ તરીકે — એક કાળા માણસના કામ તરીકે ન ઓળખાત. એનો જશ કંપનીને જ મળત. એથી મારી જાતિનું ગૌરવ ક્યાંથી થાત? હું જે કંઈ કરું તેનો યશ મારી કચડાયેલી જાતિને મળે એમ હું ઇચ્છું છું.'

આવી હતી કાર્વરની જીવન-ભાવના.

એટલે જ કાર્વર પોતાના વિદ્યાર્થીઓને વારંવાર કહેતા:

'તમે આટલું યાદ રાખજો કે, આપણે જે જ્ઞાન અને સંસ્કાર મેળવ્યાં હોય એનો લાભ દૂર સુદૂર વસતા, કંગાલિયત અને અજ્ઞાનતામાં સબડતા પોતાના જાતિભાઈઓ સુધી પહોંચાડવાની આપણી પવિત્ર ફરજ છે.

'પોતાનો છેલ્લામાં છેલ્લો ભાઈ જ્યાં સુધી સુખી,

તંદુરસ્ત અને સમૃદ્ધ જીવન જીવતો ન થાય, ત્યાં સુધી આપણાથી જંપીને બેસાય જ કેમ?'

## ૫૪

## દયાળુ દાક્તર સાહેબ

એક દિવસ બે હબસી બાળકો દૂરને ગામડેથી પોતાના બીમાર કૂતરાને ઊંચકીને ચાલતા ચાલતા ટસ્કેજી આવ્યા. બંને છોકરાઓ નાના હતા. એટલે કૂતરાને ઊંચકીને લઈ આવતાં થાકીને લોથપોથ થઈ ગયા હતા.

ટસ્કેજીનાં મોટમોટાં મકાનો જોઈ ને નાના છોકરાએ મોટા છોકરાને પૂછ્યું :

'આપણને અહીં દાખલ થવા દેશે કે? કોઈ અટકાવે તો નહિ ને?'

મોટાએ કહ્યું :

'મારો એક ભાઈ અહીં ભણે છે. તે કહેતો હતો કે, દાક્તર કાર્વર બહુ ભલા છે. તે કોઈની સાથે પણ વાત કરે છે. કોઈને કશું કરતા નથી. બહુ દયાળુ છે.'

એમ વાતો કરતા કરતા તેઓ દરવાજામાં દાખલ થયા.

ત્યાં તો પાછળથી અવાજ આવ્યો :

'અલ્યા છોકરાઓ, ક્યાં ચાલ્યા? તમારે કોનું કામ છે?'

છોકરાઓ ચમક્યા! તેમને થયું, આ દરવાન આપણને તગેડી મૂકશે!

એકે ગભરાતાં ગભરાતાં કહ્યું:

'અમે દાક્તર કાર્વર પાસે જઈએ છીએ. આ કૂતરો…'

દરવાને કૂતરા તરફ જોઈને જ વાક્ય પૂરું કર્યું:

'માંદો થઈ ગયો છે, એમ ને? જાઓ, ખુશીથી જાઓ. દાક્તર સાહેબ શાળામાં છે.'

ત્યાં તો સંસ્થાનું ગાડું બહારથી આવ્યું. દરવાને એને રોકીને ગાડાવાળાને કહ્યું:

'આ છોકરાઓને ગાડામાં બેસાડી દે. દાક્તર કાર્વર સાહેબના નિવાસ આગળ ઉતારી દેજે.'

છોકરાઓ કૂતરાને ઊંચકીને ખુશ થતા થતા ગાડામાં બેઠા.

કાર્વરે છોકરાઓને આવકાર્યા. કૂતરાને બરાબર તપાસી જોયો.

કૂતરો પણ ડાહ્યોડમરો થઈને પડી રહ્યો. જરાયે સામો થયો નહિ.

કાર્વરે દવા પાઈ. પછી છોકરાઓને કહ્યું:

'ચાલો બચ્ચાઓ, તમે વહેલી સવારના ઘેરથી નીકળ્યા હશો. ભૂખ્યા થયા હશો. ચાલો, તમને જમાડી દઉં.'

કાર્વરે છોકરાઓને રસોડામાં લઈ જઈ પેટ ભરીને જમાડ્યા.

છોકરાઓને સંતોષ થયો.

પછી કાર્વરે કહ્યું :

'તમે કૂતરાને અહીં મૂકીને જાઓ. થોડા દિવસ એની માવજત કરવી પડશે. એ સાજો થઈ જશે, એટલે તમને કાગળ લખીશ. પછી તમે આવીને એને લઈ જજો.'

છોકરાઓ એ સાંભળીને મુગ્ધ ભાવે કાર્વર ભણી જોઈ રહ્યા. તેમને સલામ કરી તેઓ ઘર ભણી જવા નીકળ્યા.

નાનો છોકરો કાર્વરને યાદ કરી કહે :

'દાક્તર સાહેબ કેટલા ભલા છે! આપણને જમાડ્યા, કૂતરાની સારવાર કરી. એને પોતાની પાસે રાખ્યો. અને કૂતરો સાજો થશે, ત્યારે દાક્તર સાહેબ આપણને કાગળ લખશે! તેઓ ખરેખર પ્રભુ જેટલા જ દયાળુ છે.'

મોટો ટાપશી પુરાવતો કહે :

'તારી વાત સાચી, દાક્તર સાહેબ તો દેવપુરુષ છે.'

## ૫૫

## પ્રભુ મહેનતાણું લે છે?

ફ્લોરિડામાં કેટલાક પૈસેટકે સુખી ખેડૂતોને થયું :

'આપણા પાકને કંઈ રોગ લાગે છે! આપણે કેટલાય ઉપાયો લઈએ છીએ, પણ તે કારગત નીવડતા નથી. દર વરસે કેટલાં બધાં ખેતરોની શિંગ રોગને લીધે નાશ પામે છે! આપણે ડૉ. કાર્વરની સલાહ લઈએ. તે આ બાબતમાં

નિષ્ણાત છે. એમને અહીં લઈ આવીએ. એ બધું જાતે નિહાળીને કંઈ ઉપાય બતાવશે.'

તેઓ કાર્વર પાસે ગયા. તેમને બધી વાત સમજાવી. કાર્વર એ લોકોની સાથે ફ્લૉરિડા ગયા.

કાર્વરે ખેતરે ખેતરે ફરીને બધું નિહાળ્યું. બેચાર કલાકના નિરીક્ષણ પછી તેમણે એ બધા ખેડૂતોને રોગ લાગવાનાં કારણો સમજાવ્યાં અને એ સામે શાં પગલાં ભરવાં એની વિગતવાર સૂચનાઓ આપી.

ખેડૂતોએ એમની સૂચનાઓ અનુસાર બધું કર્યું. બીજે વરસે રોગનું નામનિશાન ન રહ્યું. શિંગનો મબલક પાક ઊતર્યો.

ખેડૂતો રાજી થયા. તેમણે સારી એવી રકમનો ચેક કાર્વર પર મોકલ્યો અને જણાવ્યું કે,

'અમે તમને દર મહિને આટલી રકમ માનદ મહેનતાણા તરીકે રાજીખુશીથી આપતા રહીશું. કોઈ કોઈ વાર અમને સલાહ આપતા રહેશો.'

કાર્વરે વળતી ટપાલમાં જ ચેક સાભાર પરત મોકલ્યો અને લખ્યું :

'શિંગ ઉગાડવાનું મહેનતાણું પ્રભુ આપણી પાસે કદી લે છે ખરા? પ્રભુએ મહેનતાણું લીધું નથી, તો પછી હું સલાહસૂચના આપવાનું મહેનતાણું શી રીતે લઉં? કોઈને સલાહ આપવી અને મદદરૂપ થવું એ તો મારી ફરજ છે.'

## ૫૬
## તેનું તેને અર્પણ !

ટસ્કેજી વસાહતની બૅંકના એજંટ તરીકે વિલ્સન નામના માણસની નિમણૂક થઈ. આ બૅંકમાં ટસ્કેજી સંસ્થાની બધી લેવડદેવડ થતી હતી.

એક દિવસ કાર્વરને પૈસાની જરૂર પડી. એક ગામના ગરીબ હબસી ખેડૂતોને ખેતીકામમાં મદદ કરવાની હતી.

વિલ્સને કહ્યું: 'હજી પહેલી તારીખને બે-ચાર દિવસની વાર છે. પછી વેતનનો ચેક ચૂકતે કરવામાં આવશે.'

ત્યાં તો એ બૅંકનો જૂનો કારકુન ત્યાં આવ્યો. તેણે કહ્યું:

'ઊભા રહો, ડૉ. કાર્વર. તમારા ચેકનાં નાણાં ચૂકતે કરી આપું.'

એમ કહીને તેણે બૅંકમાંનું એક ખાનું ખોલ્યું. એમાંથી એક ચેક કાઢીને કાર્વરને નાણાં ચૂકવી આપ્યાં.

કાર્વરના ગયા પછી વિલ્સને એ કારકુનને કહ્યું: 'એ ચેક એમનો હતો, તો આપણી બૅંકના ખાનામાં કેમ પડી રહ્યો હતો?'

કારકુને હસતાં હસતાં કહ્યું:

'મારા સાહેબ, તમે હજી અહીં નવા આવ્યા છો. ડૉ. કાર્વરને ઓળખી લેવા જોઈએ, જરા અહીં આવો.'

એમ કહીને તેમણે પેલું ખાનું ખોલ્યું. ખાનું ચેકની

થોકડીઓથી ભરેલું હતું. કારકુને કહ્યું :

'આ બધા ચેક ડૉ. કાર્વરના છે.'

વિલ્સન નવાઈ પામી બોલી ઊઠચો :

'આટલા બધા ચેક! એ કેમ આમ ને આમ પડી રહ્યા છે? ડૉ. કાર્વરને એમના જાહેર કામના પુરસ્કારમાં એ મળ્યા હશે.'

કારકુન હસતો હસતો કહે :

'ના, સાહેબ, ના. આ તો સંસ્થા એમને જે વેતન આપે છે તેના. સાંભળો. નવાઈ પામવા જેવું તો આ છે :

'ડૉ. કાર્વર સંસ્થામાં એપ્રિલ ૧૮૯૬માં જોડાયા. ત્યારથી દર મહિને ચેક બેંકમાં આમ ને આમ પડી રહે છે. કોઈને મદદ કરવાની જરૂર પડે અને પોતાને રોજ-બરોજ ખરચવા માટે થોડીઘણી રકમની જરૂર પડે, ત્યારે જ તે આવીને નાણાં લઈ જાય છે.

'સાહેબ, આજે તે એપ્રિલ ૧૯૧૫ના ચેકનાં નાણાં લઈ ગયા છે. હવે તે આવે ત્યારે આ થોકડીમાંનો સૌથી નીચેનો ચેક મે ૧૯૧૫નો કાઢી આપજો.'

આ સાંભળીને વિલ્સન ખૂબ જ નવાઈ પામ્યો. તે કહે :

'ઓ બાપ રે! હમણાં ૧૯૨૩ની સાલ ચાલે છે. હમણાં સુધીના ચેક આમ જ પડી રહ્યા છે! તો પછી એમને ખરચવા પૈસા નહિ જોઈતા હોય?'

કારકુન ગૌરવ અનુભવતો હોય એમ કહે :

'અરે સાહેબ, એ તો મહાત્મા છે મહાત્મા! એમને

પૈસાની પડી જ નથી. કપડાંની જરૂરિયાત પણ કેટલી ઓછી! એ ટસ્કેજીમાં આવ્યા તે વખતે તેમણે જે કોટ પહેરેલો છે તે જ હજી પહેર્યા કરે છે!'

વિલ્સન મુગ્ધ બની ગયો.

અને...અને એક દિવસ સવારે ટસ્કેજીના દેવળમાં ટસ્કેજીના વ્યવસ્થાપક ડૉ. પેટરસન ધીમે પગલે વ્યાસપીઠ તરફ ગયા.

સંસ્થાના બધા કાર્યકરો, વિદ્યાર્થીઓ અને આસ-પાસનાં ગામોનાં માણસોની મેદની વચ્ચે પેટરસને ધીર ગંભીર અવાજે જાહેરાત વાંચી સંભળાવી:

"હું જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર મારી જીવનભરની બચત તેત્રીસ હજાર ડૉલર ટસ્કેજી સંસ્થાને સોંપીને 'જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર ફાઉન્ડેશન'ની સ્થાપના કરું છું."

એ જાહેરાત સાંભળીને બધાં દિગ્મૂઢ બની ગયાં. તેઓ ગદ્ગદ બની ગયાં. આનંદ અને અહોભાવનાં આંસુ તેઓની આંખમાં ઊભરાઈ આવ્યાં. તેઓનાં મસ્તક કાર્વરને નમન કરતાં નીચે ઝૂકી ગયાં.

કેવો અદ્ભુત ત્યાગ!

## ૫૭
# ચિરશાંતિમાં પોઢી ગયા !

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરને પોતાની જન્મતારીખની ખબર ન હતી! બાળપણમાં જ તે માબાપવિહોણા બની ગયા હતા! ભાઈ-બહેન હતાં એ પણ અવસાન પામ્યાં હતાં. પોતે પણ અનાથ જેવા હતા!

પરંતુ પ્રભુકૃપાથી ખૂબ ખૂબ વિટંબણા વેઠીને કેટલાંક દયાળુ માનવહૈયાંની હૂંફ મેળવીને તે કૉલેજ સુધી ભણ્યા. એ જ કૉલેજના અધ્યાપક પણ બન્યા. આમ સુખ, સમૃદ્ધિ અને કીર્તિ પામવાના દિવસો આવ્યા, ત્યાં તો બૂકર ટી. વૉશિંગ્ટને એમને એ બધું છોડીને પોતાની જાતિનાં ભાઈ-બહેનોની સેવા કરવાનું આમંત્રણ આપ્યું!

કાર્વર બધું છોડીને ટસ્કેજીમાં આવીને રહ્યા. એ સાલ હતી ૧૮૯૬ની. અને છેવટની ઘડી સુધી તે ટસ્કેજીને પોતાનું ઘર માનીને રહ્યા.

ધીમે ધીમે એમની સુવાસ બધે ફેલાતી ગઈ. અમેરિકાના થિયોડોર રૂઝવેલ્ટ જેવા પ્રમુખો, ફોર્ડ જેવા અબજોપતિ, ઇંગ્લૅંડના પાટવી કુંવર વગેરે કેટલાય મહાનુભાવો આ 'કાળા' ફકીરનો સમાગમ કરવા દોડતા આવવા લાગ્યા. મહાત્મા ગાંધીજીએ પણ એમની સાથે પત્રવ્યવહાર કર્યો હતો.

આ બધું હોવા છતાં કાર્વર તો સ્થિતપ્રજ્ઞ જેવા રહીને પોતાની કચડાયેલી, દબાયેલી, દરિદ્રતામાં પીડાતી,

અજ્ઞાનઅંધકારમાં અટવાતી કોમને ઉપર લાવવા રાતદિવસ મથતા રહ્યા.

દિવસે દિવસે એમની ઉંમર પણ વધતી જતી હતી. હવે કાર્વર વૃદ્ધ થયા હતા. પણ તે પોતાનું બધું કામ જાતે જ કરતા.

પોતાની ઓરડીમાં બારી આગળ તેમણે પોતાની વહાલસોયી માવડીનો રેંટિયો મૂકી રાખ્યો હતો. દરરોજ તે એને સાફ કરતા. જરાયે ધૂળ લાગવા દેતા નહિ. એ રેંટિયો તો એમને મન પ્રેરણાની પ્રભુ-પ્રતિમા જ હતી. પોતે વૃદ્ધ થયા હતા, પણ મનમાં રોજ માને યાદ કરતા જ. આખરે માના કંઈ જ સમાચાર ન મળ્યા ! માનું શું થયું હશે ? —આવા આવા વિચારથી આ વૃદ્ધ બાળક પણ એકલા એકલા થોડું રડી લેતા !

આમ કરતાં કરતાં ૧૯૪૨નો ડિસેમ્બર મહિનો આવી ગયો. ઠંડી સખત હતી. તોયે કાર્વર નિયમ મુજબ ચાર વાગ્યે ઊઠતા જ.

એક દિવસે મળસકે ચાર વાગ્યે કાર્વર પથારીમાંથી ઊઠ્યા. દરરોજના નિયમ મુજબ બહાર ફરવા નીકળ્યા.

પોતાની વહેલી સવારે ફરવાની ટેવ વિષે કાર્વર કહેતા :

'જેને હું ખૂબ ચાહું છું એ કુદરતની સાથે એકાંતમાં રહી હું મારા અધ્યયન માટે માર્ગદર્શન મેળવું છું. કુદરત આપણને સૌને જે શીખવવા ખૂબ આતુર છે તેનો અભ્યાસ કરું છું. પ્રભાતે બાળરવિનાં સોનેરી કિરણોનો પ્રાણદાયી પ્રકાશ ધરતી પર રેલાય છે, તે વખતે વનવગડામાં જે

સૌન્દર્ય જોવા મળે છે, એનો આનંદ કંઈ ઓર જ હોય છે!

'પ્રભુ મારી પાસે શું કરાવવા ઇચ્છે છે એની સ્પષ્ટ સમજણ પણ આ સિવાયના બીજા કોઈ સમયે મળી શકતી નથી.

'જ્યારે બીજાં માણસો હજી ઊંઘતાં હોય, ત્યારે હું પ્રભુના પ્રેરક સંદેશને સારી રીતે સાંભળી શકું છું અને તેની યોજના સમજી શકું છું.'

એટલે કાર્વર વહેલી સવારે વનવગડામાં એકાંતમાં અચૂક ફરવા જતા.

આજે ઠંડી સખત હતી. છતાં તે ફરવા બહાર નીકળ્યા. આગળની પરસાળ ઉપરથી નીચે ઊતરતા હતા ત્યાં તો તેમનો પગ રસ્તા પર પથરાયેલા બરફ પર લપસ્યો અને તે નીચે પટકાઈ પડ્યા!

અવાજ આવતાં છાત્રાલયના ગૃહપતિ અને કેટલાક વિદ્યાર્થીઓ બહાર દોડી આવ્યા.

સૌએ તેમને અંદર આવી આરામ કરવા અને બહાર ન નીકળવા સમજાવ્યા.

પરંતુ કાર્વર ધીમેથી બોલ્યા:

'આરામની જરૂર નથી. મારે ઘણું કામ છે.'

પરંતુ પગની પીડા વધતી ગઈ. તે પોતાની ઓરડીમાં પોતાના જૂના ખાટ પર પડ્યા પડ્યા કામ કર્યા કરતા.

છેવટે ૫મી જાનેવારી ૧૯૪૩ને રોજ આ મહામાનવ ધરતી માના વહાલસોયા ખોળામાં ચિરશાંતિમાં પોઢી ગયા!

આ દુઃખદ સમાચાર આસપાસ તેમ જ આખા વિશ્વમાં પહોંચી ગયા. સૌને ભારે આઘાત લાગ્યો.

જેમનું કોઈ નિકટનું સગું ન હતું એવા આ અનાથને અંતિમ વિદાય આપવા લોકો ગામડે ગામડેથી, શહેરે શહેરેથી ઊમટી આવ્યા. કહ્યું છે ને — 'સબસે ઊંચી પ્રેમસગાઈ.'

આ બધાં પણ કાર્વરનાં સ્વજનસમાં જ હતાં ને!

ટસ્કેજી સંસ્થાના સ્થાપક બૂકર ટી. વૉશિંગ્ટનની બાજુમાં જ તેમના જીવનભરના સાથી ડૉ. કાર્વરને પણ દફનાવવામાં આવ્યા.

હજારો માણસોએ એમને અશ્રુભીની આંખે અંજલિ આપી.

આ સંન્યાસી સમા – સાધુ સમા – યોગી સમા – મહાત્મા સમા – સાચા વૈષ્ણવજન સમા – કરુણાની મૂર્તિ સમા જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરને કોટિ કોટિ વંદન હો!

● ● ●

## કાર્વરનો પ્રેરણાસ્રો
## ઈશ્વરશ્રદ્ધા

અલૌકિક બુદ્ધિની સર્વ
મુખી પ્રતિભા ધરાવ
હબસી વૈજ્ઞાનિક કાર્વ
કલા તથા વિજ્ઞાનની વિ
શાખાઓમાંની સિદ્ધિ
આશ્ચર્યજનક હતી. સ
પરિશ્રમ સહિતનું જિ
મન અને કુદરતી બ
દ્વારા કરેલાં સંશોધન
એ મહાન અગ્રણી વ
સ્પતિ વૈજ્ઞાનિક બ
ખેતીવિષયક રસાય
શાસ્ત્રનાં એનાં સંશોધનો
સમગ્ર માનવજાતે ફાય
ઉઠાવ્યો છે. એનાં ચિ
વિશ્વભરમાં પ્રશંસા પા
છે. જે રીતે એણે પોત
શારીરિક અને આ
મર્યાદા ઉપરવટ જઈ
મુશ્કેલીઓનો સામનો ક
અને હતાશાને ખં
નાંખી ધ્યેય હાંસલ ક
એ એક ઉત્સાહજનક કથ
છે. જ્યારે એને અમેરિ
કોંગ્રેસની સમિતિમાં પ
વામાં આવ્યું કે મગફળી
હજારો ઉપયોગો શો
કાઢવાનું જ્ઞાન એણે ક્યા
પ્રાપ્ત કર્યું ત્યારે એ
જવાબ આપ્યો કે '
પ્રેરણા મને બાઈબલમાં
મળી છે.' આવી હતી એ
અચળ ઈશ્વરશ્રદ્ધા.

## જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર

એ ગુલામીમાં જ જન્મ્યો હતો. અને ચાલતાં શીખ્યો તે પહેલાં તો એ અનાથ બન્યો. નાદુરસ્ત તબિયત, ભયંકર ગરીબાઈ અને હબસીઓ પ્રત્યેના ગોરાઓના પ્રખર દ્વેષભર્યા વાતાવરણ વચ્ચે એને મોટા થવાનું હતું. આમ છતાં ધરતીમાતાએ ભાગ્યે જ નિહાળેલા એવા અનોખા માનવપુત્ર તરીકે એ જીવી ગયો.

એનું જીવન એ એક મહામાનવી કથા છે કે જેણે પોતાનાં કીર્તિ કે ધનની એષણા પણ રાખી નથી. છતાં સમગ્ર વિશ્વ એનાં જ્ઞાન અને સખ્ય શોધતું એની સમીપ આવ્યું.

જબરજસ્ત સંઘર્ષનો સામનો કરતાં કરતાં એણે એની જ્ઞાનની પ્યાસ બુઝાવી. એ માત્ર વનસ્પતિનો વૈદ્ય કે વૈજ્ઞાનિક જ ન હતો, પરંતુ અનેકવિધ પ્રતિભા ધરાવનાર ઉત્તમ કલાકાર પણ હતો. ભવ્ય કારકિર્દિને તિલાંજલિ આપી ગુલામીમાંથી તાજેતરમાં જ મુક્ત બનેલા હબસી ભાઈ ભાડુંઓના ઉદ્ધાર અર્થેની એકમાત્ર કેળવણીની સંસ્થા ટસ્કેજીમાં જોડાયો અને મૃત્યુ પર્યન્ત ૪૭ વર્ષ સુધી ત્યાં જ રહ્યો. માત્ર વિજ્ઞાન શીખવવામાં કે તેનાં સંશોધનોમાં જ ઈતિકર્તવ્યતા ન અનુભવતાં પિયાનાવાદનના કાર્યક્રમો દ્વારા નાણું એકત્રિત કરી ટસ્કેજી સંસ્થાના ભીડભંજકનું કામ પણ કર્યું. પ્રારંભિક જીવનમાં સહેવી પડેલી વિટંબણાઓની સામે એણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ યુવાનોને ચિરકાળ માટે પ્રેરણાત્મક દૃષ્ટાન્ત બની રહેશે.

મુદ્રક : લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડ, ભાઈલાલ અમીન માર્ગ, વડોદરા-૩.